પ્રેમદીવી—પ્રાણદીવડો

બનામે યઝદાં

ફીરદોસી-શાહનામું

ગુજરાતી રંગીન બએતોમા.

(રચનાર)

રુસતમ નવશેરવાન માસ્તર

ઉર્ફે

" આદીલ. "

ય૦ ઝ૦ ૧૨૮૪.

ઈ૦ સ૦ ૧૯૧૫.

કીંમત રૂપીયો ૧।।.

દીબાચો.

ન તારીખે શાહાંને ઇરાન નવેશ્ત,
બે ગુઇ કે તારીખે ગયહાન નવેશ્ત.
હમીં નામે બોગુઝાસ્ત ગર યાદગાર,
હમીં યક બુઅદ બહેતર અઝ સદ હઝાર.

"ફીરદોસીએ ફકત ઇરાનના પાદશાહોની તવારીખજ લખી નથી પણ ગોયા આખી (કદીમ) દુન્યાની તવારીખ લખી છે, અને જો કે તે આ એકજ ગ્રંથ તેની યાદ દેવાડનારો મુંકી ગયો છે, તો પણ તે એક ગ્રંથ એક લાખ કેતાબો કરતાં વધુ બેહતર છે"

આ કેતાબના કર્તા મી. રૂસ્તમ નવશેરવાનજી માસ્તર ઉર્ફે કવિ "આદીલે" કોણ જાણે શા સબબથી શેવકને શાહાનામાની ગુજરાતી બએતબાઝીને લગતાં પોતાના પુસ્તકનો દીબાચો લખવાને ચુંટી કાહાડયો હશે તે સમજી શકાતુ નથી. હુ ઇચ્છું છું કે તેવણે શાહાનામાના કોઈ કામેલ અથંગ અભ્યાસીને એ માન આપ્યું હતે. પણ એટલું તો આપ—વડાઈ વગર કહી શકાશે કે આપણાં કદીમ નેઆગાનોના માહાન કીર્તીવંત પરાક્રમો અને તેમના ધરખમ ગુણો પ્રદશીત કરનારાં અમર કવિ ફીરદોસીનાં દાસતાનોના વખાણ કર-

વામા શેવક કોઈ પણ અભ્યાસીથી પછાત નથીજ. કદાચ તે જાણીનેજ કવિ 'આદીલે' શેવકને એ માન આપવાનું દુરસ્ત ધાર્યું હશે. જો તેવણે ઉઠાવેલાં હાલના આપણી કૌમને ઉપ યોગી થનારાં કામને આગળ ચલાવવાને માહારા એ બોલથી કંઈ પણ ફાયદો થતો હશે તો હુ ખુશી થઇશ.

કવિ 'આદીલ' કંઈ વાંચક વર્ગને તથા ખાસ કરી સંગીત અને કવિતાના શોખીનોને નવા યા અંજાણ્યા નથીજ, કારણ કે તેવણે "આદીલ"ના તખલ્લુસ હેઠલ કવિતા અને ગાય ણોનાં ઓછાંમા ઓછાં અરધી દજન પુસ્તકો અત્યાર આગમજના બાહાર પાડ્યાં છે અને તે પણ વળી ઉર્દુ જેવી એક પારસીને માટે કંઈકે બીકટ ઝબાનમાં પ્રગટ કીધાં છે. આથી ફાર્સીમા લખાયલાં દાસતાંનોને ગુજરાતી બએતબાઝીમા રજુ કરવાની તેમણી લાયકાત સમજી શકાશે.

કવિ 'આદીલે' હાલ એક ઘણુંજ બીકટ, મેહેનત, અને ખરચનો મોટો ભોગ લેનારૂ, પણ આપણી કૌમને ઉપયોગી, કામ માથે ઉથાવ્યું છે, માટે તે કામ પાર પાડ-વાને તેમને કૌમ તરફના બહુ બળવાન ટેકાની તથા ઉદાર મદદની મોટી જરૂર છે.

ફીરદોસી તુસીએ સાઠ હઝાર બએતો, યાને લગભગ સવા લાખ લીટીઓ, આપણા કદીમ નેઆગાનોની કીર્તીની લખવા પાછળ કમમા કમ ૩૦ વરસ રંજ ખેંચ્યો છે અને તેમ કરી તેણે મુગાં ઇરાનને ફરીથી ગોયા સજી-વન કરી વાચાવાળું બનાવ્યું છે, જે સચ્ચાઈ એ માહાન

શાએરની પોતાની જગને મોંઢે ચઢેલી અમર બએતોમા જલવઈ રહી છે.—

બસી રંજ બોર્દમ દર ઇન સા લ સી,
અજમ ઝીન્દે કર્દમ બદીન પારસી.

મજકુર લગભગ સવાલાખ લીટીઓને ગુજરાતી બએત બાઝીના લીબાસમા રજુ કરવું એ કંઈ ટુંક મુદતનુ અને થોડી રંજનુ કામ નથી. એ કામથી આજ સુધી ઘણાકોએ હારી ખાધું છે. ખુદ મરહુમ "મનસુખ" જેવા ઉમંગી, અથંગ અભ્યાસી અને કૉમના શીક્ષાગુરૂ પણ એ કીમતી કામ ઉપાડી લેવા પછી તે સંપુર્ણ પાર ઉતારી શકયા નહીં તે જોતાં કવિ 'આદીલ'ને ભારે ધીરજ ખંત અને સબુરીને પોતાની મદદે લેવાં પડશે. વળી તેમને કંઈ એકજ દફતર બાહાર પાડવાનુ નથી પણ હાલના જેવાં આસરે દોઢ દજન દફતરો એ માહાભારત કામ પુરૂ કરવા માટે પ્રગટ કરવાના છે, તે જોતાં એ કામ કેટલું બીકટ તથા ખર્ચાલુ છે તે વિષેનો તેવણે પુરતો વિચાર તો કીધો હશેજ, અને તેટલાં માટે આ પેહેલું દફતર બાહાર પડવા પછી કૉમ તરફથી કેટલો આસરો તથા ઉત્તેજન મેળવવાની આશા રાખી શકાશે તે તેવણ જાણી શકશે.

ફીરદોસીનુ શાહાનામુ કેવો ઉંચો દરજજો ભોગવે છે તે એક બીજા પ્રારસી શાએરની મથાલે ટાંકેલી બએતો ઉપરથી જણાઈ આવે છે. ખરેખર, શાહાનામામાં પ્રકત

ઇરાનના પાદશાહોનીજ તવારીખ લખી નથી પણ ગોયા તે વેળાની આખી દુની-યાંનીજ તવારીખ તેમાં સમાવી દીધી છે.

એવી એક માહાન કેતાબને ગુજરાતી બએતબાઝીમાં ઉતારી પ્રગટ કરવા માટે શેવકે જાહેર છાપાદ્વારે થોડાજ દીવસ ઉપર ભલાંમણ કીધી હતી. તે વેળાના માહારા જણાવેલા સખુનો હું હેઠલ ટાંકવા માટે ક્ષમા ચાહુ છું.— "કમનસીબે હજુર સુધી કોઇએ તમામ શાહાનામુ ગુજરાતી બએતબાઝીમા પ્રગટ કીધુંનથી. મરહુમ મી. 'મનસુખે' શાહાનામાના કેટલાક ચુંટી કાઢેલા જાણવાજોગ ભાગોને સરસ બએતબાઝીમા રચી તેના આસરે આંઠ નાના દફતર બાહાર પાડ્યાં છે, મગર તેમા શાહાનામાનો પાંચમો ભાગ પણ સમાયો ન હશે, વળી છુટી છુટી બએતબાઝી શમ્સ-ઊલ-ઑલમા ડૉ. જીવનજી જ. મોદીએ પોતાના દીલપઝીર શાહાનામાના દાસ્તાંનોમા આપી છે.

હવે ત્યારે તમામ શાહાનામુ કોઈ કાબેલ લખનારે ગુજરાતી સરળ બએતબાઝીમાં બાહાર પાડવાનો વખત આવ્યો છે. અલબત એ કામ ઘણીજ મેહેનતનું તથા બીકટ છે, વળી તેમા ખરચનો સવાલ પણ સમાયલો છે, જે મધ્યમ સ્થીતિના લાયક બએત રચનાર એખલાથી ઉપાડી શકાય નહીં, શાહાનામા જેવાં એક મહત્વના કામ માટે તો કોઈ સાહીત્યના સાચ્ચા મુરબીની જરૂર છે. હવે આપણો કોઇ ગુજરાતી શાઅર બાહાર પડે અને

તેને કોઈ લાયક મુરબ્બી મળી શકે એવું આપણે ઇચ્છીશું.–"

ઉપર ટાંકેલો ફકરો, જે તારીખ ૧૭ મી જુલાઈ ૧૯૧૫ના જામે જમશેદમાં છપાયલા મારા રીવ્યુમા આવ્યો હતો તે મધે જણાવવા મુંજબ કવિ આદીલને બલવાન ટેકો, તથા ધરખંમ ઉત્તેજન, આપી તેમની ઉલટને જાગૃત રાખવાનુ કામ આપણી કૌંમના હાથમાં છે તથા એમને કોઈ લાયક મુરબ્બી મળે એવી મારી અરજ છે.

હાલનુ તેમનુ પેહેલું દફતર જોતાં એટલુ તો જણાઈ આવે છે કે તેના કર્તાએ ફીરદોસીના શાહાનામાને એ માહા… શાએરના બનતાં સુધી ગુજરાતી વાંચકો મધે જાણીતા થયલા અને તેજ મતલબના તેજ ઢબછબના અને તેજ વઝનના ફારસી શબ્દોમા બએતરૂપે રજુ કરવાની ખાસ નેમ રાખી છે, વળી તે સાથે તેવણે અસલ લખાણનો જોશ પોતાની ગુજરાતી બએતોમા પણ રેહે તેની અચ્છી સંભાળ લીધી છે કે જેથી કરી બાહાદુરી અને નેકીનુ શીક્ષણ તેના જવાન વાંચકોને મળે અને તે ઉપરાંત તેઓ પોતાના નેઆગાનોના માહાન કામો વખાણી તેની નકલ કરવાને બાહાર પડે તથા તેમના જેવા કુવત અને બાજુબળ ધરાવનાર નિવડે કે જેથી કોંમ અને દેશને આઈન્દા લાભ થાય. ફીરદોસી કહેછે તેમ

હરાં કસ કે શાહાનામે ખાની કુનદ,
અગર ઝન બુઅદ પહેલવાની કુનદ.

એટલે કે—અગર કોઈ શાહ નામુ વાંચીને જોય,
કરે પહેલવાની જો ઔરતબી હોય.

હાલના જમાનાના નાજુક બાંધાના જવાન્યાઓને કુવત અને જોશ આપનારૂ શાહાનામા જેવું બીજુ કયું લખાણુ મળી શકશે ?

હાલનુ પેહેલુ દફતર કવિ આદીલે પાદશાહ ફરીદુનના રાજ્યની આખરી સુધી બએતબાઝીમા રચ્યું છે, જેની લગભગ સવા બેહઝાર બએતો થઈ છે.

શાહાનામાના દાસ્તાનો કંઇ કલપીન કાંહાણી કીસ્સાઓ નથી પણ તેમનો મોટો ભાગ ખુદ તવારીખી બનાવો રજુ કરે છે, તે હવે રોજ બ રોજ વધુ પુરાવાઓ મલતાં વધુ માન્ય થવા લાગ્યું છે, તો જો કે ફીરદોસીએ પોતે તો ભાર મુકીને જણાવ્યુ છે કે,

તો ઇનરા દોરોગો ફેસાનેહ મદાન,
એટલે કે—તુ એને જુઠુ અને કલપીત વાર્તા સમાન ગણુતાના.

આપણા પારસીઓના ધર્મ પુસ્તકો મધેના લખાણો તથા પાહાડો ઉપરના કોતરકામો તથા અસલી શહનશાહોની તવારીખ વીગેરે ઉપરથી હવે સીદ્ધ થયુ છે કે આપણા વડવાઓની તવારીખનુજ બેઆન ફીરદોસીએ તે વખત હાથ લાગેલાં સાંધનો ઉપરથી કીધું છે.

ખરેખર ફીરદોસી જેવા એક મોહમેદને આપણી

પારસી કોંમની કાંઈ જેવીતેવી શેવા બજાવી નથી. અને તે માટે આપણી કોમ એ શાઅરાન શાઅરનો જેટલો આભાર માને તેટલો ઓછોજ છે. એ આભાર પ્રદશીત કરવા માટે કંઈ ફીરદોસીની યાદગારી જાલવવાના બાવલાં ઉભાં કરવાના નથી, પણ એ માહાન શાઅરનો, તથા તેના દીલપઝીર દાસ્તાંનોનો અભ્યાસ પારસી છોકરાઓનેજ નહી પણ છોકરીઓનેબી, ચાહોતો અસલ ફારસીમા યા ગુજરાતી બએતબાઝીમા કરવાને જોગવઇઓ પુરી પાડવા માટે ફંડો ઉભાં કરી આવીઆવી કીમતી કીતાબોને તેના સાંધન તરીકે પેહેલાં રચાવવી જોઇયે છે.

છેક યુરોપ દેશ મધે ફ્રાંસના કેળવણી ખાતાંના "મૉનશ્યો મોહોલ" જેવા વિદ્વાનને પુર્વ તરફના અસલી ઇરાની શહનશાહતની ભુલાઈ ગયેલી કીર્તીને ફરી સજીવન કરનારા એક મોહમેદનના ગ્રંથને તેની અસલ ભાષા સાથ ફ્રેંચ તરજુમામા બોલે બોલ રજુ કરવા માટે જે ઉલટ અને ઉતેજન મળ્યું છે તેનો સામો ભાગ પણ શુ આજની આપણી પારસી કોંમ પોતાનાજ કદીમ નેઆગાનોની કીર્તીના લખાણોને આપવા માટે બાહાર નહીં પડે?

આપણા આજના જવાંનો માટે શાહાનામામાં કંઈ જેવા તેવા બોધો સમાયલા નથી. દાખલા તરીકે ઝોહાક અને ફરીદુન વચ્ચેની જે લડાઈ વર્ણવી છે તે કંઇજ નહી પણ અંગ્રમએન્યુસ અને સ્પેનતોમએન્યુસ વચ્ચેની લડાઇ,

જે આપણા મહઝબની કીતાબોમા વર્ણવી છે તેજ છે. તેને એહરેમનની અહુરમઝદ સાથની હરીફઈ કહો, કે અંધકાર અને રોશની વચ્ચેની જુમબેશ સમજો, યા જોર જુલમ અને જબરદસ્તી સાથ સચ્ચાઇની અને ઇન્સાફની લડત સમજો યાતો હાલની જરમનો અને તેમના ગોઠયાઓ સાથ બાહાદુર બ્રીટીશો અને તેમના મળતા વીખેકો (Allies) વચ્ચેની જંગ સમજો—એ સરવે સરખુજ છે. એવી જંગ પેશદાદીયાન ઝમાનાથી કહો, કે આ જહાનની શુરૂઆતથી કહો, તે સારાં અને માઠાં વચ્ચેની લડાઈ છે, ફીરદોસી કહે છે તેમ શેવટની ગણત્રીના દીવસ સુધી ફરીદુન અને ઝોહાક વચ્ચેની જંગ ચાલુ રેહેશે—

હમાના કે બાશદ બે રૂઝે શુમાર,
ફરીદુનો ઝોહાકરા કાર ઝાર.

ફીરદોસી હોમરની માફક લડાઇનો કવિ (War-poet) છે. લડાઇઓનુ તેનુ વર્ણન આજના જમાનામા સાંચાથી ચાલતી નાશકારક જંગ વેળા જે હેવાંન્યતણ્ અને ખુનરેજી બરપા કરે છે તેને માટે ધડો લેવા જોગ છે.

આપણા અસલ ઈરાનના પાદશાહો જે થઈ ગયા તે વિષે ફીરદોસીએ અચ્છી રીતે જણાવ્યું છે કે તેઓના મોંઢા ઉપર યઝદાંનુ નુર (ફરરે યઝદી) ઝલકતું હતું, બાલોમાંથી તાજનો સોહરમ આવતો હતો અને ચેહરા ઉપરથી શરાબે લાલમલાલ ટપકતો હતો.—

હુમી બુએ તાજ આયદ અઝ મુએ ઉઈ.
હુમી મએ ચકદ ગુઈ અઝ રૂએ ઉઈ.

અફસોસ ! કે તે આપણા નામવર પાદશાહોનુ રાજ રહ્યુ નહીં ! પૃથ્વીના પેહેલાં લોહી ઉપરથી ઉતરી આવેલા પારસીઓની આગલી હાલત સાથ આજના જમાનાની હાલત સરખાવા. શાહનામાના બએત બાઝીના વાંચણથી આપણને એવી રીતે એ સરખામણી કરવાને બની આવશે. માટે આ ગુજરાતી બએત બાઝીની શાહનામાની કીતાબને ઉતેજન આપવુ જોઈયે છે. આગળ મી૦ મનસુખને મરહુમ શેઠો બેરામજી જીજીભાઈ, કાવસજી જાહાંગીરજી (પાછળથી સર) ફરામજી નસરવાનજી પટેલ, દીનશાહ માણેકજી પીટીટ (પાછળથી સર) બેરામજી નસરવાનજી સીરવઈ, વગેરેએ આસરો આપ્યો હતો. મી૦ મનસુખે પોતાનુ પુસ્તક દસ ભાગમાં તૈયાર કરવા માગ્યું હતું અને તેનો પેહેલો ભાગ ૧૮૭૨ ના સાલના મે માસમાં નીકળ્યો હતો, તો પણ તેવણ એ કામ સંપુરણ પાર પાડી શકયા નહીં તે ઉપરથી એ કામ કેવી ખંત અને જેહમતનુ છે તે જણાઈ આવશે. ફીરદોસીના શાહાનામાનો તરજુમો ફ્રેંચ ભાષામા વિદવાંન મોહલ બત્રીસ વરશેબી પુરો કરી શકયો નહતો અને મી. મનસુખે પોતાની બએતબાઝીમાં ગુજરાતી શાહાનામુ દસ વરસની મુદતમા તૈયાર કરી આપવાની હીંમત બતાવી હતી. તે વેલા મી. મનસુખને શાહાનામાની

કોઈ પણ બાબદ છોડયા વગર તમામ હુકીકત સઘળી અને સદાબરી જણાવવાની સુચના જામેજમશેદના લખનારે કીધી હુતી તેજ હાલમા કવિ "આદીલે" ઉપાડી લીધી છે.

ખરેજ, કવિ 'આદીલે' ભારે અગત્યનુ અને મેહેનતનુ, ખર્ચાલુ તથા જોખમ ભર્યું, કામ માથે ઉઠાવ્યુ છે તેમા તેમને જેટલી મદદ અને ટેકો બાહારથી મળે તેટલો થોડો છે.

સેવટે મારે એટલુજ ઇચ્છવું છે કે કવિ "આદીલ" પોતાની ઉલટ અને કુશીશ જારી રાખે અને આ કોંમ અને સાહીત્યને લગતું બીકટ કામ જે તેવણે માથે ઉઠાવ્યુ છે તે પારઉતારે.

રૂસતમ બરજોરજી પેમાસ્તર

કર્તા તરફના બે બોલ.

માનવંત વાંચકોને જણાવાની રજા લઉ છુ કે આજ લગભગ ત્રણ વર્ષ થયાં મને મારા હમદીન મીત્રો તરફથી લાગ લાગત એવી અલતેમાસ ચાલુ થતી રહી હતી કે માહાન શાઅ્રાન શાઅ્ર ફીરદઓસી તુસીનુ ફારસી "શાહનામુ" કે જે ફારસી બએત બાઝીમા રચાયલુ છે તે શાહનામાનો તરજુમો તેજ બોલોમા, તેજ મતલબમા, અને તેજ ઢબછબમા આપણી પારસી ગુજરાતી ભાષાની બએતબાઝીમા બનાવીને બાહાર પાડો: અને વાંચનારી આલમ સનમુખ રજુ કરો કે જેથી કરીને આજકાલની આપણી ઉધરતી અવલાદ, કે જે આપણા બુલંદ ધર્મના પવિત્ર ફરમાનો સંબધી તેમજ આપણા માહાન કીર્તીવંત નેઆગાનોની ઝમકદાર કારકીરદી વિષે મંદ વિચાર અને ડામાડોળ બનતી જાય છે તે માટે તેવાં કોમળ ભેજાંઓ ઉપર એ માટેનો એવો તો ઊંડો છાપ બેસે કે, જેઓ પોતાના વડીલો અને માહાન નેઆગાનોના આલમને હયરત કરનારાં બુલંદ નામો અને માહાન કામો વિષે સદા મગરૂર અને મગરૂર બનતી રહી, તેઓને પગલે ચાલે અને પોતાની ઝીંદગીના વરતનમા તેઓનીજ મીસાલે બાહાદુર નરો બની, નેકી ભર્યા ખ્યાલો ધરાવી નામ ઉઠાવી, કોમને ઝેબ આપતા રહે.

જે ઉપરથી આય બીકટ અને મુશકીલ કામ મેં મારે માથે ઉઠાવ્યું છે કે જેમા મને વખતનો તેમજ પૈસાનો મોટો ભોગ આપવો પડયો છે મગર આશા રાખુચ કે વાંચનારી શોખીન તેમજ દીલસોઝ આલમ આય માહારાં અદના વૉલ્યુમને ઘટતી મદદ આપી, આવાં મુશકીલ કામને આસાન બનાવશે તથા ભવિષ્યમા બાકીના બીજાં માહારા નીકળનારાં વૉલ્યુમોને પણ એજ મુજબ પુરતો આસરો આપશે.

આજ કાલ લડાઈ જેવા બીકટ હુંગામમા છાપા સબંધી અનેક તરાંહની મોંઘવારી અને મુશકેલીઓ છતાં પણ દોઢ રૂપીયા જેવી નજીવી કીંમતમા આવું ખેંચાણકારક વૉલ્યુમ બાહાર પાડવું કેટલું મુશકીલ છે તે છાપાના અનુભવીઓને તથા વાંચનારી આલમને કોઇબી રીતે અંજાણ હશે નહીં છતાં આવી નજીવી જેવી કીંમત રાખવાનુ કારણ ફકત એજ કે, ગરીબમાં ગરીબ વર્ગને પણ ખરીદવાને બની આવે કે જેથી તેઓ વાંચીને તેના રચનારની કદરને પીછાણી શકે તથા ઘેરોઘેરમા આપણા માહાન નઆગાનો કે જેઓ તમામ હકૂત કીશવરની શાહનશાહત ભોગવી ગયા છે તથા મશરીકથી મગરીબ સુધી ધરતીને ધુંજાવી અંમર નામ કરી ગયા છે, તેઓના નામનો ડંકા સદાકાલ સુધી ગાજી વાજી રહે. આય વૉલ્યુમની શુરૂઆત "દર સેતાયશે પાક યઝદાન" વાલી ફીરદઓસી તુસીની પ્રથમ બએતોનો તર-

જુમો લઈ તે પછી કયુમર્સથી શુરૂ કરીને શાહનશાહ ફરીદુનના ગુઝરવા સુધીનું ૧ લું વૉલ્યુમ સમાપ્ત કીધું છે. તથા હવે પછીના નિકળનારાં માહારાં બાકીના વૉલ્યુમો સીલસીલા બંધ યાને ફરીદુન બાદ મીનો ચેહેરથી લઇ છેક યઝદેઝર્દ શહરીયાર સુધીના એકક પછી અંપુરણ બાહાર પડશે.

મજકુર માહારાં વૉલ્યુમ મધે ફીરદઓસીની ફારસી બએતો નહી મુકતાં ફકત તેનો તરજુમોજ લેવામા આવ્યો છે કારણ કે તેમ કરવા જતાં વૉલ્યુમનુ કદ દબલ થઈ જવાથી કીંમતમા પણ મોટો વધારો થવા પાંમતે જેથી ગરીબ વર્ગને ખરીદવા બની શકતે નહીં ને છતાં વળી ફીરદઓસીની ફારસી બએતો ગુજરાતી હરફે મેસર્સ કુતાર બીરાદરોએ પોતાનાશાહનામા મધે આમેઝ કીધી છે એટલે હમોએ હમારાં શાહનામા મધે તે ફરીથી આમેઝ કરવાનુ દુરૂસ્ત વિચાર્યું નથી,

ખાકસાર "આદીલ."

ઉપકારના બે બોલ.

(૧) આપણી પાક ઝરથોસ્તી દીનના સાચ્ચા ખએર ખ્વાહ કોમહીતકારી નેક નામવર ઑનરેબલ જસટીસ સર "દીનશાહ ધનજીભાઈ દાવર"ને આ માહારૂ અદના વૉલ્યુમ અર્પણ કરતાં મને જે બેહદ ખુશાલી તથા સંતોશ બરપા થયો છે તે માટે આ તકે હું એ માહાન અને વિરલા નરનો ખરાં અંતકરણ પુર્વક ઉપકાર માનુ છુ.

(૨) આ વૉલ્યુમ છાપવા માટે જે સવગાતા મને માહારા અંગત મીત્ર મી. દીનશાહ એદલજી કરકરીયાએ કરી આપી છે તે માટે પણ હુ એ ભાઈનો મોટો ઉપકાર માનુ છુ.

(૩) આ વૉલ્યુમનો દીબાચો લખવાનું જે માન મને માહારા સાચ્ચા હીતતેચ્છુ શેઠ રૂસતમજી બરજોરજી પેમાસતરે આપ્યું છે તે માટે હુ દીલોજાંનથી એવણ શેઠનો ઉપકાર માનુ છુ.

ખાકસાર રૂસતમજી નસરવાનજી માસતર,

ઊર્ફે

"આદીલ."

સાંકળ્યું.

શુદ્ધીપત્ર.

અતીશે ખંતથી પ્રુફો તપાસવા છતાં પણ છાપાના ભુતની ભુલના ભોગે નીચે મુજબની ભુલો નઝર ચુકથી રહી જવા પાંમી છે. જે મેહેરબાન વાંચકો ક્ષમા કરી તપાસીને વાચશોજી.

સફે	બએત	અશુદ્ધ	શુદ્ધ
૧	૭	નેક્ક	નેક
૨૭	૧૧	નાવર	નામવર
૮૩	૯	મલામ	મમાલ
૯૭	૬	હદ્દીયો	હદ્દીયો
૧૫૪	૯	બપાએ	બપાવાએ
૧૭૪	૭	ફૂળ	ધૂળ



ઑનરેબલ જસ્ટીસ સર દીનશાહ ધનજીભાઈ દાવર, નાઈટ.

અર્પણ પત્રિકા.

(બએત)

લઈ નામ રબનુ કરૂછુ બયાન,
સુનો ગ્રહસ્થો ને બાનુઓ મેહેરબાન.
દીને માઝદીયશની બુલંદ સર બ સર,
ખરી છે અશોઇ ભરી મોઅતેબર.
જેનો છે ખરો ગેતીમા ખએર ખ્વાહ,
સપુત ઑનરેબલ જે સર "દીનનો શાહ."
ધરી દાજ દીનની હીયામા ખરી,
કરી કાઁમ શેવા ઊમંગે ભરી.
કે એક નહીં અનેક વાર મઝહબી નાવ,
નો થઈ નાખુદા બહુ કીધો છે બચાવ.
શુ ભયભીત ખડ઼કોને ભયંકર વમળ,
થી જેણે બચાવ્યુ છે દીનનુ કમળ.
વધારી છે ઊંચ જેણે વડવાની વેળ,
થવા દીધુ નહીં પાણી કાદવમાં ભેળ.
શુરા એવા નરના શુરાતનને જોઇ,
ને બેઠો ગનામીનો બુદ્ધીને ખોઇ.
સદા આફરીન છે એવા નર ઉપર,
નિગેહબાન છે જેનો રબ દાદગર.

શુ અદના શુ આલા શુ રંકો ગરીબ,
છે સરવે કોઈ એકસાંન જેની કરીબ.

ધન જેના માતા પીતાને સદા,
કીધાં છે કરજ કુલ ફરજના અદા.

સદા શાદ દાવરને દાવર કરો,
સદા દુઃખ દાવરના દાવર હરો.

સદા રાખો દાવરને સર્વો પરી,
સદા રાખો દાવરની કુલ દાવરી.

ગુઝારૂચ હવે "દીનના શાહુ"ને અરજ,
અદા કરવા માહારી પોતાની ફરજ.

કે માહારાં આ દીલની ખરી લાગણી,
કરેચ માહારાં મન પર અસર જે ઘણી.

ને દીલ કહે છે મુજ મનને થા તુ બેદાર,
એવા માહાન નરનુ થવા તાબેદાર.

ને કર તાહારૂ પુસ્તક આ અદના તમામ,
એવા નરને અર્પણ કે રહે તાહારૂ નામ.

કરૂચ માટે અર્પણ બુલંદ માનથી,
તનો મનથી દીલથી જીગર જાનથી.

તે સ્વીકારી આભારી કરશો મને,
જેથી દીલ સદા શાદ માહારૂ બને.

અર્પણ પત્રિકા આં કરે છે ખતમ,
ને રોકે છે "આદીલ" આ અદના કલમ.

સેતાયશે પાક યઝદાન.

લેઉ જીવને બુદ્ધીના ખાવીંદનુ નામ,
વિચાર શક્તી છે સઉની જે પાસે ખામ.

ફલકનો ધણી નામોનો રાખનાર,
છે રેહનુમા ગેતીનો નેકી દેનાર.

આકાશ ફર્તું ને પૃથ્વિ પયદા કરનાર,
સુરજ શુક્ર ચંદ્રને નુર બખ્શનાર.

કુલ હુસ્તી ને નિસ્તીનો ખાવીંદ તે,
કે બંદા અનેક પણુ ખુદા એક છે.

તે ગેતી ફીરૂઝગરના શુક્ર હઝાર,
ધણી ધંધા હુનરનો શક્તિ દેનાર.

તેનેજ હાથ છે નેકી કરવાનુ કામ,
તેનેજ હાથ દુઃખના ઈલાજો તમામ.

તેનેથીજ મળે સુખ અને ગ઼મ પીછાણુ,
તેથીજ તાહારી આબાદી વીરાંની જાણુ.

ભલી ભુંડી શક્તિ બખશનાર છે,
સીધો રસ્તો જીવને દેખાડનાર છે.

નથી થામ તેનુ ન નામો નિશાન,
છતાં કર્તા આકાશી ગોહરનો માન.

નઝરથી તાહારી તેને શકશે ન જોઇ,
ના દે માટે આંખોને તુ રંજ કોઈ.

વિચાર શક્તિ પોંહચી ના શકશે તુ માન,
કારણ કોઈ નથી તેનુ નામો નિશાન.

વધે કદી આગળ સીફતનુ બયાન,
પણ પાંમશે મીનોઈ રાહ ન અકલકે જાન.

કારણ કોઇની સ્તુતિ કરશે અકલવર,
તો કરશે તેનીજ કે જો પડશે નઝર.

જો દેનારો રબ બુદ્ધી જીવનો છે એમ,
તો જાહીલના આવે તે ખ્યાલોમા કેમ.

છે કોણ પર્દા પાછળ તે મળશે ના રાહ,
હૈયાત રબને ધારવા છે નડતર કોતાહ.

ખુદાની તુ હસ્તી પીછાણે અગર,
તો મળવા કે જોવા ન કરતો ફીકર.

જેવો તે છે તેવુ કોઈ કરશે ન બ્યાન,
તો બંદગીમા રેહવુ ઘટેચ બેગુમાન.

ન જીવથી ઝબાંથી ન બુદ્ધીથી જોઈ,
ન શકશે વખાણી પુરો તેને કોઈ.

તેની હસ્તીનો કર તુ એકરાર મન,
ઘટેચ છોડી દેવા તુને બદ સુખન.

તેનો થઈ પરસ્તાર લે નેક રાહ,
તેના ફર્માનો પર ખરી કર નેગાહ.

અકલમંદ આરફ બુદ્ધીબળથી બળવાન,
ધરાવે છે જીવને મીઆલે જવાન.

ઇરાન દેશના પાદશાહોના પેહેલા પાદશાહ કયુમર્સનું તખ્ત ઉપર બેસવું અને એહરેમન દેવે તેની અદેખાઇ કરવી.

(બેએત)

હવે શાહનામુ શુરૂ હુ કરૂ,
અને કામ પાછળ હુ તેના ફરૂ.
તવારીખનો લખનાર કહે છે કલામ,
અવલ કોણે શોધ્યું બુઝર્ગીનુ નામ?
પ્રથમ સર ઉપર કોણેધર્યું છે તાજ?
નથી યાદ કરતું ઝમાનાથી આજ!
મગર બાપનું કહેલું બેટો તમામ,
તુને યાદ રાખીને કેહશે મુદામ.
કે કોણ લાવ્યું અવ્વલ બુઝર્ગીનુ નામ,
ને કોણ મર્તબાનો વધુ નેકનામ.
કે નામુ જે બાસતાનનુ લખનાર છે,
જેણે નામા શાહોના લખ્યાં છે તે.
એવી રીતે કહે છે કે તાજ અને તખ્ત,
કયુમર્સથી છે શુરૂ નેક બખ્ત.
આવ્યો મેષ રાસીમા ખુરશીદ મુદામ,
ને થઇ હબહબા ભરી ગેતી તમામ.

પ્રકાશીત થયો મેઘમાં આફતાબ,
કે થઇ નવજવાં જેથી આલમ શીતાબ.
થયો શાહ કયુમર્સ જગનો તમામ,
પ્રથમ જેણે પાહાડોમા કીધો મુકામ. ૧
શુરૂઆત કોહમાથી થઈ બખ્તની,
તેના રાજની તાજની તખ્તની.
તેણે અને તેના ટોળાંએ તમામ,
પોશાક પેહર્યો તન ઉપર વાઘોનુ ચામ.
શુરૂ પર્વરીશ થઇ જેનાથી મુદામ,
ખુરાક અને વસ્ત્રો છે જેથી તમામ.
કીધું રાજ જગમા જેણે ત્રીસ સાલ,
બીરાજ્યો છે તખ્ત ઉપર ખુર્શીદ મીસાલ.
ઝલક દેતો શેહનશાહી તખ્ત ઉપર,
ઝલક દે છે જેમ ચંદ્રમા સર્વ પર.
પશુ અને પંખીઓ જગના તમામ,
જેની નઝદીક આવીને લેતાં આરામ.
તેના દબદબા ને બુલંદ બખ્તથી,
રગડતાં તે હયવાનો સર તખ્તથી.
ઇન્સાંનો શીખ્યાં છે ત્યારથી ચલન,
શહનશાહાને પોતાના કરવા નમન.
હતો બેટો એક ખુબસુરત બે મીસાલ,
હુનરમંદ નામી પીદરની મીસાલ.

મુબારક સીયાંમક હતું જેનુ નામ,
કયુમર્સને જેથી મળતો આરામ. ૨

તેના દીદથી રેહતો જગમા ખુશાલ,
હતી કેમજે તે નેક ફળવંતી ડાલ.

તેના જીવને માયાથી રડતો હતો,
જુદાઈની દહેશતથી જલ્યો જતો.

એ દુન્યાંની છે એવી રાહો રસમ,
પીદરને છે ફરઝંદથી તાકતને દમ.

એ કામ ઉપર કેટલીએક મુંદતો ગઈ,
અને શાહાની દવલત પ્રકાશીત થઈ.

ન ગેતીમા કોઈ તેનો દુશમન હતો,
સીવા છુપ્યો રીમન એહરેમન હતો.

અદેખાઈથી થોલ્યો તે મુઝી શયતાન,
કે લડવાને લાયકનો થાય તે જવાન.

ગુસ્સા ભર્યા વરૂ મીસાલે પીસર,
હતો તેનો જંગી સેપાહો ઊપર.

કીધું ભારી લશકર એક તેણે તૈયાર,
લેવા તખ્ત ક્યાંનીનુ કીધો વિચાર.

શાહા અને સ્યામકના બખ્તે મુદામ,
તે દેવ પાસે ગેતી સીયાહ થઈ તમામ.

ભેદ દીલનો સઉને જણાવી તમામ,
અવાઝ ભરી આલમ બનાવી તમામ. ૩

પોતા સીવા તખ્તનો વાલી દીગર,
હતો એમ કયુમર્સને શું ખબર.
સરોશ ઈઝદ આવ્યો પરી વેશે ખાસ,
તે વાઘોના ચર્મોને પેહડનારા પાસ.
ભેદ ભર્યા બોલ્યો તે એવા સુખન,
શું કરશે તુજ બેટાની સંગ એહરેમન.

સીઆમકનું દેવની લડાઇમા જવું અને તેનુ માર્યા જવું

પલીદ દેવની તે વાતો ઝાહેર થઈ,
ને પોંહચી તે સેઆમકના કાનોમા જઈ.
તો દીલ આવ્યું શાહઝાદાનું જોશમા,
કીધી ફ્ઓજ ભેગી આવી હોશમા.
ન બખતરની જંગમા હતી કોઈ રસમ,
પેહડયું જેથી વાઘોનું ભારી ચરમ.
મુકાબીલ ગયો દેવની તે દીલેર,
ને બેહુ લશકર સામા થયાં જોશભેર.
સેઆમક ગયો ખુલ્લાં તનથી મેદાન,
વળગ્યો એહરીમનને તે નવજવાન.
સીયાહ દેવે શાહનુ સરવ કદ લીધુ,
ચુંગાળ એક મારીને વાંકુ કીધુ.

નાખ્યું ખાકમા તે શહેઝાદાનુ સર,
ને ચુંગાળ એક મારીને ચીર્યું જીગર. ૪

સેબ્બામક થયો દેવને હાત ઠાર,
રહયો કોઈ ન લશકરનો સીપેહસાલાર.

જાણ્યો શાહે બેટાના મોતનો પયગ઼ામ,
સીયાહ તે પર થઇ ગ઼મથી ગેતી તુમામ.

ગોશ્ત કરદી બાઝુનુ પીખતો બદન,
નિચે તખ્તથી આવ્યો કરતો રૂદન.

ખુન ભર્યા બેહુ ગાલો દીલ સોગવાર,
શોકાતુર પોતા પર કીધો રોઝગાર.

ઉઠયો ફૂઓજમાથી ગ઼મીનો પુકાર,
કે સફ ખેંચી બાદશાહના દર પર તે વાર.

સોગ ભર્યું લશકર થયું સર બ સર,
બુજાતું થયું ગ઼મના આતશ ઊપર.

ફીરોઝા કીધાં વસ્ત્ર ને મોંઢાં લાલ,
કીધી આંખોને લોહીના વાદળ મીસાલ.

દરીન્દાં ચરીન્દાં પરીન્દાં તમામ,
કે જઈ રડતાં પાહાડોમા કીધો મુક઼ામ.

ગ઼મો રંન્જથી શાહની દરગાહની પાસ,
ઉડ઼ાવાને લાગાં તેઓ ખાક ખાસ.

વરસ એક રહ્યાં સોગમા તે તમામ,
પછી આવ્યો યઝદાંથી એવો પેગ઼ામ. ૫

દોઆ લાવ્યો તે પર મુબારક સરોશ,
કહ્યું ગમ ન કરતો ઝરા ધરજે હોશ.

હુકમ મુજબ માહરા તું લશકર જમાવ,
અને તેમને કચ્ચડી કતલ તુ ચલાવ.

ઝમીન ખાલી કર દેવો બદકારથી,
ને દીલ સાફ કર કીનાના ભારથી.

એ સમજી ફલક તક કરી સર બુલંદ,
દીએ શ્રાપ દુશમનને શાહ અકલમંદ.

શાહી મર્તબાથી લઈ યઝદાંનુ નામ,
દીધાં સુકવી આંખોના આંસુ તમામ.

કીનો લેવા સેયામકનો પોતે શીતાબ,
તજી દીધું ખાવું તજી દીધો ખ્વાબ.

હોશંગ અને કયુમર્સનું દેવની લડાઇમા જવું અને દેવનું માર્યા જવું અને કયુમર્સનુ મરણ પામવું

સીઆમકનો બેટો હતો દીલ પઝીર,
અપાવાની નઝદીક હતો જે વઝીર.

બુલંદ જેની બુન્યાદ હોશંગ નામ,
હતું ગોયા દાનઇનુ ગોહર તમામ.

શાહ નઝદીક તે બાપની યાદ હતી,
જેની પર્વરીશ બપાવાથી થતી.
શાહ તેને ગણુતો પોતાનો પીસર,
ન કરતો નીગાહ તે સીવા કોઈ પર. ૬
કીધો જ્યારે શાહે કીનાનો વિચાર,
તો હોશંગને પાસે બોલાવ્યો તે વાર.
હતુ જે કેહવાનુ તે સઉ કહી દીધું,
છુપા ભેદનુ બ્યાંન ઝાહેર કીધું.
કે લશકર જમાવાનો રાખુચ વિચાર,
ઉઠાવાને ચાહુચ કીનાનો પુકાર.
તુને બનવું જોઇએ છે સીપેહસાલાર,
કારણ થઈ છે ઝઇફીતો મુંજ પર સવાર.
પછી વાઘ પર્યાં વરૂ ને બબર,
નું લશકર જમાવી દીધું બેખતર
ચરીન્દાં પરીન્દાં દરીન્દાં તેવાર,
હતાં શાહે આલમના ફર્માબરદાર.
પરીને પરીનદાંના લશકર ઉપર,
કીના ભર્યો અફસર થયો નામવર.
કે પીઠ પાછળ લશકરની શાહ નામદાર,
હરોલમા હુશંગ હતો સીપેહસાલાર.
સીયાહ દેવ દહેશતથી આવ્યો ઝબર,
ઊડાવા લાગો ખાક આસ્માન પર.

દરીન્દાંની જોઈ ફ્ઓાજ જંગી વિક્રાલ,
ને થઈ સુસ્ત ભારી તે દેવની ચુંગાલ. ૭

બેહુ લશકર એકકમા શામીલ થયું,
કે બળ જેથી દેવોનુ તુટી ગયું.

સિંહ માફક હોશંગે મારી ચુંગાલ,
પલકમા કીધો તે પલીદનો નિકાલ.

બાંધ્યોં તેને બંધમા તેણે ઊસ્તવાર,
પછી નાખી ઊંધો કીધો તેને ખ્વાર.

કે ખેંચી તે મુઝીની સરતાપા ખાલ,
ને સર તેનુ કાપીને કીધો નિકાલ.

પગ નિચે કચડી કીધો પાયમાલ,
ચીરી નાખી ભારી તેના તનની ખાલ.

ઉમીદ પાર કીનો લેવાની પડી,
પુરી થઇ કયુમર્સનીબી ઘડી.

ગયો ગેતીનો વારસો આપી. ખાસ,
તું જો કોણુને ઈઝઝત છે આલમની પાસ.

આ દુન્યાં લે કીસ્સાના જેવી તું જોઈ,
કે નેક અને બદ નથી કોઇ ઉપર કોઈ.

ઠગારી આ દુન્યાંમા ચાલ્યો તે નેક,
મેળવ્યો તોબી તેણે ફાયદો ન એક.

હોશંગની બાદશાહી ચાળીસ વર્ષ હતી અને તેનુ તખ્ત પર બેસવુ અને તેનુ ખાણમાથી લોખંડ શોધી કાહાડવું તથા "જશ્ને સદહ" નું બરપા કરવું.

હુશંગ લાગો કરવાને ઇન્સાફી રાજ,
કે સર ઉપર મુકી બપાવાનુ તાજ. ૮
પુર હોશ ને ઇન્સાફી દીલથી સરસ,
રહયો ફરતો આસ્માન ચાળીસ વરસ.
બુલંદ જગ્યા ઉપર જેવો બેઠો તે,
શાહી તખ્ત પરથી બોલ્યો એમ કે.
તમામ હફ્તે કીશવરનો શેહરીયાર છું,
ફતેહમંદ હુકમનો હું કરનાર છું.
ફીરોઝગર તે રબના હુકમથી કંમર,.
કીધી તંગ બક્ષેસો ઇન્સાફ પર.
કીધી તેણે તે બાદ ગેતી આબાદ,
સપાટી કીધી ગેતીની પુર દાદ.
કે દાનાઇથી હાથ આવ્યું કીંમતી ગોહર,
જુદુ કીધું પત્થરથી લોખંડ ઝબર.

લોખંડ કીધું ગોથા કે પાણીની ધાર,
સખત પત્થરોમાથી કાઢીને બાહાર.

લુહારોનો ચાલુ કીધો એક હુંનર,
બનાવી છે કરવત ને તેગો તબર.

કીધી યોજના તે પછી બે હીસાબ,
નદીઓનુ જંગલમા લાવ્યો તે આબ.

શુ પાણીની નેહરો બનાવી લીધી,
ખેડુતોની મેહનતને કમતી કીધી. ૯

ઢોરોને ચરવું ને ખેતીને આબ,
વધારો કીધો છે જેમા બે હીસાબ.

કરવા લાગા સઉ જણાં રોટી તૈયાર,
પીછાણવાને લાગા મતા તરેહવાર.

એવાં કામો પેહલાં તો મેવા વગર,
ખોરાક કોઈ તરેહનો હતો ના દીગર.

હતાં નહીં સવલ કામો ઈન્સાનના,
કારણ વસ્ત્રો જેમણા હતાં પાનના.

હતી તે અગઉ પાક રબની સેપાસ,
હતો એજ મઝહબ બપાવાનો ખાસ.

શુ આતશની પત્થરથી ઉતપંતી થઈ,
જેથી રૈશની ગેતીમા થઈ ગઈ.

તેઓને તુ કેહતોના આતશ પરસ્ત,
પણુ યઝદાં પરસ્તો હતા તેઓ મસ્ત.

અરબ રાખેચ સીજદામા સંગી મેહરાબ,
તેમ રાખેછે આતશને તેઓ શીતાબ.
ગયો એક દીવસ સમજો હુશંગ ખાસ,
કે લઈ કંઈક માણુસોને કોહની પાસ.
અજબ આવી એક ચીઝ દોડતી નઝર,
સીયાહ રંગ અને સીયાહ તનની ઝબર.
બેઆંખ સર ઉપર ખુનના દર્યા મીસાલ,
હતી મુખની દુરગંધે ગેતી બેહાલ.
નિગાહ કરી અક્કલને દાંનઇની સાથ,
ગયો સામો લડવા ધરી સંગ હાથ.
ફેંકયો કયાંની બળથી તે સંગ ઝોરદાર,
છટકયો તે અઝદાહ જહાં બાળનાર.
અથડયો એક મોટાથી નાનો પત્થર,
થયો નાના પત્થરનો ચુરો ઝબર.
બે પત્થરથી એક શોલો નિકળી ગયો,
ને કુલ પત્થર નુરી જેનાથી થયો.
મુઓ નહીં તે અઝદાહ પણ સંગની તેવાર,
આતશ છુપી ખાસ્યતોથી આવ્યો બાહાર.
ત્યારથી કોઈ લોઢાંને પત્થર ઉપર,
અફાડતો કે આતશ નિકળતો ઝબર.
કીધી બાદશાહે ખુદાની સેપાસ,
બજા લાવ્યો લાખો શુકર તેના ખાસ:

આ રોશનીનો હૃદયો બખશીયો તમામ,
કે કીબ્લો ત્યાં આતશનો કીધો મુદામ.
કહ્યું સઉને એ નુર રબનું છે ખાસ,
અકલમંદ હોય તો તુ કરજે સેપાસ. ૧૧
આતશ રાતે સલગાવ્યો કોહની મીસાલ,
રૈયત સાથે શાહ ઉભો સામો ખુશાલ.
તે રાતે જશન કરી પીધો શરાબ,
" સદેહ " નામ આપ્યું જશનનુ શીતાબ.
હોશંગથી " સદેહ " રહી ગયું યાદગાર,
અનેક હોજો જગમા એવા શેહરીયાર.
આબાદી ફેલાવી કીધી ગેતી શાદ,
કરેચ જેને આલમ આ નેકીથી યાદ.
શાહી દબદબા ને ઇઝદી દમામ.
થી ગોર્ખરને વિફાળ સાબર તમામ.
જુદાં કીધાં ગાય ઢોરો ગોસ્પંદો ખર,
નફાકારક ઉપ્યોગે લાવ્યો તે નર.
કહ્યું હોશંગે કરી દાનઈથી કયાસ,
અલગ અલગ તેમણી જોડી રાખો ખાસ.
કામમા લઈ આપ લે મા રાખો સદા,
ને કર જેથી કરજો પોતાનો અદા.
જે બેહતર રૂવાંના દરીન્દાં તમામ,
હતાં તેને કાપી લીધું તેનુ ચામ.

શુ મંજાબ "કાકુમ" ને કોહલું નરમ,
"સમુર" ચોથુ છે જેના બાલો ગરમ. ૧૨

એવી રીતે લઈ ચામ હયવાનના,
બદન ઘાંકયાં છે જેણે ઈન્સાનના.

ખવાર્યુ ને ખાધું નવાઝેશ કીધી,
ગુઝર પાંમ્યો નેકનામી સાથે લીધી.

ખુશી રાગ રંગો સખાવતને નાઝ,
મા ચાળીસ વરસ તે રહ્યો સરફરાઝ.

તે અરસામા યુક્તિને બોહલા વિચાર,
તેણે વાપડી રન્જોને ખેંચી અપાર.

આશાયશનો આવ્યો જો પાસે વખત,
બુઝોર્ગી ભર્યું ખાલી પડયું તખત.

ઝમાનાએં દીધી ના પલની બી ઢીલ,
ગયો ચાલી શેહેનશાહ તે હુશંગ અદીલ.

ન માયાથી દુન્યાં રેહશે તાહારી સંગ,
દેખાડશે ન ઝાહીરમા પોતાનો રંગ.

દેવબંદ તેહમુરસની ત્રીસ વર્ષ બાદશાહી હતી તેહમુરસનું તખ્ત પર બેસવું અને કાંતવાની અને જાનવર તાબે કરવાની રીત તેણે જાહેર કરવી.

હતો તેનો એક બેટો દાના બુલંદ,
જેનુ નામ તેહમુરસે દેવ બંદ.

આવી બેઠો જે બાપના તખ્ત પર,
શાહી બંદ બાંધ્યો કંમરની ઊપર.

બોલાવ્યા તેણે દાના લશ્કરના કુલ,
સુખન કહ્યાં નર્મીથી કિંમતી અંમુલ. ૧૩

કહ્યું તેણે કોલાહ અને ગુર્જ આજ,
મને ઝેબ આપે છે તખત અને તાજ.

અકલથી બદી જગની ધોવશ હુ ખાસ,
ભરસ મીજલસો તખતની આસપાસ.

કરશ હર જગે દેવોના હાથ હવા,
કારણ ચાહુ હુ જગનો સાહેબ થવા.

જે છે ફાયદામંદ ચીઝ જગમા સરસ,
તેનો ભેદ ખોલી હુ ઝાહેર કરસ.

કાપી મેંઢાં બકરાંના ઉન અને બાલ,
શુરૂ કામ કાતવાનુ કર્યું ખુશાલ.

પોશાક જેથી પેહરવાનો તૈયાર થનો,
બીછાનુ બનાવવુ શીખવનાર હતો.

નેંક ચાલ દોડતાં જનાવર જે ખાસ.
ખુરાક તેનો કર્યો લીલોતરીને ઘાસ.

તપાસ્યાં જનાવર જે ફાડી ખાનાર.
ચુંટ્યાં જેમાથી ચિત્તા લોંકડી અપાર.
પાહાડ અને જંગલથી તદબીર કરી,
ને લાવ્યો તે ટોળાંને બંદમા ધરી.

હતાં પક્ષીઓમા જેઓ નેંક સાઝ,
કે બાઝ અને સકરાઓ ગર્દનફરાઝ. ૧૪

શીખવ્યું તેઓને પકડતાં શીકાર,
થયાં ગેતીના લોક અજબ બે શુમાર.

હુકમ કીધો માયાથી વર્તે તમામ,
નરમ સાદે બોલાવે તેમણે મુદામ.
થયો ફારેગ એથી તો મુર્ગાઓ ચાર,
જે મારેચ બડી બાંમદાદે પુકાર.

ને લાવી દીધા લોકોની જાણમા,
હતા નહીં જે કોઇની બી પયછાણમા.

નિરઊપયોગી જે જે જણાતાં મુદામ.
તે ઉપયોગી થઈ પડ્યાં આજે તમામ.

કહ્યું તેણે એ માટે રબની સેપાસ,
કરો જગના રચનારાની સર્વે ન્યાસ.

દરીન્દાં પર સરસાઈ અપાવી તેણે,
કરો ન્યાસ નેક રાહ બતાવી જેણે.

વઝીર એક અકલમંદ હતો તેનો નેક,
અકલ દુર હતી કામો બદથી દરેક.

મશહુર જગ જગે જેનુ "શીદસ્પ" નામ.
શીવા નેકી ભરતો કદમ નહીં મુદામ.

દીવસના તે બંધ કરતો ખાવાથી મુખ,
ઉભો રેહતો રાતે તે યઝદાં મનમુખ,

હતો સઉના દીલનો તે દીલખ્વાહ ખાસ.
નિયંમ જેનો રાત અને દાહડો એપાસ.

શાહાના શીતારાની દવલત સમાન.
હતો બંદમા જેથી દુશમનનો જાન,

દેખાડતો તે બાદશાહને નેકીની રાહ,
ને રાસ્તીથી રાખતો તે દરજાની ચાહ.

દુર એ રીતે શાહ બદીથી ગયો,
ખુદાઈ દબદબો જેથી નુરી થયો.

વઝીર જેનો હોય એ રીતે બુદ્ધીવાન,
તો બાદશાહબી તેનો હુનરમંદ માન.

નિરંગથી એહરેમન ને બાંધ્યો ખુશાલ,
સવારી કીધી તેઝી ઘોડા બીસાલ.

વખતો વખત બાંધી જીન તે ઉપર,
ચો પાસે ફેરવતો આં ગેતીની નર.

જો કામ એવું તે દેવોએ જોઈ લીધું,
તો સર તેના હોકમથી ફેરવી દીધું.

મળી ત્યારે સઉ દેવોની અનજુમન,
કે રહે તાજ સોનેરી ખાલી તદન.

તેહમુરસનું દેવોને બંધ કરવું અને તેનું મરણ પામવું.

તે કામોથી વાકેફ થયો તેહમુરસ,
તો તોડયો બંદોબસ્ત તેઓનો બસ. ૧૬

બાંધી ચઝ્તી દબદબાથી કંમર,
ગુરઝ ભારી ધર્યો ગર્દનની ઉપર.

મળી સાથ સરવે રીમન દેવો નર,
થયા સામા લઈ લશકરો જાદુગર.

સીયાહ દેવ હતો જેનો સીપેહસાલાર,
ફલક તક ઉઠાવતો હતો જે પુકાર.

હવા ને ઝમીનબી સીયાહ થઈ ગઈ,
તે ધુળ અંદર આંખોબી હયરાંન થઈ.

દોઆ સાથનો તેહમુરસ નામવર,
થયો સામો બાંધી કીનાની કંમર.

કે એક બાઝુ આતશ ધુંવાનો પુકાર,
ને એક બાંઝુ શેહનશાહના જંગી સવાર.

કીધી જંગ શુરૂ દેવોથી દમ બ દમ,
જે જંગને થયો કંઈ ન લાંબો વિલમ.
બે ભાગોને તદબીરે બાંધ્યા ફરી,
કુટી નાખ્યા બીજાને ગુર્ઝે કરી.
અને ઝખમીઓને તે ખ્વારીથી પાસ,
જો ખેંચ્યા તો માગ્યું જીવતદાન ખાસ.
ન માર હમને શીખસે હમોથી હુંનર,
જે કામ આવશે તુને ઝરૂર નામવર. ૧૭
જીવતદાન શાહે બખશ્યું મુદામ,
કે ઝાહેર કરે છુપ્યો હુંનર તમામ.
જેવારે કે બંદમાથી છુટા થયા,
શરણ નાચારીએ તેઓ થઇ ગયા.
શેહનશાહને લખવાનું શીખવી દીધું,
તેના દીલને અક્કલથી રોશન કીધું.
એક નહીં પણ ત્રીસ લીપી દેખડાવ્યાં નામ,
શુ ફાર્સી શુ રૂમી શુ અર્બી તમામ.
શુ હીંદી શુ ચીની શુ પહલવી ઝબાન,
તુ જાણે છે તેમ શીખવી છે બેગુમાન.
તે ત્રીસ આલમા શેહનશાહે ઝબર,
કીધા ઝાહેર એથીબી ઝેયાદા હુંનર.
વખત થયો પુરોને પામ્યો ગુઝર,
મેહનત તેની કાયમ રહી સર બ સર.

અય ગેતી તુ મારવાને ચાહે અગર,
તો કોઇનુબી પાલન તુ હર્ગીઝ ન કર.
ચહડાવી બુલંદ આસમાને તુ એક,
તેને ખાક ઊંડીમા નાખે છે છેક.
તે વચ્ચેથી પાંમ્યો શેહનશાહ ગુઝર,
જગે બાપની બન્યો નામી પીસર. ૧૮

જમશેદે સાતસો વરસ બાદશાહી કરવી અને તેનું તખ્ત ઊપર બેસવું અને લડાઇના હથીઆરો ઝાહેર કરવાં અને બીજા કેટલાક હુંનરોનું માણસોને શીખવવું.

તેના બેટા જમશીદે બાંધી કંમર,
શીખામણથી ભર્યું કીધું દીલ ઝબર.
આવી બેઠો તે બાપના તખ્ત પર,
મુકયું તાજ શાહી રેવાઝોથી સર.
કંમર શાહી મર્તબે બાંધી જે વાર,
બની સારી આલમ તેની તાબેદાર.
મધન તેના ઇન્સાફે સઊ થઈ ગયાં,
પરી દેવો પક્ષીઓ તાબે થયાં.

ને ગેતીનુ કામ ઇજ્ઝત ભર્યું થયું,
શાહી તખ્ત જેનાથી ઝલકી રહ્યું.

કહ્યું તેને છે મુજમા યઝદાંનુ નુર,
હુ શહનશાહ છું ને એક મુબેદ ઝરૂર.

મુબારક સરોશ આવ્યો તે વેળા પાસ,
કહ્યું કેમ બેઠો છે તુ ચુપ ખાસ.

લે સનગારી આ દીને યઝદાં તુ પાક,
કરી દે રસમ કુલ્લે દેવોની ખાક.

ને બાંધી લે કુશતી કંમરની ઉપર,
ન દેવોથી પોહચે તુને કંઈ ખતર.

જેણે બાંધી કુશતી કંમર પર મુદામ;
ગુન્હાથી છુટી બન્યાં બેહસ્તી તમામ. ૧૯

તે કુશતી છે પયગમબરીની નિશાન,
હુ બેહસ્તમાથી લાવ્યોચ સરોશ શાદમાન.

કુશતી રાખ્યું છે જેનુ સઉ કોઇએ નામ,
બાંધી બેઠો જમશેદ અને ખાસો આમ.

ને બોલ્યો તે નેક બખત શાહ પોતે એમ,
કે બર આવી જેનેથી કુલ માહારી નેમ.

બદીથી ટુંકા હાથ બદના કરશ,
ને આત્માને રોશની તરફ હુ ધરશ.

કીધાં અવલ હથીયારો જંગના તૈયાર,
દીધાં જંગીઓને થવા આશકાર.

શાહી તઓરથી કીધું લોહું નરમ,
કોહલાઓ ને બંખતર કીધાં દમ બ દમ.

ઘોડાઓની પાખર લોખંડી પોશાક,
રોશન જીવે ઝાહેરમા લાવ્યો ચાલાક.

એ કામમા પચાસ સાલ ખેંચીને રંજ,
તૈયાર કીધો હથીયારોનો ભારી ગંજ.

કે મીજલસ ને વસ્ત્ર લડાઈઓના ખાસ,
બનાવવા બીજાં સાલ કાઢ્યાં પચાસ.

કસબ કીંમતી કમ્ખાબ સણુ ને રેશમ,
જનાવરના બાલો બનાવ્યા નરમ.

તાણામા વાણો લઈ વણવાને સેહેલ,
કાંટવા ને વળ દેવા કાહાડી છે પેહેલ.

વણઈ રહ્યું જ્યારે તો ધોવાનુ કામ,
ને સીવવાનુ શીખ્યાં સઉ તેથી તમામ.

તો એ બાદ કીધું બીજું કાંઈ યાદ,
ઝમાનો ને પોતે થયા શાદ શાદ.

કીધો વર્ગ ધંધાદારીઓનો ખાસ,
ને કાઢ્યાં તે પાછળ બી વરસો પચાસ.

બીજો વર્ગ મુબેદ પહરેઝગારનો,
જે ઓળખાએચ પરસ્તેશ કરનારનો.

કીધા સર્વે ટોળાંથી ન્યારા તે નર,
દીધી જગ્યા તેઓને પાહાડો ઉપર.

કારણ કે એબાદત છે તેઓનુ કામ,
જહાંદાર નુરીને નમવા મુદામ.

બીજા હાત ઉપર ફ્ઓજ કીધી તમામ,
રથેસ્તાર આપ્યું છે જેઓનુ નામ.

કે શેર મરદો છે જંગી જે નામદાર,
જે ફ્ઓજ અને દેશને ઝલકના દેનાર.

કે છે તખ્ત શાહી જેઓથી તમામ,
તેઓથીજ રોશન છે મર્દીનુ નામ. ૨૧

ત્રીજો વર્ગ ખેડુતનો બેશક તુ માન,
નથી થતુ કોઈનુ તેઓ પર હેસાન.

પોતેજ ખેડે વાવે ને કાપે તુરત.
સમજે કોઈનો ઠપકો ન ખાતી વખત.

જોકે રંક છે પણ નથી તાબેદાર,
ન અપમાન કોઈનુબી સમજે લગાર.

છે આસુદા શેહનશાહની મર્જીથી શાદ,
સુખી તનથી તે જેથી ગેતી આબાદ.

શુ કહેછે આઝાદ મર્દ સાંભળ કલામ,
કે સુસ્તી કરેચ આઝાદોને ગુલામ.

ચોથો વર્ગ કીધો હુતોખશી તમામ,
જે મગંરૂરી લઈ કરેચ ધંધો ને કામ.

કારણુ કામ તેમનુ છે ધંધો હંમેશ,
અને મનખી છે જેઓનુ દુરઅંદેશ.

વરસ કાઢ્યાં એમાંથી તેણે પચાસ,
બીશ્યાર ચીઝો બક્ષી છે તેઓને ખાસ.
ચુંટીચુંટી એકેકને પદવી દીધી,
અને રાહા તેઓને બતાવી સીધી.
કે જેથી દરજ્જાને જાણી શકે,
ને કમ ઝેઆદા સર્વે પીછાણી શકે. ૨૨
એ સઊ ચીઝ થવા બાદ કીધો છે ક્યાસ,
દાનાઈ સાથે દવલતના બાદશાહે ખાસ.
કહ્યું તેણે એમ દેવો નાપાકને,
કે પાણીમા નાખો તમે ખાકને.
બને છે શુ માટીથી જાણ્યું જે વાર,
કીધો સાંચો ઈંટોનો જલ્દી તૈયાર.
બાંધી દેવોએ ચુના ઈંટની દીવાર,
તે પેહલાંથી નકશાઓ કીધા તૈયાર.
હમામોને અયવાંનો મેહલો બુલંદ,
બચે દુઃખથી બાંધ્યાં એવાં મન પસંદ.
કાહાડ્યાં પત્થરમાથી ગોંહરોને બાહાર,
કરી સાફ તેને કીધાં આબદાર.
અનેક ઝાતના ગોંહર મળ્યાં એમીસાલ,
સોનુ રૂપુ પુખરાઝો યાકુત ને લાલ.
કે હુંનરથી કાઢ્યું તે પત્થરની બાહાર,
ખુલી સઘળા ભેદોની ચાવી અપાર.

જે ખુશબુની ઈન્સાનો રાખેચ હાજત,
તે ખુશબુને તૈયાર કીધી તુરત.
કપુર કસ્તુરીને લોબાન બેહીસાબ,
શુ અંબર અગર કે શુ ખાલેસ ગુલાબ. ૨૩
હકીમોની વિદ્યા દુઃખીઓને કાજ,
રાહા તનદરૂસ્તીની દુઃખનો ઈલાજ.
એ સઉ ભેદ ઝાહેર કીધા જોઈ જોઈ,
ન મળીયો બીજો એવો ગેતીને કોઈ.
જે પાણી પર કીશ્તીથી કરતો સફર,
દેશો દેશ કરતો એ રીતે ગુઝર.
પચાસ સાલ એમાબી પોતાના ખોઈ,
ન જોઈ છુપી ચીઝ અકલથી દુર કોઈ.
એવાં કામો ઝાહેર થયાં બેગુમાન,
ન આલમમા કોઈ જોયો પોતા સમાન.
થયાં કામો તૈયાર જો દમ બ દમ,
તો એથી બુલંદ જગે ધર્યું કદમ.
શાહી દબદબાથી બનાવ્યું તખત,
અનેક ગોહરો તેમા જડયાં તુરત.
તે ચાહતો તો દેવો ઉઠાવતા હતા,
ઝમીન પરથી આકાશ ઉપર લઈ જતા.
હવામા સુરજ માફક ઝલકે અપાર,
જે પર બેસતો શાહ હુકમ ફરમાવનાર.

તેના બક્ષના દબદબાઓથી ખાસ,
જમા જહાન થઈગઈ તેના તખ્ત પાસ. ૨૪
ગોહર જમશેદ ઉપર વધાવ્યાં ફરી,
કેહવા માડયો તે દહાડો નવરોઝ કરી.
રોઝ પેહલો માહ ફર્વરદીન નવું સાલ,
કીનો દુર કરી બન્યાં દીલથી ખુશાલ.
ગેતી રોશન કરનારો શાહ નામવર,
નવાં વરસે બેઠો તે તખ્ત ઉપર.
બુઝર્ગોની મહેફીલ જમી ખાસો આમ,
શરાબ વાજીંત્રોને રામસગર તમામ.
છે ત્યારથી મુબારક જશન આશકાર,
અને તેજ શેહનશાહથી છે યાદગાર.
વરસ ત્રણસો ચાલ્યું એવી રીતે કામ,
ન જગમા જોયો કોઇએ મોતનો પેગામ.
તે વખ્તે ન આળસાઈ કરતુ તુ કોઈ,
દુઃખ યા બીમારી ન શકતુતુ જોઈ.
ન જાણુતાં બદી રંજ કોઈ સર બ સર,
નોકર માફક દેવોએ બાંધી કંમર.
કીધું તખ્ત એક જેણે કીંમતી તૈયાર,
બેઠો જે પર આલમનો શાહ નામદાર-
ગૃહોને સેતારાઓ જોવાની જામ,
લઈ તખ્ત પર બેઠો શાહ નેક નામ. ૨૫

ઉઠાવ્યું પછી દેવોએ તખ્ત ખાસ,
જંગલમાથી લઈ ચાલ્યા ઉપર આકાસ.

તેના તખ્તની આજુ બાજુ મુદામ,
ખેંચી હતી સફ • પક્ષીઓએ તમામ.

હુકમ પર તેના સર્વે ધરતાતા કાન.
ખુશાળીથી ભરપુર હતી સારી જહાન.

એ માફક થયાં કંઇક વરસો પચાર.
તે શાહ થી હતું શાહીનુર આબદાર.

જેથી સારી આલમ હતી શાદ કામ.
જેને મળતા યઝદાંથી ન્યારા પેગામ.

જમશેદનું ખુદાના હોકમથી ફરવું અને ઝમાનાનું તેનાથી ફરી જવું.

ગુઝર્યો વખત કંઇક એ વાત પર.
ન કંઈ જોયું શેહનશાહથી ખુબી વગર.

બની સારી આલમ તેની તાબેદાર.
બેઠો ભારી દબદબાથી શેહરીયાર.

એકાએક કીધી તખત પર જો નઝર,
તો જગમા ન જોયો કોઈ પોતા વગર.

ગુરૂર કીધો શાહ હુક્ પરસ્તે ઝબર,
નગુનો બની રબથી ફેરવ્યું સર.

બોલાવ્યા તેણે ફ઼ઓજના નામદાર,
કહ્યા તેની નઝદીક સુખન બેશુમાર. ૨૬

કીધું બુઝરગો પાસે એવું બયાન,
નથી મુજ સીવા બીજા માટે જહાન.

કે મુંજથી છે ગેતીમા ઝાહેર હુનર.
નથી માહારા જેવા શાહી તખ્ત પર.

ખુબી સાથે સનગારી આલમ તમામ,
ઝમીન ઉપર રાખ્યું ન દુઃખનુ મે નામ.

શુ ઊંઘ ભુખને પેહડ઼વું આસાયશનુ કામ,
મુરાદો તમારી છે મુજથી તમામ.

છે લાયક બુઝર્ગી મને શાહી તાજ,
નથી શેહનશાહ મુજ સીવા કોઈ આજ.

દવા દારૂથી દીધું આલમને સુખ,
ઘટાડ્યાં કોણે મોત બીમારી દુઃખ.

કે મોત કોણે દુર કીધુ માહારા વગર.
થયા જોકે ગેતીમા કંઈ તાજવર.

માહારાથી તમારો છે જીવ અને તન,
મને નહીં ક઼બુલે તે છે એહરેમન.

બનાવ્યું મે સઉ કંઈ એ જાણો તમે,
તો મુજને ખુદા ખુદ માણો તમે.

નિચાં કીધાં સર્વે બુઝર્ગોએ સર,
ન ચુંચાં કરી શક્યાં કોઈ નાવર. ૨૭

એટલું કેહતાં ઉડયું ચેહરા પરથી નુર.
બની ગેતી ચર્ચા ભરેલી ઝરૂર.
પાછા ફર્યા સઉ તેની દરગાહથી બાહાર,
ન નઝદીક રહયો તેની કોઈ નામદાર.
કે સાલ તેવીસ સુધીમા લશકર તમામ,
ગયું તેની દરગાહથી વીખાઈ મુદામ.
ખુદા સાથે કીધા ગરૂરી કલામ.
શીકસ્ત ત્યારે થઈ થયું બર્ગશ્તા કામ.
શુ બોલેચ સુખન કેહનારો દાના નર.
તુ થાય શાહ તો ફર્માબરદારીને કર.
ખુદાથી બનેછે જે કોઈ નાસપાસ,
પેદા થાયછે દહેશત તેના દીલમા ખાસ.
સીયાહ થયો જમશીદનો દહાડો ઝરૂર,
ત્યારે ઘટીયું તે પરથી ગેતીનુ નુર.
ગુસ્સે થયો તેનાથી જ્યારે યઝદાન,
ત્યારે આવ્યું દહેશતથી બાદશાહને ભાન.
આઝુર્દા થયો જેથી યઝદાન પાક,
તો દુ:ખનો ઉપાય નહીં જણાયો જરાક.
પશેમાન જમશીદ રડીને થતો,
ખુદા નઝદીક પસતાવા કરતો હતો. ૨૮
ખુદાઈ નુરે તેનાથી રસ્તો લીધો,
બદીના બળે તે પર ગલબો કીધો.

ઝોહાકના બાપ મર્દાસ તાઝીનું દાસ્તાન.

મયદાનોમા નેઝા ઉઠાવનારમા,
હતા મર્દ એક કુલ્લે અસવારમા.

બુલંદ દુશ્મનો બાદશાહ ઝાતે નેક,
જે કરતો હતા રબના ખઓફો દરેક.

હતો નેક બુન્યાદ મર્દાસ નામ,
સખાવત ને ઇન્સાફ હતું જેનુ કામ.

દરેક ઝાતના ચોપગાં જાનવર,
હઝાર એક હતાં જેની પેશે નઝર.

તે નર પાક દીનનાએ મેંઢાં ને ઊંટ,
દીધાં બકરાં દુધવાળાઓને અખુટ.

હતાં જેની સત્તા તળે બેશુમાર,
કે ગાયો દુધાળીને ઘોડા અપાર.

થની દુધની હાજત જો કોઇને અગર,
તો હાત કરતાં લાંબો ખઝાંના ઊપર.

તે પાક દીનના શાહાને હતો બેટો એક,
જેનામા હતી નહીં દયા કે વિવેક.

હતું તે લડાયકનું ઝોહાક નામ,
હતો તુંદ હુલ્લડ ને ઝુલ્મી તમામ. ૨૯

પહલવી ઝબાં અંદર ખાસો અવામ.
હતા લેતા જેનું "બીવરઅસ્પ" નામ.

પહુલવીની ગંત્રી બીવર આશકાર,
દરી ભાષાનો શબ્દ તે દસહઝાર.

ઘોડા દસ હજાર તે સોનેરી લગામ.
ના રાખતો બીવર જેથી પડયું છે નામ.

અવાર રાત દહાડો એ ભાગે થતો,
ખુબરૂીથી નહીંકે કીનાથી હતો.

જો એક દહાડો બાંમદાદે શયતાન ખાસ.
બની નેક નર જેવો આવ્યો તે પાસ.

ને નેકીથી ફેરવ્યું દીલ બેગુમાન,
ધર્યા તે જવાને તે વાત ઉપર કાન.

ઝરૂર લાગી ખુશ તેની વાતો મગર,
તેના કામો બદની હતી નહીં ખબર.

તેને આપ્યું દીલ હોશ અને જાંન પાક,
ઉડાવી પછી માથે પોતાના ખાક.

જાણ્યું ઇબ્લીસે દીલ દીધું છે અગર.
તો ખુશ થયો તે પોતાના ફએલ પર.

કહ્યા તેણે નાદર સખુનો અસલ,
હતું ભેજું તે જવાનનું કમ અકલ.

કહ્યું તેણે જાણું છુ વાતો હું જે,
નથી જાણતું મુજ સીવા કોઇ તે.

ત્યારે તે જવાંને કહ્યુ નેક નર,
શીતાબ મુજને તાહારો શીખવ તુ હુંનર.

કહ્યુ ત્યારે શયતાને માગુચ વચન,
પછી કેહવશ સર્વે હું સાચ્ચા સુખન.

હતા દીલનો બેશક તે બોલો જવાન,
જેથી ખાઈ સોગંદ ને માન્યું ફર્માન.

કે જે વાત તુજથી હું સમજી શકશ,
તેનો ભેદ હરગેઝ ન કોઇને કેહવશ.

કહ્યુ તેઆરે તેણે મકાન અંદર આય,
ન જોઇએ બીજો બાદશાહ તુ સીવાય.

કે તુ જેવા બેટાને જોઇયે ન બાપ,
તુ આ માહારી નશીયત ઉપર કાન આપ.

ઝમાનો થશે લાંબો આ ઝઈફ પર,
તે માટે તુ જલ્દી ટુંકો તેને કર.

પુંજી તેની દરબારની હાથ ધર,
તે રૂતબો તુને ઝેબ દે છે ઝબર.

વફાદાર મુજ વાત ઉપરં થઈ જશે,
તો તુ સારી ગેતીનો સાહેબ શશે. ૩૧

કીધો ખ્યાલ સમજીને તેના સખુન.
દુઃખી દીલ થયું બાપનુ કરવા ખુન.

કહ્યું ત્યારે ઇબલીસને બેહતર ન આમ.
બીજું કંઇબી કહે નથી લાયક એ કામ.

તો બોલ્યો તે ઇબલીસ ઇનકારથી,
જો ફરશે તુ મુજ ફરમાનો કરારથી.

તો રહી જશે ગર્દન પર સોગંદ અપાર,
ને બાપ રેહશે બુઝરગ ને તુ થાશે ખ્વાર.

અરબ મર્દનું આવ્યુ ફંદામા સર,
કબુલ કીધું જેથી કહ્યું એખતર.

કહ્યુ ત્યારે ઝોહાકે શુ છે ઈલાજ,
તુ કહે બાંહાનુ શોધ્યા શીવા સાફ આજ.

કહ્યુ તેણે તુ માટે ચારો કરશ,
ખુરશીદ સુધી સર તાહરૂ ઉચે ધરશ.

તુ ચુપ થઈને રેહજે એ વાત હંમેશ,
મદદ મને જોઈતી નથી કોઈની લેશ.

જેવું મને ઘટશે કરશ તેવું ચાર,
ન ખેંચતો તુ તેગ સુખન મ્યાન બાહાર.

હતો મેહેલમા બાદશાહના અબર,
અજબ બાગ ગુલઝારીથી તર બ તર. ૩૨

ઉઠી બાબદાદે હંમેશ શેહરીયાર,
થતો જે એબાદતને માટે તઈયાર.

છુપાછુપ તે નાહતો હતો જઈને બાગ,
ન લઈ જતો નોકર કે સાથે ચેરાગ.

તે રસ્તે આ બદ બખ્ત દેવે મુદામ,
ખણ્યો ખાડો તે માટે ઊંડો તમામ.

પુરી ખાડો કચરાથી દેવે દીધો,
કરી બંધ અજગો ને રસ્તો લીધો.

અરબોનો અફસર પછી નામદાર,
ગયો બાગ અંદર વીટી રાત જ્યાર.

આવ્યો ખાડા પાસે જ્યારે શેહરીયાર.
ઊંધું બખ્ત થઈ ગયું શાહનું તે વાર.

નેક દિલનો યઝદાંપરસ્ત નેક નર,
પડી પેલા ખાડામા પાંમ્યો ગુઝર.

પીસરને પોતાના તે શાહ નેક નામ,
ન સુખ દુઃખમા કેહતા કદી બદ કલામ.

તેને લાડથી પાળતા ખેંચી રંજ,
તેથી શાદ રેહતા ને દેતાતો ગંજ.

તોબી બુરી આદતના બેટાએ અહીં,
કે પયવંદ માયાથી શોધ્યું નહીં. ૩૩

હતા બાપના ખુનમા તેનો હાત.
જે સમજી છે દાના નરોથી એ વાત.

અગર બુરૂ ફરઝંદ હોય નરે શેર,
પણ ખુનમા પીદરના નથી તે દીલેર.

મગર મખફીમા છે જુદીજ કોઈ વાત,
જે ભેદ રાખેચ નીસબત તો માદરની સાત.

રસુમ બાપની છોડે જો કોઈ જણ,
તેને બેટો નહીં પણ બેગાંનો તુ ગણ.

ઝોહાક હલકી બુન્યાદ બેદાદગર,
હીલાથી બેઠો બાપના તખ્ત પર.

મુકયું તાજ અર્બી પોતે સર ઊપર,
સારી માઠી બક્ષેસો કીધી ઝબર.
જોયો ઇબ્લીસે પાર થયલો સખુન.
ફરેબ એક નવો બીજો નાખ્યો જબુન.
કહ્યું તેણે ફર્યો તરફ માહારી તુ.
તો જાણ પામ્યો જગમા ઉમેદ તાહારી તુ.
જો એજ માફક તુ માહારો માને સુખન.
ફરે નહીં સુખનથી ને આપે વચન.
તો આલમની શાહી ને કુલ્લે ઇન્સાન,
થાય તાહારાં માહી ને પંખી હેવાન. ૩૪
ભર્યો ન્યારાં પગલાં જો એ વાત થઈ,
નવો ચારો કીધો બીજો શોધી લઈ.
પોતે નવ જવાન એક બન્યો તદન.
સુખનવર ને ચાલાક અને પાક તન.
તુરત આવ્યો મુકી તે ઝોહાક પાસ,
દોઆના સુખન ગીવા બોલ્યો ન ખાસ.
કહ્યું તેણે હોઉ શાહાને લાયક ગુલામ,
તો નામી એક બાવરચી હુ હુ તમામ.
ઝોહાકે તેઓ વાત સમજી લીધી,
જગા તેની ખાનુ પકાવવા કીધી.
ચાવી શાહી બાવરચીખાનાની લઈ.
તે શાહાના વઝીરે દીધી તેને જઈ.

હતી ના વધુ ખાવાની કોઈ રશમ.
હતો કેમજે ખાવાનો ખોરાક કમ.
ઝમીન ઉપર ઉગતી ઝમીનમા થનાર,
ચીઝો સીવા ખાતા ન કંઈબી લગાર.
કે બદ બખ્ત ઈબલીસે સમજી તે વાર,
જનાવરને મારવાનો કીધો વિચાર.
પ્રથમ તેણે ખવડાવી ઈંડાંની દાલ,
ટુક તનદુરસ્ત તેથી રાખ્યો ખુશાલ. ૩૫
કીધો પસુ પંખીના ગોશ્તનો ખોરાક.
એકેક પછી કામમા તે લાવ્યો નાપાક.
લોહી પાઈ બનાવ્યો ગોયા નરે શેર,
એમાટે કે શાહને બનાવે દીલેર.
તે કેહ જેજે વાતો તે મનઝુર કરે,
અને તાબેદારીમા દીલને ધરે.
તે ખાધુ ને દીધી દોઆ બેશુમાર.
મઝા મેળવી બદબખત શાહે અપાર.
પછી બોલ્યો મુઝી રીમન જાલસાઝ.
સલામત શાહા રેહજે ગર્દનફરાઝ.
એવી રીતનુ ખાનુ બનાવીશ હુ કાલ.
મળે તનદરૂસ્તી ને રહે તુ ખુશાલ.
પછી જઈ કીધો રાત સારી વિચાર.
બનાઉ કાલે ખાણું હુ શુ લેહઝતદાર.

બીજે દીન બલુ આસમાને જેવાર,
જો કાઢયો તે સોનેરી યાકુતને બાહાર.
તો તીતર સફેદ તર્કી રાંધી નઇયાર.
ઊમેદ ભર્યો દીલે આવ્યો નાબકાર.
નાખ્યો હાથ બાદશાહે ખાના ઉપર,
સોંફયું તેની મેહેર ઉપર કમઅકલી નર. ૩૬
ત્રીજે દહાડે મુરઘીને હલવાંનનુ ગોસ્ત,
બનાવીને ખાણુ કીધું તનદરોસ્ત.
ચોથે દહાડે લાવ્યો તે ખાણુ ગરમ,
વાછરડાની પીઠનુ બનાવી નરમ.
અને જેમા નાખ્યોતો કેસર ગુલાબ,
કે કસ્તુરી ખાલેસ ને જુન્નો શરાબ.
હાથ નાખ્યો ઝોહાકે ખાણા ઉપર,
અજબ થઈ ગયો જોઈ હુસ્યાર નર.
કહ્યું તેણે અય નેક ખસલતના ખાસ,
શુ મરઝી છે માગવાની માગ માહરી પાસ.
બોલ્યો ત્યારે બાવરચી અય શેહરીયાર,
સદા શાદ જીવજે હુકમનો કરનાર.
છે તુજ મેહેરથી ભર્યું આ દીલ બેશુમાર,
ખોરાક માહારા જીવનો છે તાહરાં દીદાર.
છે તુજ બાદશાહથી ખ્વાયશ માહરી એક,
જોકે દરજો લાયક નથી મહને છેક.

ખભાં એ ચુમું આપે હોકમ અગર,
ને મઅલુ હુ તે ઉપર આંખો ને સર.

વાત તેની સમજી ઝોહાકે જેવાર.
ન જાણી છુપી તેની મતલબ તેવાર. ૩૭

ને આલ્યો મે બક્ષી મુરાદો તમામ.
કદી થાય જેથી બુલંદ તાહારૂ નામ.

હુકમ દીધો એ રીતે થઇને ખુશાલ,
ખભાં ચુમ્યાં ઇબલીસે અવરત મીસાલ.

જેવા બોસા લીધા કે ગુમ થયો તે,
અજાએબી જગમા ન જોઈ હતી એ.

નીકળ્યા ખભાં ઉપર બે કાળા નાગ.
ગમીથી તેના શોધ્યા ચારા અથાગ.

એવત કાપી નાખ્યા ખભા પરથી બાપ.
છે વાજબી જો તુ થાય અજબ જેથી આપ.

ડાળ માફક ઝાડાની સાંપો ઝબર,
ફરી ઊગ્યા બાદશાહની બાજુ ઊપર.

હકીમ આવ્યા કાબેલા કઈ બેશુમાર,
ચલાવ્યો એકેક પછી સઉએ વિચાર.

જુદી જુદી યુક્તીઓ કીધી અપાર,
ઈલાજ તેનો કોઇએ ન શોધ્યો લગાર.

તુરત પાછો ઈબલીસ દાનાઇથી ખાસ.
હકીમ વેશે આવ્યો તે ઝોહાકની પાસ.

કહ્યું તેણે બનવાનુ બન્યું છે એ.
ન કાપ એને રહે ત્યાં વેર રેહવા તુ દે. ૩૮

થશે એને કાપ્યાથી તારાજ નહીં,
સીયાહ સાંપોનો બીજો ઈલાજ નહીં.

ખવાડીને ખાંણુ રાહત તેને કર,
ન કર ચારો સાંપોનો કોઈ એ વગર.

ખોરાક દે ન માણસના ભેજાં સીવાય.
આપોઆપ નાબુદ તેથીજ એ થાય.

દવા નથી માણસના ભેજાં વગર,
તો રડવું ઘટેચ તુને આય દર્દ પર.

માર એક દીવસમાં તુ માણસો બે.
ભેજાં તેના સરમાથી કાઢીને લે.

આ ચારાથી ઈબલીસ જોઈ લેજે તુ.
એમા શુ મેળવ્યું ને જોયુ છે શુ.

એટલુજ કે ચારો કરે છુપો ખાસ.
કે થાય જલદી માણસથી જેતી ખલાસ.

ઝોહાકના હાથથી જમશેદના વખતનું ખરાબ થવું.

હર તર્ફ શોર ઉઠયો ઈરાનમા,
પેદા જોશ અને જંગ થયાં જહાનમા.

થયો દહાડો રોશન સુફેદના સીયાહ.
તોડી સઉએ જમશેદની પુસ્તા પનાહ.
લીધો મારગ નાલાયક ઉલટો જે વાર.
ખુદઈ નુર સીયાહ થયું તે પર તે વાર. ૩૯
એકેક શાહ ચહડી આવ્યા સરહદ ઉપર,
એકેક પેહલવાનો એકેક નામવર.
કે જંગ માટે લશકર જમાવી લીધું.
ને દીલ શાહની માયાથી ખાલી કીધું.
ઈરાનમાંથી બાહાર આવ્યા સર્વ સીપાહ,
અરબની તરફ ધરી સઉ કોઈએ રાહ.
સમજયું કે ત્યાં એક સરદાર છે.
જે અઝદાહની સુરતનો ભયંકાર છે.
તે બાદશાહની શોધમાં ઈરાંની સવાર,
કે ચાલ્યા ઝોહાકની તરફ બેશુમાર
દોઆ કીધી બાદશાહ તરીકે મુદામ,
ઈરાંનના તેને શાહ બનાવ્યો તમામ.
તો અઝદાહ સુરત શાહ પવનની મીસાલ.
ઈરાન આવી સર તાજ મુકયું ખુશાલ.
કે ફૂઓંજ ઈરાંની ને અરબી ઝબર.
ચુંટી કાહાડ્યા હર મુલ્કોના નામવર.
તરફ તખ્તે જમશીદ તે ચાલ્યો ખુશાલ,
કીધી ગેતી પોતા પર વીંટી મીસાલ.

થયું બખ્ત જમશીદનુ ઉધું જે વાર.
તો તંગ લાવ્યો તેને નવો શેહરીયાર. ૪૦

ગયો તે મગર તખ્તો તાજો કુલાહ.
તેને દઈ ગયો બુઝરગી ઝર સીપાહ.

છુપાયો તેપર થઈ જો ગેતી સીયાહ.
તો દઈ દીધાં ઝોહાકને તખ્તો કુલાહ.

ને સો સાલ જગમા ન પડયો નઝર.
કે ગુમ થયો સઉની નઝરથી તે નર.

સો વરસે ચીનના તે દર્યા ઉપર,
ભલી દીનનો શાહ આવ્યો પાછો નઝર.

એકાએક તેને હાથ લાવ્યો ઝોહાક.
તો ઢીલ તેને આપી ન તેણ્ જરાક.

કીધા ટુકડા એ કરવટીથી ઝબર.
અને કીધી આ ગેતીને બેખતર.

તે અઝદાહના દમથી છુપાયો મગર.
છુટી શકયો નહીં આંખરે નામવર

ગયું તખ્ત શાહી ને જાહો જલાલ,
ખેંચ્યો ગેતીએ કેરબા તનખાં મીસાલ.

વધુ કોણ બેઠું એથી તખ્ત પર,
નફો જોયો શુ રંજ ખેંચી ઝબર.

કે સાલ તેપર સાતસો ગુઝર્યા મુદામ,
કીધું નેક બદ જેણે ઝાહેર તમામ. ૪૧

શા માટે જોઇએ આ ઝીંદગી દરાઝ,
કારણકે આ દુન્યાં નથી ખોલતી રાઝ.

કે મયને મીઠાંશે તે પાળશે ઝબર,
ન કાનમા કેહશે તુને નર્મી વગર.

તુ કેહશે એકાએક કીધી તેણે મેહેર.
બુરાઇમા ન દેખાડશે પોતાનો ચેહેર.

ખુશી તેથી જોય છે બને છે ખુશાલ,
તેપર ભેદ દીલનો તેં ખોલ્યો છે હાલ.

પણ ખેલસે સરસ બાઝી તે એક વાર,
કરશે દીલમા લોહી દર્દથી જોશદાર.

કે ના પાયેદાર એવી દુન્યાં છે આય,
તો "બી" તેમા ના રોપતા નકી ગીવાય.

ધરાયું છે દીલ ફાંની જગથી ઝબર;
છોડવ જલદી દુઃખથી મને દાદગર.

ઝોહાક.

ઝોહાકની બાદશાહી એક હઝાર વર્ષમા એક દીવસ કમ હતી ઝોહાકનું તખ્ત ઊપર બેસવું અને બેદાદીનો પાયો નાખવો.

ઝોહાક તખ્ત પર બન્યો શેહનશાહ જેવાર,
પસાર થઇ ગયાં જેપર સાલ એક હઝાર.

વખત લાંબો એ વાત પર થઈ ગયો,
ઝમાનો તેની ઇચ્છા માફક થયો.

છુપી સર્વે ડાનાઓની રીત થઈ,
મુરાદ સર્વે દેવાની બર આવી ગઇ. ૪૨

માન પાંમી જાદુઇ હુંનર થયો ખ્વાર,
છુપી નેકી નુકસાંની થઈ આશકાર.

બદી ઊપર લંબાયા દેવાના હાથ,
બોલાયા સુખન નેક બેદાની સાથ.

બે પાકીઝા જમશેદના ઘરમાથી નાર,
"એહ" માફક ધ્રુંજતી લાયા તેઓ બાહાર.
હતી બેટી જમશેદની તે બહુ જવાન,
ગોયા સ્ત્રીઓના સરના છત્ર સમાન.
કે પરદા નશીં બાનું એક શાહરનાઝ,
બીજી મુખ માહતાબી નામ અર્નવાઝ.
લાયા મેહેલમા તેને ઝોહાક પાસ.
સોંપી અઝદાહ સુરતને લાવીને ખાસ.
અનિતિની રાહ ઉપર પાકી તે નાર,
કે સુસ્તી ને જાદુઈ તે શીખ્યાં અપાર.
ઝોહાકની હતી એવી બુનીઆદ હાલ,
જહાન તાએ થઈ મીનના મોરા મીસાલ.
શીખવવા બદી કશુ જાણુતા ન આય,
કે લુટફાટ ને મારવા ને બાળવા શીવાય.
હતું એમ કે દર રાતે બે મર્દ જવાન.
ગરીબ હોય યા હોય તુખમનો પહેલવાન. ૪૩
તેને બાવરચી મેહલમા લઈ જતો,
ઈલાજ શાહના દુઃખનો તે કરતો હતો.
મારી તેમણે ભેજાંઓ કાઢતા તે બાહાર,
ખોરાક કરતો અઝદાહોનો નાબકાર.
કે શાહી ગોહરના પહરેઝગાર પાક,
ને ઊચી તુખમના બે મર્દો ચાલાક.

પાક દીનનો એક "અર્માયલ" નામનો,
દુર અંદેશ બીજો "ગર્માયલ" નામનો.

થયું એમ કે એક દહાડો બેહુ મળ્યા સાત,
થોડી ઘણી ચાલી હરેક રીતની વાત.

કે લશકરની બેહાલીની શાહાની,
તથા તેના ખોરાકની બદ રાહાની.

કહ્યુ એકે એમ બની બાવરચી ખાસ,
જતા આવતા રેહવું ઘટે શાહની પાસ.

અને તે પછી હર તરેહથી વિચાર,
કરી ચારો કરવો ઘટેચ આય વાર.

કે લોહી માણસો બેનું વેહછે જબુન,
બચાવીશું તમાથી એક આપણે ખુન.

ગયા બાવરચી પાકુ કરવા મુદામ,
કે રીતસરનુ ખાનુ પકાવા તમામ. ૪૪

થયા રોશન જીવના તે મર્દો બીદાર,
લીધું બાવરચીખાનુ શાહનુ અખત્યાર.

પછી જયારે લોહી રેડી નાહક સખત.
મધુર જીવો લેવાના આવ્યો વખત.

તો જલ્લાદો માણસોને મારનાર.
ધરી બે જવાનોને ખેંચતા તે વાર.

ગયા જોશમા તેઓ બાવરચી પાસ,
પટક્યા નિચે તેઓને લઈને ખાસ.

થયાં બાવરચીઓના દરદી જીગર,
કે ખુન ભરી આંખો કીના ભર્યાં સર.
આજેઝ બની શાહાના તે બદ કામથી,
જોવા લાગ્યા એકેકને બહુ હામથી.
કીધો એક બેમાથી તેઓએ ઠાર,
ન ધાર્યું એ ચારા બીવા કંઈ લગાર
કાઢી ભેજું બકરાનુ પોતાને હાથ.
તેને ભેળીયું માણસના ભેજાંની સાથ.
અને જીવતો એકને પછી છોડી દઈ,
કહ્યુ કે તપાસજે ને રેહજે છુપઈ.
કે વસ્તીને છોડીને રેહેજે ઉજાડ,
તુ માટે શુ દરીયા કે જંગલને પાહાડ. ૪૫
તે સર બદલે ગોસ્પપંદના સરને હલાક.
કરી આપ્યો અઝદાહને માટે ખુરાક.
દર માસે ત્રીસ એવી રીતે જવાન,
બચાવતા હતા જેઓ પોતાનો જાન.
બસો માણસ એકઠાં થતાં હતાં જ્યાર,
છે કોણ તેઓ તે કોઈ ન જાણે લગાર.
કંઈ મેંઢાં ને બકરાંઓ બાવરચી લઈ.
કે મોકળતા જંગલમા તેઓને દઈ.
આ હાલના છે કુર્દીઓ તેમણા તુખમ,
નથી જેને આબાદીનો કંઈબી ગમ.

કે છે બનડાં કપડાંના તેઓના ઘર,
નથી રાખતા દીલમા જે યઝદાંનો ડર.

હતી બુરા ઝોહાકની રીત એવી યાર,
કે જ્યારે થતી તેની ખ્વાયશ તેવાર.

તેડી એકેક જંગીને મારો જતા,
કે દેવોની સંગ તુ મરાયો હતો.

જો બેટી કોઈ ખુબસુરત ઘરની અગર.
કે પર્દામા હોય તેને પુછ્યા વગર.

તે રાખતો ગુલામીમા લાવીને પાસ,
નથી રીત એ ધર્મી નથી શાહી ખાસ. ૪૯

ચાલીસ જ્યારે બાકી રહ્યાં તેના સાલ.
શુ યઝદાંએ કીધું તેપર કરજે ખ્યાલ.

કે મેહેલ અંદર બાદશાહી મધરાતે જે,
અરનવાઝ સાથે સુતા હતા તે.

જોયો એવા શાહી મહલ અંદર ખાબ.
કે ત્રણ જંગી અસ્વારો આવેચ શીતાબ.

બે મોટા વચ્ચે એક નાનો જવાન.
સરવ કદ ને રૂતબામા શેહનશાહ ગમાન.

કમર બાંધી ચાલવામા જેમ તાજવર,
હતા ગુર્ઝ ગાવેઆંની હાથે ઝબર.

ઝોહાક સાંમે ધસતો તો જગ માટે નર,
ને મારતો ગુરઝ ગાવેઆંની તે સર.

એકાએક તે નાનો જહાં પહેલવાન,
કે ખાલ તેની મરતાપા ખેંચતો જવાન.
બેહુ હાતો બાંધતો હતો ગાયા સંગ,
ગળે તઓક નાખતો બની બેદીરંગ.
લાગ્યો ખેંચો કોહે દમાવંદ તલક,
હોડી જેની પાછળ ખુદાની ખલક.
બેકળ બન્યો ઝોહાક બેદાદગર,
ગાયા ફાટું દહેશતથી તેનુ જીગર. ૪૭
પોકાર એક ઉધમા કીધો તેજ પલ,
ધ્રુજી રહ્યો આ થંભ વાળો મહલ.
પુકારાથી તે નામવરના મુદામ.
સુરજ મુખી અવરતો જાગી તમામ.
કહ્યુ અર્નવાઝે કે અય જહાંપનાહ.
થયું શુ તે કહે ભેદ બોલી તુ શાહ.
સુતા હતો આરામે ઘરમા તુ એમ,
તો જીવથી પોતાના બીધોછે તુ કેમ.
હુકમમા છે તાહારા આ ગેતી તમામ.
નિગેહબાંન ઇન્સાંનો હેવો મુદામ.
માહીની પીઠથી તે માહાતાબને સર.
સુધી રાજ તાહારૂ છે જગમા મગર.
તો શુ છે કે ઉંઘથી થયો તુ બીદાર,
ખુલાસો તુ કર ગેતીના શેહરીયાર.

કહ્યું ત્યારે મરદારે તોગ્રીને એમ,
કે વાત એ છુપાવવાની છે માહરી નેમ.
જો વાકેફ થશો તમે આય બ્યાનથી,
તો નાઉમેદ થઈ જશો મુજ જાનથી.
કહ્યુ ઝઈફ શાહાંને અરનવાઝે ખાસ,
તાહારો ભેદ બોલવો ઘટેચ માહારી પાસ. ૪૮
બને તો હમો તેનો કરીએ ઈલાજ,
કારણકે નથી દુખ કોઈ લાઈલાજ.
ત્યારે ભેદ મરદારે બોલ્યો શીતાબ,
વિગતવાર સઘળો કહયો તેણુ ખાબ.
કહ્યુ ત્યારે ખુબસુરત બાનુએ એમ,
એનો ચારો કર ચુપ બેઠા છે કેમ.
કે જગ જોહર તુજ તખ્તનું સર મુદામ,
રોશન જગ બુલંદ બખ્તથી છે તમામ.
પશુ પંખી ઇન્સાનો દેવો પરી,
ને રાખેચ તુ નિચે તુજ અંગુશતરી.
હરેક મુલ્કોમાથી નજુમીઓ નર,
બુલાવ દાના મુબેદો અય નામવર.
તુ કહે હાલ મુબેદાને તાજવર,
શોધી કાઢ સચ્ચાઈ તલાશ એની કર.
નિશાહ કર છે મોત તાહરૂ કોણ હાતથી,
પરી દેવથી યા બશર ઝાતથી.

ઇલાજ તેનો જાણીને જલદી તુ કર.
બદીથી તે દુશમનની હરગેઝ ન ડર.
પસંદ આવી એ વાત શાહુને શીતાબ,
સરસ નાઝનીએ જો દીધો જવાબ. ૪૯

હતી ગેતી અંધારી ઝાગાનુ પર,
તો ઝાહેર ચેરાગ થયો પાહાડોને સર.
ગોયા બહુ રંગના તે ગુમ્બદ ઉપર,
પુખરાજ પાંથર્યુ સુરજે સર બ સર.

મુએદ હર જગેહથી તે સરદારે ખાસ,
હતા દાના દીલના અને પુર કયાસ.
તેઓ તેમને પરદેશથી પોતાની પાસ.
કહયો ખાબ જોયલો બનીને નિરાસ.

જમાં કીધા તેઓ એક જગ્યા ઉપર,
સાહયો દુઃખનો ચારો તેઓથી ઝબર.
કહ્યુ તેણે કે જલ્દી કરજો આગાહ,
મારા જીવને દેખડાવો રોશન રાહ.

ઝમાનાની ગર્દીશની બુરી ને નેક,
છુપી વાતો માગી સમજવા દરેક.
આખર કયારે મુજ પર ઝમાનો થશે,
કમરબંદ અને તાજ કોણને જશે.

તે ભેદ ખોલવો જોઇયે છે માહારી ઉપર.
નાખવાં જોઇયે નહીંતો આ ખ્વારીમા સર.

ફીક્કા પડ્યા મુબેદોના હોઠ ગાલ,
ઝબાં તંગ થઈ દીલ થયાં દુખી હાલ. ૫૦
કે રાસ્તી કંઈ કેહશું જો રાખી ઊમંગ,
થશે તનનુ કચ્ચડાવું જીવ સાથે જંગ.
ન સાંભળશે બનવાનુ રાસ્તીની સાથ,
તો હમણા ધોવા પડશે જીવવાથી હાથ.
જો વહી ગયા ત્રણ દહાડા એ કામમા,
ન થઈ વાત જાહેર તે અંજામમા.
જેથી ચોથે દહાડે શાહા નામેવર.
થયો ગુસ્સે રેહબરો મુબેદ ઉપર.
ગમે જીવતા સુલીએ લટકાતા રહો,
ગમે વાત જે હોય ખરી તે કહો.
તો સઉ મુબેદોએ તુટેલે જીગર,
આંસુ ભરી આંખ નિચા કીધા સર.
તે નામદારોમા એક સમજદાર હતો.
રોશન દીલનો રાસ્તીનો ચાહનાર હતો.
"ઝીરક" નામે ચાલાક હતો બુદ્ધીવાન.
જે સઉ મુબેદોમા હતો આગેવાન.
કે તંગ થયું દીલ બેખતર તેનું ખાસ.
આવ્યો ઝબાં ખુલ્લીએ જોહાક પાસ.
કહ્યું મગઝમાથી પવન દુર કર.
ન જાણ્યો કોઈ માએ ફઝાના વગર. ૫૧

થયા કંઇક શેહનશાહો તુજ પેશતર,
બુલંદ તખ્ત લાયક હતા નામવર.
ઘણી રન્જો રાહત ઉઠાવી મગર,
વખત થયો પુરો તો પામ્યાં ગુઝર.
લાબંડી હોય તુ કોટ જો એક ઝબર,
કચડશે તોબી તુને ફરતું ચક્કર.
પરાયું થશે તે પછી તાહારૂ તખ્ત,
ને ખાક અંદર લાવશે તે આ તાહરૂ બખ્ત.
ફરેદુન મુબારક તેનુ નામ હશે.
ઝમીન માટે ગોયા હુમાયુન થશે.
પયદા નથી માથી થયો નામદાર,
વખત દુર છે હાય ડરનો અપાર.
જનમ દેશે માદર જો તે પુર હુનર,
થશે ત્યારે ગોયા તે ફળદ્રુપ શજર.
માહાતાબ સુધી મગ કરશે મર્દીને વક્ષ,
ને શોધશે કમરબંદ કુલાહ તાજો તખ્ત.
થશે કદમા ઓધાં સરવ જેવા નર.
મુકશે ગુર્ઝ ફરૂઆલાદી ગર્દન ઊપર.
મારશે ગુરઝ ગાવ્યાંની તે તાહરે સર.
બાંધી મેહેલથી લાવશે મોહલ્લા અંદર. ૫૨
ઓલ્યો બુરી દીનનો ઝોહાક એમ કે,
મને બાંધવા તેનો કીનો શુ છે.

દીલાવર તે બોલ્યો સમજ અક્લવર.
બુરાઈ કોઈ નથી કરતુ બાહાના વગર.
પીદર તેનો મરશે તાહારા હાથ પર,
જેથી કીના ભર્યું થશે તેનુ સર.
ને ગાએ એક પુરમાએ પયદા થશે.
તે જહાંનુએની એક દાયા હશે.
તેણી તુથી મરશે એ કીના ઉપર.
ઉઠાવશે તે ગુર્ઝ ગાવેયાંની ઝબર.
કીધા ખુલ્લા એ સમજી ઝોહાકે કાન.
પડ્યો તખતથી નિચે ભુલીને ભાન.
બુલદ તખત પાસેથી દાના તે નર.
ગયો ચાલી રાખી બદીનો તે ડર.
ને દીલ આવ્યું ઠેકાણે શાહનુ જે વાર.
બેઠા તખ્ત શાહી ઉપર નામદાર.
નિશાંની ફરીદુનની જગ આસ પાસ,
શોધાવી શુ ઝાહીરકે બાતીનમા ખાસ.
ઉંઘ ભુખ ને આરામ કંઈ ના રહયો.
રોશન રોઝ આસમાની રંગનો થયો. ૫૩

ફરીદુનના જન્મ પામવા વિષે.

ગયો નિકળી એ વાત પર કંઈ વખત.
કે આવ્યો તે તંગીમા અઝદહાહ સુરત.

પરીદુન જો પયદા થયો સરફરાજ,
નબાયો નયો પાયો ગેતીને કાજ.

સરવ નાફક લાગ્યો તે વધવા ઝરૂર,
જેથી લાગ્યું રોશન થવા શાહી નુર.

હતો દબદબામા તે જમશીદ મીસાલ.
પ્રકાશીત હતો ગોયા ખુરશીદ મીસાલ.

જે જગ માટે વર્સાદની માફક હતો,
અકલ જેવા જીવ માટે લાયક હતો.

આકાશ ફરવા લાગ્યું તેના સર ઉપર,
ફરીદુનને તાબે થયું સર બ સર.

પેલી ગાય પુરમાય સુંદર હતી,
જેની પદવી ગાયોમા બેહતર હતી

જનમ પાંમી માદરથી મોરની મીસાલ,
સરસ જેના નવરંગ હતા ન્યારા બાલ.

થયા કંઇક લોકો જમા તેની પાસ.
અનેક દાનાઓને સેતારે શીનાસ.

નથી જગમા કોઇએબી ગાય એવી જોઈ.
નથી સમજી શક્યું બુઝર્ગીથી કોઈ. ૫૪

કીધી શોધ જગમા ઝોહાકે મુદામ,
ચર્ચા ભરી હર જગો કીધી તમામ.

હતો "આત્બીન" ફરીદુનનો પેદર.
હતી તંગ ગેતી તે "આત્બીન" ઉપર.

તે સિહ જેવા ઝોહાકથી નાહુસ્તો મગર.
ફસ્યો સિંહના ફંદામા અંચીતો નર.

કે કંઈ એક તે નાપાક નરના ગુલામ.
એક દહાડો "આત્બીન" ને મળ્યા તમામ.

ધરી લઈ ગયા બાંધી ચીત્તા મીસાલ.
કરી દીધો ઝોહાકે તેનો નીકાલ.

અકલમંદ ફરીદુનની માદરે ખયાલ.
કીધો કે જો ખાવીંદ પર આવ્યો ઝવાલ

તે સ્ત્રી હતી ગેતીની રઓનક ઝબર.
હતી શાહી રૂતબાના ફળનું શજર.

"ફરાંનક" મુબારક હતું જેનુ નામ.
ફરીદુનના હેત ભર્યુ દીલ તમામ

ઝમાનાથી ઝખમી દીલે નાઉમ્મી ગઈ.
ને જઈ જંગલામા ટવલતી તે થઈ.

કે જ્યાં ગાએ પુરમાએ હતી નામવર,
પોશાક હતો લાયક જેના તન ઉપર. ૫૫

તે જંગલના રખવાળ પાસે ગઈ,
પોકાર મારી આંસુઓ ખેરવતી થઈ.

કહ્યું તેને આ બાળ દુધમલને ખાસ.
વખત થોડો સાંયામા રાખ તાહારી પાસ.

કબુલ કર હુ માદરથી પેદર મીસાલ.
પેલી ગાય સુંદરના દુધથી તુ પાલ.

એવઝ જોઈતા હોય તો આ જીવ તાહરો છે.
તુ કહે તેને ઝમીનમા આપુ હુ એ.
તાં ગાય અને જગલના માલેકે ત.
જવાબ આપ્યો પાકીઝા અવરતને કે

કબુલ તાહારો નશીયતો કરનાર છુ.
એ ફરઝંદનો નોકર હુ બનનાર છુ
દેવા લાયક નશીયત ફરાંનકે દઈ.
અને વાહલું ફરઝંદ તેને આપી ગઈ.

પનાહપોશ રખવાળે ત્રણ તેને સાલ,
કે પાલ્યો ને ગઉ દુધથી પેદર મીસાલ.
ને ગાયથી ચર્ચાભરી જગ થઈ રહી.
ઝોહાક તેને શોધવા ધરાયો નહી.

માદર ત્યારે દોડતી ત જગલમા ગઈ.
પનાહપોશ નરને કહ્યું તલમલઈ. ૫૬
કે અક્કલની શાહે ખુદાઈ ખીયાલ,
માહારા દીલમા ઝાહેર જે થઈ ગયો હાલ.

ઈલાજ નથી તે માફક કરવા શીવાય.
કારણ મીઠો જીવ માહારૂ ફરઝંદ છે આય.
મઝીલ હ્યાંથી કાપુ જાદુસતાનની.
બેટા સાથ રાહ લેઉ હીંદુસતાનની.

કે ગુમ ટોળાં વચ્ચેથી થઈ જાઉ છુ.
અને અલબોરઝ પાહાડ લઈ જાઉ છુ.

તે લોહી કાઢની તનનુ એ કેહતાં સખુન.
ને લઈ સાથે ગઈ બેટો ચેહરે નમુન.

ગુસ્સા ભર્યો મેંઢાં મીસાલે અંબર,
તે ફરઝંદને લાવી બુલંદ પાહાડ પર.

તે કોહ પર હતો મર્દ દીનદાર એક.
જે ફારેગ હતો જગના કામે હરેક.

પરાંનકે તેને કહ્યુ દીનદાર,
ઇરાંન સર ઝમીનની હુમી ક્યુ હુ નાર.

તુ જાણ માહારૂ ફરઝંદ છે કીંમતી ગોહર.
થશે અનજુમનનો વડો નામવર.

ઝોહાકનુ ને ગમ તાજેવર રાખશે.
કમરબંદ તેનો ખાકમા નાખશે. ૫૭

નિગેહબાંન થવું જોઇએ છે તુને હાલ.
ફીકર જીવની કરવી પીદરની મીસાલ.

કબુલ કીધું બચ્ચું ભલો નેક નર.
ન આવવા દીધો ઠંડો વા તે ઉપર.

હવે પેલી પુરમાય ને જંગલનુ બ્યાન.
ગયું બદ ઝમાનાના ઝોહાકને કાન.

કીનો લેવા આવ્યો હાથીની મીસાલ.
ને કીધો તે પુરમાય ગાયનો નીકાલ.

જનાવર જે જોયાં તે માર્યા મુદામ.
જગા કીધી ખાલી તેઓથી તમામ.

ફરીદુનના ઘર તરફ ધસ્યો મગર,
કીધી શોધ ભારી મળી ના ખબર.
તો આગ એક લગાડી તે ઘરને દરમ્યાન,
અને લાવ્યો નિચે બુલંદ તે મકાન.

ફરીદુનનું પોતાની માદરથી પોતાની બુન્યાદ વિષે પુછવું.

થયાં સાલ સોલ જો ફરીદુનને કે.
આવ્યો અલબોરઝ પરથી જંગલમા તે.
પછી મા ને શોધી કહ્યું આવી પાસ,
છુપો ભેદ મુજ પર તુ ખોલી દે ખાસ.
પીદર કોણ મુજના તેની આપ યાદ,
હુ બુન્યાદે કોણ અને કોણુની અવલાદ. ૫૮
જે વારે હુ હોઉ અંજુમનને દરમ્યાન,
તેવારે શુ કહું રાસ્ત કહે તેનુ બ્યાન.
કહ્યુ તે ફરાંનકે અય નામવર,
કેહવા તે કહ્યુ તે કહુ સર બ સર.
સમજ તુ કે ઇરાનની છે સર ઝમીન,
હતો મર્દ એક નામનો આતબીન.
શાહી તુખ્મનો અકલમંદ નામદાર,
કે બાહાદુર ને દાના ન દુઃખનો દેનાર.

તે જંગી તેહમુરસની ખુનીયાદ હતી,
પેઢી દર પેઢી તેને કુલ યાદ હતી.
પીદર તાહારો નેક માહારો ખાવીંદ થાય,
રોશન રોઝ ન માહરો હતો તે શીવાય.
ઝોહાકને કહ્યુય એમ નજુમીએ બસ.
કે કરશે ફરીદુન સીયાહ તુજ દીવસ.
તો ઇરાનમા ઝોહાક જાદુ પરસ્ત,
કે ધારેછે જીવ તાહારો લેવા દુરસ્ત.
છુપાવ્યો છે જેથી તુને આ વખત,
દીવસ કંઇક તંગીમા કાઢ્યા સખત.
પીદર તાહારો નેક તુખમનો તે જવાન,
ફીદા તાહારે કારણ કીધો જેણે જાન. ૫૯
છે બે સાંપા ઝોહાકની ખાંધો ઉપર,
તબા જેથી ઇરાન છે સર બ સર.
પીદરનુ કરી ખાલી ભેજાંથી સર,
કીધો છે તે અઝદાહનો ખોરાક તર.
સેવટ હુ એક જંગલ તરફ ગઇ ખુશાલ,
હતા જ્યાંના કોઇને ઝરાબી ન ખયાલ.
મેં ત્યાં એક દીલકશ ને રંગીં ચિતાર,
જોઇ ગાય ગોયા તે ખુરરમનો બાહાર.
નિગેહબાંન તેનો અદબથી દરેક,
હતો બેઠો તે ગાય નઝદીક છેક.

તેને સોંક્યો મેં તુને લાંબો વખત,
જેને નાઝથી તુને પાળ્યો તુરત.

તે મોર રગની ગાયના તુ થાને ખુશાલ,
થયોછે દેલાવર મગરમચ્છ મીસાલ.

કે અંતે તે જંગલ ને ગાયની ખબર,
એકાએક પડી શાહાના કાનો ઉપર.

તુને લાવી જંગલમા છોડી ઇરાન,
એકાએક તજી ઘરનો સરવે સામાન.

ત્યારે પેલી માયાલુ દાઈ હયવાન,
હતી તેને મારી લીધો તેનો જાન.

ઉડાવીછે ઘરથી સુરજ સુધી ખાક,
તારાજ કીધું રાખ્યું ન બાકી ઝરાક.

આ કાનોથી માદરના સમજી સખુન,
ને ગુસ્સાથી જોશમા આવ્યો ફરેદુન.

દીલ થયું દરદી કીના ભર્યું સર,
કે ચીંન લાવ્યો ગુસ્સાથી અબરૂ ઉપર.

કહ્યુ તેણે માદરને કંઈ ડર નથી,
અઝમાયશ વગર સીંહ દેલાવર નથી.

કરી ચુકયો કરવાનુ તે જાદુગર,
મને જોઈએ હાથ નાંખવો શમશીર પર.

હવે જાઉ હોકમથી યઝદાંના પાક,
કરૂ મેહેલ ઝોહાકનો જઇને ખાક.

ત્યારે માહર બોલી ન કર એ વિચાર.
તુ સંગ ગેતી હરગીઝ નથી પાયદાર.

તખત તાજ ભર્યો ઝોહાક બાદશાહ.
હુકમમા છે જેના કમરબંદ સીપાહ.

હરેક મુલકથી જ્યારે ચાહે તે વાર,
લડેચ બાંધી કંમ્મરને લાખ એક સવાર.

કે દોસ્તી ને જંગના જુદા માર્ગ છે,
ન જો જગને જવાંનીની આંખોથી એ. ૬૧

શરાબ પીધો હોય જેને જવાંનીના આય.
તે નહીં જોતો જગમા કોઈ પોતા સીવાય.

ગરૂરીમા તેવી ગુમાવે છે સર.
ન દીન તાહરો હોજો ખુશાળી વગર

બેટા માહારી નશીયત તુંને યાદ થાય,
કોકટ હોજો સઉ માના કહેલાં સીવાય.

ઝોહાકનું મોટા લોકોથી રાજભકિત અને તાજ તરફની વફાદારીના સોગંદ નામાનું માગવું અને કાવે નામના લુહારનું તેના કકડા કરવુ.

હતું એમ કે રાત અને દહાડો તમામ,
ઝોહાક યાદ કરતા ફરીદુનનુ નામ.

કે પડતીથી કદ વાંકુ વળ્યું બુલંદ,
ને દીલ ફરીદુનથી થયુ દર્દમંદ.
ફીરોઝાનુ તાજ એક દીવસ મુકી સર,
ને બેઠા હાથી દાંતના તખ્ત પર.
બોલાવ્યા હરેક દેશથી દાના મુદામ,
કે પીડ રાજ્યની શીધી રાખે તમામ.
કહ્યુ તેમણે એ રીતે બાગે બુલંદ,
કે અય નેક બુન્યાદોના અકલમંદ.
ખુપા માહારો દુશમન છે કોઈ એક મુદામ.
એ છે વાત ઝાહીર તમોથી તમામ.
જે દાનઈમા મોટો ને નાની ઉમર,
છે નેક તુખ્મ જંગી દેલાવર ઝબર. ૬૨
ઉમરમા છે નાનો પણ જંગીઓ પાસ,
એવું દાના લોકોએ કહેલું છે ખાસ.
કે દુશમન અગર હોય નાનોને ખવાર,
પણ તુચ્છ તેને ગણવો ન જોઈયે લગાર.
નથી ગણતા દુશમનને નાનો કે ખવાર,
ડરૂચ જગની બુરઈથી હુ બેશુમાર.
ને તે માટે માણુસ ને દેવો પરી,
નુ લશકર વધારવું ઘટે છે ફરી.
કે દેવ અને ઇન્સાંની લશકર તમામ.
ઉભું કરવા ચાહુ છુ જેથી મુદામ.

ઘટે તમને મત દેવુ એ વાત પર.
સબબકે એ વાતે છુ હુ નાસબર.

જેથી એક મહેઝર તમોથી લખાય,
કે "બી" નથી રેખ્યું મેં નેકી સીવાય.

નથી બોલતો રાસ્તી સીવા એક સુખન.
નથી કરતો ઇન્સાફે ખામી તદન.

પછી દાનાઓ રાખી બાદશાહનો ડર,
થયા મળતા એ કામોમા સર બ સર.

લાચારીએ અઝદહાના મહેઝર ઉપર,
સહી કીધી ઝઇફો જવાંને મગર. ૬૩

ઓચીંતો તે બાદશાહની દર્ગાહથી એક.
પુકાર દાદ ચાહનારનો ઉઠયો ત્યાં એક.

બોલાવ્યો તે દુખ્યાને નઝદીકમા ખાસ,
બેસાડયો તેને નામદારોની પાસ.

ઝોહાકે કહ્યુ રાખી ગુસ્સાનુ મુખ.
કે બોલીદે કોણથી તેં જોયું છે દુ:ખ.

તો સર પીટી બોલ્યો કે બાદશાહથી તુ,
આ શાહ દાદ ચાહનારો કાવે છુ હુ.

તે માટે હુ આવ્યો છું ઇન્સાફ આપ.
દુ:ખી દીલ છે તુજથી કરૂચ્ જે વિલાપ.

જો થાય કામ ઇન્સાફી તાહરૂ અગર,
તો અય શાહ વધે તાહારી ભારે કદર.

ગુઝર્યો છે રજ તુથી મુજ પર ઝબર,
સદા મારેચ નશતર તુ મુજ દીલ ઉપર.
રવા જો નથી રાખતો મુજ પર સીતમ,
તો કેમ લંબાવેચ હાથ ફરઝંદો ગમ.
હતા માહારા ગેતીમા બેટા અઢાર,
જેમાથી એક બાકી રહયોચ આય વાર.
આ હાલ માહારો જોઇને હે માહારો પીસર,
મબબકે જળેચ હરઘડી મુજ જીગર. ૬૪
મેં સુ કીધું તે મુજને કહી હે આ શાહ.
ન કાઢતો કઈ બાહાનુ જો હોઉ બેગુનાહ.
નઝર કર મુજ હાલ ઉપર અય નામવર,
ન ખેંચ વધુ જંજાલો તુ તાહારે સર.
જો થાય ઝઇફ માણસ તો ફરઝંદો સાથ,
કરેચ લાડ કેમકે છે ધરનારો હાથ.
ઝમાનાએ કીધો મને ઝઇફ નર,
ઉમેદ ભર્યું દીલ કીધું દુઃખ ભર્યું સર.
નથી રહ્યુ ફરઝંદ જવાનીબી ગઈ,
નથી જગમા ફરઝંદના જેવી સગઈ.
સીતમમા પણ જોઇયે છે મધ્યમની હદ,
સીતમ માટે બાહાનાબી જોઇયે બેહદ.
જણાવ મુજને મુજ માટે બાહાનુ છે શુ,
કે ચાહે છે બદી મુજ ઝમાનાની તુ.

લુહાર હુ છુ એક બેગુન્હા સર બ સર.
પડેચ આગ શાહથી માહારા સર ઉપર.

તુ હોય બાદશાહ યાકે અઝદાહ સુરત,
મગર ન્યાય કરવો ઘટેચ આ વખત.

જો છે તાહારી શાહીમા ગેતી તમામ,
માહારેજ માટે રંજ અને સખ્તી શુ કામ. ૬૫

જોઇયેચ માહારી સાથેના કરવો હીસાબ,
કે રહે જેથી હશરનમા આલમ શીતાબ.

મગર માલમ થાય તાહારી ગત્રીથી એમ.
કે વારી મુજ બેટાની આવી છે કેમ.

કે આ અંજુમનમાથી માહારાજ પીસર,
નુ મગ્ઝ આપે સાંપાને તાહારા ઝબર

કીધો તેના કેહવા પર શાહે વિચાર,
અજબ થયો સમજીને વાતો અપાર.

તેને તેના બેટાને પાછો દીધો,
અને તેને મીત્ર અકલથી કીધો.

પછી બોલ્યો કાવે ને એ રીત શાહ,
કે કર તાહારી આય મેહેઝર ઉપર ગવાહ.

જે વારે તે કાવેએ વાંચ્યા હરફ.
કે તેજ વખત સઉ કોઈ દાના તરફ.

પોકાર મારી બોલ્યો આ દેવ પરસતાર,
નથી ડરતા યઝદાથી દીલમા લગાર.

દોઝખ તરફ મોં કીધાં છે સર બ સર.
ને દીલ ધર્યા છે તેના કેહવા ઉપર.

આ મહેઝર પર સહી માહારી કરતો નથી,
કદી બાદશાહથી હું ડરતો નથી. ૬૬

પુકાર મારી ઉઠયો ધ્રુજી તે વખત,
મહેઝર ફાડી પગ તલે નાખી તુરત.

બેટાને ચલાવી આગળ પ્યારથી,
પુકાર કરતો બાહાર આવ્યો દરબારથી.

દોઆ કીધી દાંનાઓએ શાહા ઊપર,
કે અય ગેતીના બાદશાહ નામવર.

તુને જંગ વેલા આ ફરતું અસ્માન,
પુગાડી નથી શકતુ હરગેઝ જેઆન.

તો બેહુદું બોલનારો કાવે આ ખાસ,
શા માટે થાય સુર્ખરૂ તાહારી પાસ.

તાહારા કઓલ માફકનો મહેઝર ધરે,
ને ફાડી તે તાહારા હુકમથી ફરે.

કીના ભર્યું સર દીલ કરી ચાલી જાય,
ગોયા બખત આવ્યો ફરીદુનનો આય.

એથી બુરૂ જોયું નથી હમે કામ,
એ કામમા હેરત હમો છઇયે તમામ.

દીધો નામવર બાદશાહે જવાબ,
અજબ જોઇયે સાંભળવું મુજથી શીતાબ.

બોહ્યો મુલ્કના દાના સનમુખ શાહ,
છે ડર કે થશે રોઝ રોશન સીઆહ. ૬૭

આવ્યો કાવે દરબારે થઈ જો નારાઝ,
બે કાને મેં સાંભળીયો તેનો અવાઝ.

તો દરબારે માહારી અને તેની આડ,
ગોયા એક ઉગ્યો તો લોખંડી પાંહાડ.

બે હાથો બે માર્યા તેણે સર ઉપર,
અજબ છે કે દીલ માહારૂ તુટીયું ઝબર.

હવે શુ થશે તે ન માલુમ મગર,
નથી ભેદ આસ્માની કોઈને ખબર.

ગયો કાવે બાદશાહની દરગાહથી બાહાર.
કે એકઠું થયું લોક ત્યાં ભર બઝાર.

પુકાર મારી ફર્યાદો કીધી મુદામ,
કીધી ગેની ઇન્સાફ બાઝુ તમામ.

હથોડાઓ મારતી વખત જે લુહાર,
ચરમ પગમા પોતાના પેહેરે છે ચાર.

ચઢાવ્યું તે કાવેએ નેઝાને સર,
કે ધુળ ઉડી બાઝારોમાથી ઝબર.

ધરી નેઝો ચાલતો ને કરતો પુકાર,
કે અય સર્વે યઝદાં પરસ્ત નામદાર.

ખાહેશ ફરેદુનની જેને હોય અગર,
બચાવાને ઝોહાકના બંધમાથી સર. ૬૮

તો ચાલો જઇએ સઉ ફરીદુનની પાસ,
આરામ લેવા તેના સાંયા નિચે ખાસ.
તમો દોડો ઓહાકતો છે એહરેમન,
ખુદાનો છે દીલથી એ શત્રુ રીમન.
વગર મુલનુ તુચ્છ ચર્મ એક આ મુદામ,
જેથી દોસ્ત દુશમન છે ઝાહેર તમામ.
આગળ ચાલતો તે નામવર સઉની ખાસ,
જમા જંગી લશકર થયું તેની પાસ.
તે જાણુતો હતો છે ફરીદુન ક્યાં,
સીધે રસ્તે ચાલ્યો સર ઉચકીને ત્યાં.
નવા શાહાની દરગાહમા આવ્યો તે નર,
ને જોઈ દુરથી શોર તેણે કીધો ઝબર.
ચરમ શાહે જોયું નેઝા પર સરસ,
અકલથી પ્રજા જુંડો ઠેરવ્યો બસ.
કે ગોંહરના બુટાને રૂમી કમખાબ,
ને ઝર સોનેરીની ઝમીન બે હીસાબ.
લીધો સર ઉપર ગોલ માહની મીસાલ,
પાયો નાખ્યો બાદશાહે તે નેક ફાલ.
ગોંહર જડ્યાં લાલ અને પીલાં તમામ,
જુંડો કાવેયાંની દીધું તેનુ નામ. ૬૯
કે ત્યાર બાદ જે કોઇબી લેતોતો રાજ,
ને માથે શાહી માટે મુકતો જો તાજ.

ચરમ તે લુહારના નજીવાં ઉપર,
ચઢાવતો નવાં નવાં કીમતી ગોહર.

શુ કીમતી કમખાબ અને રેશમ ને ઝર,
થી કાવ્યાંની જુંડો થયો સર બ સર.

હતો જાણે અંધારી રાતે ખુરશેદ,
જેથી ગેતીનુ દીલ હતુ ભર ઉમેદ.

કે એ માફક કંઈ એક ઝમાનો જતો.
બનાવ છુપ્યો રાખ્યો જે બનનાર હતો.

ફરીદુને જોઈ ગેતી એવી અગર,
કે ગેતી છે બરગશ્તા ઝોહાક પર.

શાહી કુલાહ સર પર ધરી મા ની પાસ,
ગયો કમરબંદ બાંધી કંમરે ખાસ.

ને બોલ્યો હુ જંગમા જવા માગુચ આય,
ન કામ હોતુ તુને એબાદત સીવાય.

બુલંદ રબ છે ગેતીમા સરવેની સાથ,
તુ મુશકીલમા લંબાવજે તે બાજુ હાથ.

આંસુ રેડ્યાં આંખોથી માદરે ખાસ,
કીધી રબની ખુંનભર્યા દીલથી સેપાસ.

કહ્યુ તેણે યા દાવરો દાદગર,
એને સોંપ્યો તાહારી પનાહમા મગર.

બચાવજે બુરાઓથી તુ એનો જાન,
કમ અકલીથી કરજે આ ખાલી જહાન.

ફરીદુન જવા થયો જલદી તઈયાર,
છુપી વાત રાખી હરેકથી અપાર.
મુબારક ભાઈયો બે સાથી થતા,
વડા તેથી બેહુ નેક મર્દો હતા.
તેઓમાથી નામ એક "કયાનુશ હતું,
બીજું નામ "પુરમાયે" બહુ ખુશ હતું.
ફરીદુને તેમણે કહ્યો સર્વે હાલ,
કહ્યું અય દીલેરો જીવો ખુશ ખુશાલ.
કદી ફરશે આસમાન નેકી ઉપર,
તો કુલાહ બુઝર્ગીની મળશે મગર.
તમે લાવો જઈ કોઈ દાના લુહાર,
કરે ગુર્ઝ મુજ માટે જે એક તઈયાર.
ગયા બેહુ દોડી સુની તે વખત,
બઝારે લુહારોના આવ્યા તુરત.
હતા જે હુનરમા ખબરદાર ખાસ,
તેઓ આવ્યા જલ્દી ફરેદુનની પાસ. ૭૧
જહાંજોએ તે વખતે લીધી પરકાર,
ગુરઝનો એક પાડી બતાવ્યો આકાર.
ઝમીન ઉપર નઝદીક પોતાની તેવાર,
ચિતાર્યો તેણે એક ગઉનો ચિતાર.
લુહારોએ માંડયો તે કરવા તઈયાર,
થયું ગુર્ઝનું કામ પુરૂ જે વાર.

લાવ્યા ગુર્ઝ ત્યારે શેહનશાહની પાસ,
પ્રકાશીત હતો ગોયા આફતાબ ખાસ.

પસંદ આવ્યું તેને લુહારોનુ કામ,
પોશાક સોનુ રૂપુ બખશ્યું ઇનામ.

મુબારક ઉમેદ તેમણે આપી મુદામ,
ને ખુશખબરી મોટઇની કીધી તમામ.

ઝોહાકને અગર હુ કરશ ઝેરે ખાક,
તો હર મુશકીલોથી કરશ તમને પાક.

ફેલાવશ હુ ગેતીમા ઇન્આફો દાદ,
દેવાડશ હુ દાદારનુ નામ યાદ.

ફરીદુનનું ઝોહાકની લડાઇ ઊપર જવું.

બાહાર કાઢયું આફતાબે જેવારે સર,
ફરીદુને બાંધી કીનામા કંમર.

મુબારક સેતારેનો તે નેક ફાલ,
બાહાર આવ્યો ખુરદાદ રોઝે ખુશાલ. ૭૨

જમા થયું લશકર તે નેક બખતનું,
સર આસ્માને લાગુ તેના તખતનું.

તો પાડાઓ મસ્ત અને હાથી સવઈ,
કે ચાલ્યા તે લશકરનો સામાન લઈ.

કયાંનુશ ને પુરમાયે બાદશાહની સાથ,
ગણી નાનો ભાઈ ધરી ચાલ્યા હાથ.
પવન માફક ચાલ્યા તે લાંબી મંઝીલ,
કીના ભર્યાં સર હતાં દાદ ભર્યાં દીલ.
આવ્યા તેઓ અરબી સવારોની પાસ,
જ્યાં રેહતા હતા રબ પરસ્તોબી ખાસ.
જગા પર તે નેકોની કીધો મુકામ,
દોઆના કેહવાડ્યા તેઓને કલામ.
જો થઈ રાત ભારી જેવારે સીયાહ,
કે એક આવ્યો તે બાજુથી નેક ખ્વાહ.
હતા પગ સુધી કસ્તુરી જેવા બાલ,
ચેહરો જાણે બેહસ્તની પરીની મીસાલ.
સરોશ બેહશતમાથી તે આવ્યો શીતાબ,
કેહેવા તેને બનવાનુ સારૂ ખરાબ.
પરી માફક આવ્યો ફરેદુનની પાસ,
અને શીખવી છુપી નીરંગ તેને ખાસ. ૭૩
કે જેથી તે ભેદોની ચાવી ધરે,
નીરંગથી છુપા ભેદ ઝાહેર કરે.
ફરીદુને ધાર્યું કે યઝદાંથીજ અહીં,
એ આવ્યોચ એહરેમનના કામે નહીં.
ચેહરો શાદગીથી થયો તેનો લાલ,
દોલત જોઈ ઊછળતી ને તનને ખુશાલ.

સફઈદાર ખાણાનો ખુમચો તેવાર,
બાવરચીએ કીધો તે માટે તઇયાર.

ખાધા બાદ સર થયું ભારી અપાર,
જેથી ખાબ કરવાનો કીધો વિચાર.

ફીરેશતાઈ ખસલત અને પાક કામ,
બુલંદ તેનુ તકદીર જોઇને તમામ.

શીતાબીથી બેહુ ભાઇયો ઉઠ્યા તે વાર,
થયા તેને મારવાને જલદી તઇયાર.

હુતો પાહાડ પર બીજો પાહાડ એક ઝબર,
છુપાયા બે ભઈ ફ્રઓજથી તે ઉપર.

સુતો લાડથી કોહ નિચે શેહરીયાર.
અને જેને થઈ રાત થોડી પસાર.

ચઢ્યા પાહાડ ઉપર બેહુ બેદાદગર,
હતી જે વિષે કોઇને કંઇ ના ખબર. ૭૪

ઉખેડ્યો ખડકમાથી પત્થર ઝબર,
બુરાં કામોનો અંત જાણ્યા વગર.

ઊખેડ્યો એવી નેમથી તેણુ સંગ,
કે સર તેનુ છુંદે તુરત બેદીરંગ.

નાખ્યો પાહાડપરથી નિચે થઈ નચિત,
તે સુતાને જાણ્યો મુવેલો ખચિત.

પણુ રબના હુકમથી સુતેલાનુ સર,
બીદાર કીધું સંગના અવાજે ઝબર.

નીરંગથી તે પત્થરને બાંધી લીધો,
જરાબી તેને નહીં ઢલકવા દીધો.

ફરીદુન રહયો ચુપ બાંધી કંમર,
કીધી એ વિષે તેઓને ના ખબર.

હતો કાવે લશકર હરોલ નામવર,
ઓહાક માટે દીલ જેનુ કીનામા તર.

મુબારક પેલો ઝુંડો કાવ્યાંની બસ,
ઉઠાવ્યો હતો બાદશાહી સરસ.

ને અર્વંદ નદી બાજુ ચાલ્યો તે એમ,
કે જેમ તાજવર નરને લાયક હોય તેમ.

અગર તુ ન જાણુતો હોય પહલવી ઝબાન,
તો અર્વંદ ને અરબીમા દજલે તુ માન.

કીધી મંઝીલ આઝાદ શાહે દીગર,
કે બગદાદમા નદી અર્વંદપર.

જ્યારે કીધો અર્વંદ નદી પર મુકામ,
ખલાસીઓને મોકલી ઝાતે સલામ.

કે હોડી ને કીશતી તમે સઉ ઝબર,
શીતાબીથી છોડો આ પાણી ઉપર.

મને ફઓજ સાથે કરો પેલે પાર,
ન હ્યાં કોઇને દેશો રેહવા ખબરદાર.

ખલાસી તે કીશ્તીઓ લાવ્યો નહીં,
નિચે શાહના કેહવાથી આવ્યો નહીં.

જવાબ આપ્યો તેણે કે ઓહાકે ખાસ,
છુપી રીતે કહેલું છે એમ માહારી પાસ.

કે જ્યાંસુધી પરવાનો પાંમે ન અહીં,
ત્યાંવેર હોડી કોઇને હેતો નહીં.

ફરીદુન એ સમજીને ગુસ્સે થયો,
ઊંડાં પાણીથી તે ડરી નહીં ગયો.

કંમર બાંધી ઝુન્દીથી શાહી તેવાર,
ને સિંહ દીલનાં ઘોડા પર બન્યો સવાર.

કીના જંગ માટે થયું તેઝ સર,
ગુલરંગ ઘોડો જોંકાવ્યો પાણી અંદર. ૭૬

તેના સાથીઓએબી બાંધી કંમર,
એકેક પુઠે પાણીમા જોંકાવ્યાં સર.

પવન બોલે આફ્રીન એવા અસ્પ પર,
બેસી કીધી ઝીન સઉએ પાણીમા તર.

ઘોડાઓના પાણીમા દોડવે મુદામ,
અસ્વારોના સર ફરવા લાગ્યાં તમામ.

કરે રાતે જેમ ભુત ચાલા ઝબર,
કે તેમ આવતાં ચાલો શરીર આબ પર.

ઝમીન પર તે જંગીઓ ઉતરી ગયા,
રવાના તે બએતુલમુકદદસ થયા.

ઝબાં પહલવી જ્યારે બોલતા તે પુખ્ત,
ત્યારે તેને કહેતા તા "ગંગદેહઝહુખ્ત."

પાકધર તુ અરબીમા તેને પીછાણુ,
બુલંદ મેહેલ ઝોહાકનો જેને તુ જાણુ.
તે જંગલથી શેહેર તરફ આવ્યા જેવાર,
ગોયા શેહેરમા તેઓ ફાયદા કરનાર.
મંઝીલ એક ફરીદુને કીધી નઝર,
તો મેહેલ એક શાહનો તે જોયો ઝબર.
બુલંદ આસમાનોથી અયવાન તે,
ગોયા લુટી લેશે સીતારાને જે. ૭૭
તે નુર ભર્યા ભૃહસ્પતિ ગૃહની મીસાલ,
કે સઉ જગે સુખ અને શાંન્તી ખુંશાલ.
જો જાણ્યું તે અઝદહાનુ છે આ મુકામ,
બુઝર્ગી ને મોટાઈ ભર્યું તમામ.
કહ્યું સાથીઓને અંધારાં મુકામ,
થી જગ્યા બુલંદ જેણે કીધીચ તમામ.
તો એ વિષે છે મહને ભારે ખતર,
છુપો ભેદ જગ જેથી રાખેચ ઝબરં.
છે બેહતર કે આ તંગ જગ્યા ઉપર,
જલ્પ કરવી જોઇએ હવે ઢીલ વગર.
હાથ નાખ્યો ગુર્ઝ ઉપર એમ કહી મુદામ,
કીધી તેઝ ઘોડા હવાલે લગામ.
ગોયા તે એક આતશ ખરેખર છે ખાસ,
બુલંદ છે જે મેહેલના નીગેહબાંનો પાસ.

ઉઠાવ્યો ગુરજ ભારી ઝીન પરથી તે,
ઝમીન ગોયા માગતો લપેટવાને જે.

રહ્યો કોઈ નહીં ચોકીખાનોમા ખાસ,
ફરીહુને યઝદાંની કીધી સેપાસ.

જવાન જગથી અંજાણો બાહાદુર નર,
બુલંદ મેહેલમા આવ્યો ઘોડા ઉપર. ૭૮

ઝોહાકે બનાવ્યો હતો તીલેસ્મ,
હતું જેનુ સર ઊંચે આસ્માન ગમ.

તેને લાવ્યો નિચે ફરીહુન તમામ,
કારણ જેમા જોયું ન યઝદાનુ નામ.

કે જે આવતો સામો તેના સર ઉપર,
ગુરઝ તેને ગાવેઆની મારતો ઝબર.

હતા જેઓ કે મેહેલમા જાદુગર,
તેઓ દેવ હતા સરવે નામીચા નર.

ભારી ગુર્ઝથી કુટ્યાં તેઓના સર,
બેઠો જાદુગરના તે તખ્ત ઉપર.

મુકયો તેણે ઝોહાકી તખ્ત ઉપર પગ,
કુલાહ શાહી પેહડીને લઈ લીધો વગ.

કીધી ચો તરફ મેહેલમા તે નઝર,
પતો તેનો લાગો ન હરગેઝ મગર.

સીયાહ આંખ આફતાબી ચેહરાની નાર,
ઝનાનખાનામાથી તેના લાવ્યો બાહાર.

હુકમ ગુસ્લ કરવાનો તેમણે દીધો,
તેનો પાક ગુમરાહીથી જીવ કીધો.

પલીદીથી કુલ પાક તેમણે કરી,
ખુદાતાલાની રાહ બતાવી ખરી. ૭૯

પલેલાં હતાં બુત પરસ્તીમા હાલ,
પરેશાં હતાં મસ્ત માણુસ મીસાલ.

તે જમશેદની બેહુ બેટીઓ નેકનામ,
કે આંખોએ વર્સાવ્યાં આંસુ તમામ.

કહ્યુ એમ ફરીદુનને બોલી ઝબાન,
કે છે ઝઈફ જગ ત્યાં સુધી રેહજે જવાન.

અય નેક બખ્ત તાહારો સીતારો છે શુ,
છે ફળ કોણ ઝાહાડોની શાખોનુ તુ.

કે સિંહના બીછાનાની આગળ ખુશાલ,
તુ આવ્યોચ દેલાવર નરોની મીસાલ.

તે કમઅકલી જાદુ પરસ્તના આ કામ,
શી હમ પર બુરી થઈછે ગેતી તમામ.

આ અઝદાહની બાઝુવાલા દેવ મર્દ,
ની દીનનાથી ખમ્યું છે બહુ દુઃખ દર્દ.

કે હ્યાં કોઇએ રાખી હોય હીંમત અગર,
હમે એવો જોયો નથી પુર હુનર.

જેના તખ્તનો ખ્યાલ કીધો હોય ખાસ,
યા મર્તબો લેવાની રાખી હોય આસ.

જવાબ ફરીદુને દીધો તેજ વખત.
નથી રેહતુ કોઈ સાથે કીસમત કે તખ્ત. ૮૦

હુ બેટો છુ "આત્બીન" ખાનદાનથી,
ધર્યો જેને ઝોહાકે ઇરાનથી.

તેને માર્યો ખ્વારીથી જે કીનો ખાસ,
લેવા આવ્યોચ ઝોહાકના આ તખ્ત પાસ.

દાઈ ગાએ પુરમાએ પ્યારી હતી,
તેના તનની સુરત એક ન્યારી હતી.

કે મલ્યુ શુ નાપાક નરને ઝબુન,
એવાં મુગાં પ્રાંણીનુ કરવાને ખુન.

કંમર બાંધી છે જંગ કરવા તે કાજ,
કીના માટે ઇરાનથી આવ્યો છુ આજ.

ગુરઝથી આ ગાવપયકર હુ તેનુ સર,
છુંદસ બસ રહમ યાકે માયા વગર.

સમજી જ્યારે આ "અર્નવાઝે" ખબર,
થયો ભેદ ખુલ્લો તેના દીલ ઉપર.

કહ્યું તુજ ફરીદુન શેહરીયાર છે.
કે જે જાદુ મંત્રોનો તોડનાર છે.

જશે તાહારા હાત ઉપર ઝોહાકનો જાન,
તાહારા કંમર બાંધવાથી છુટી છે જહાન.

શાહી તુખમની બેહુ હમો નામવર.
થયાં તાબે તેને કરી દુઃખનો ડર. ૮૧

એવી રીતે બે સાંપ વાલા તે નર,
થી રહીયે હમો કેમ શાહ નામવર.

જવાબ ફરીદુને દીધો થઈને શાદ,
જો આસ્માન દેશે બુલંદીથી દાદ.

કરશ પગ ઝમીન પરથી ઝોહાકના ચાક,
ને ધોઈ ગેતી રાખશ તે નાપાકથી પાક.

ઘટેચ સાચું કેહવું તમોને તુરત,
કે કયાં છે તે નિચ અને અઝદાહ સુરત.

બોલ્યો ભેદ તે અવરતોએ અગર,
કે કાતરમા આવે તે અઝદાહનુ સર.

ગયોચ હીંદુસ્તાન એવા બોલી કલામ.
કે મર કરે દેશ જાદુગરનો તમામ.

તે કાપે છે નિર્દોશ હઝારોના સર.
બીધેલો છે આ બદ ઝમાનાથી નર.

હતું કહેલુ તેને નજુમીએ એક,
થશે ખાલી તુજથી ઝમીન આ દરેક.

કે લેશે ફરીદુન આ તાજ અને તખ્ત,
ને એ માફક કરમાઈ જશે તાહારૂ બખત.

જળેચ તેનુ એ ફાલ સમજી જીગર,
ને ઝીંદગીબી નાખુશ છે તેની ઉપર. ૮૨

જનાવર ને મરદો ને અવરતનુ ખુન,
જેથી રેડી એકઠું કરે છે ઝબુન.

કે ધોય પેલાં ખુનમા તે તનને ખુશાલ,
ઊથી થાય સેતારે શીનાસોની પ્રાલ.
ખભાં પરના સાંપોથી દુઃખી સર્યામ,
ઓચંબામા રહેલો છે ડુબ્યો તમામ.
ઘડીમા તે ગરદેશ ઘડીમા તે દેશ,
નથી ઊંઘતો અઝદાહના દુઃખથી હંમેશ.
થયોચ પાછો ફરવાનો તેનો અઇયામ,
નથી તેના સુખનુ કોઇ એકબી મુકામ.
એ ભેદ ખોલ્યો ઝખ્મી જીગર નારે નેક,
તે સાંભળીયો ગર્દન ફરાએ દરેક.

ફરીદુન આગળથી ઝોહાકના કાસીદ "કુન્દરવ"નું નાસી જવું અને ઝોહાકને ખબર કરવી.

ઝોહાકથી થતો મુલ્ક ખાલી જેવાર.
તો નોકર એક સરદાર રેહતો તેવાર.
જે સાચવતો તખ્તો ખઝાનો મકાન.
રેહતો તેની દીલસોઝીમા બહુ હેરાન.
તેને કેહતા "કુન્દરવ" એ માટે અહીં,
કે બાઝ આવતા એહદીથી તે નહીં.

કે જઈ મેહેલે "કુન્દરવે" કીધી નીગાહ,
તો જોયો નવો એક દરબાહમા શાહ. ૮૩

હતો બેઠો ખુશ ઉંચી જગ્યાએ ખાસ,
કે જેમ ચંદ્ર હોય સર્વની આસ પાસ.

સરવ જેવી એક હાત પર શાહરનાઝ,
બીજે હાત માહતાબ મુખ અર્નવાઝ.

તમામ શેહેર લશકરથી ભર્યું ઝબર,
સીપા સફ્ સમારી ઊભા દર ઉપર.

ન ભેદ પુછયો તેને યા ન ખાધો ડર,
સલામ તેણે કીધી નમી બેખતર.

દોઆ તપર કીધી કે અય બાદશાહ,
ઝમાના તલક રેહેજે તુ નેક ખ્વાહ.

હોજો તાહારૂ બેસવું મુબારક અઈયામ,
કારણ તુ છે શાહીને લાયક તમામ.

ગેતી હોજો તાબે તુને સર બ સર,
બુલંદ હોજો વર્સાદી વાદળથી સર.

ગયો ફરીદુનના બોલાવાથી પાસ,
વાકેફ કીધો સઉ ભેદોથી તેને ખાસ.

એવું બોલ્યો ત્યાં બાદશાહ નામવર,
કે જા શાહી લાયકનો સામાન કર.

અને જલદી રામેશગરોને બુલાવ,
શરાબ ભરી જામો ને ખુમ્ચાઓ લાવ. ૮૪

કે મુજ લાયક રામશની કરનાર હોય,
ને મીજલસમા ખુશ દીલ બનાવનાર હોય.

જેવી રીતના લાયક હોય મુજ બખ્તની,
તેવાને તુ લાવ પાસે આ તખ્તની.

સુખન તેના "કુન્દરવ" સાંભળતાં વાર,
નવા શાહના કેહવા મુજબ કીધું ત્યાર.

સફ઼ઇદાર શરાબ અને રામેશગરો,
તેને લાયક બુન્યાદી નર અક્સરો.

શરાબ પી ખુશી શાહે ભારી કીધી,
સારી રાત મેહેફીલ ને જારી કીધી.

ને કુન્દરવ બાંમદાદ થઈ ગઇ જેવાર,
નવા શાહની આગળથી આવ્યો તે બાહાર.

તેઝી એક ઘોડા પર બેસીને ખાસ,
કે આવ્યો પછી શાહે ઝોહાક પાસ.

આવી લાગ્યો બાદશાહની નઝદીક જેવાર,
કહ્યું સાંભલેલુ ને જોયલુ તેવાર.

કે ગર્દન કશોના એ શાહ નેક નામ,
નીશાં છે થવા તાહારૂ બરગશ્તે કામ.

ત્રણ મર્દ બાહાદુરો લશકરની સંગ,
કે પર મુલ્કથી આવ્યા છે બેદીરંગ.

તે ત્રણમા છે એક નાનો ભારે દીલેર,
સીધો સર્વ કદનો ને છે શાહી ચેહેર.

ઉંમર નાની ડાહ્યપણમા છે બહુ ઝબર,
જેથી ચાલેચ લશકર હરોલમા તે નર.

ધરાવેચ ગુરઝ પાહ્ડી ટુકડ઼ા મીસાલ,
દીપી નીકળે છે સરવેમા તે ખુશાલ.

ઘોડ઼ા ઉપર આવ્યોચ તુજ અચવાંને શાહ,
તે સાથે બે સરદારો છે નેક ખ્વાહ.

શાહી તખ્ત પર કીધો આવી મુકામ,
નાબુદ કીધા છે તાહારા ચારા તમામ.

ને જે કોઈ કે મર્દાને મરદો જવાન.
તથા દેવોબી જે હુતા તુજ મકાન.

કે સર કાપ્યા ઘોડેથી એક્કી વખત,
ભેલ્યાં મગ્ઝ લોહી સાથે સઉના તુરત.

ઝોહાકે કહ્યુ કે થવું જોઈયે એમ,
કે મેહમાન આવી ખુશી થાય તેમ.

જવાબ દીધો પેશકારે એવો તુરત,
કે મેહમાન લઈ ગુર્ઝ ગાયની સુરત.

મેહમાનીમા આવેતો દુર રેહજે હાલ,
મેહમાનથી તે વદ્યો છે સર ને સલામ. ૮૬

કે બેઠા છે મરજીથી તાહારે મુકામ,
મીટાડેચ કમરબંદથી તે તાહારૂ નામ.

છે બેદીલ જે તુજથી કીધા તેને પાસ,
એવાને ગણેછે તુ મેહમાન ખાસ.

ઓહાકે કહ્યું કર ના એટલો પુકાર,
મેહમાન ખુલ્લાં દીલનો સગન બેશુમાર.
દીધો ત્યારે કુન્દરવે એવો જવાબ,
મેં સાંભળ્યું છે તુબી સાંભળ શીતાબ.
જો મેહમાન તાહારો તે છે નેકનામ,
તો તાહારા ઝનાનામા શુ તેનુ કામ.
કે તે શાહા જમશીદની બેટીઓ સાત,
કરે છે જે કમ ઝયાદા બેસીને વાત.
ધરેચ ચેહરો એક હાત શહરનાઝનો,
બીજે હાત અકીક હોટ અરનવાઝનો.
કરેચ સીયાહ રાતે તો એથી ખરાબ,
કે સર નિચે ટકયો કરે છે શીતાબ.
માહાતાબ ચેહેર બેહુના તે પકડે છે ગાલ,
હંમેશની જેછે તાહારી દીલખ્વાહ મીસાલ.
કરેચ બાઝીગર જેવા ખેલ તેની સાત,
ઝોહાક તાઝીને બોલે છે બુરી વાત. ૮૭
નરે દેવા જંગીને મારેચ અને,
ઘટેચ તોબી મેહમાન એવા તને.
ઝોહાકે આ સમજી વરૂની મીસાલ,
છેડઈ સાતની કીધી ખ્વાયશ ખુશાલ.
દીધી ઝાલો ને પાંડી બુમો ઝબર,
અતીશે થયો ગુસ્સે બદ બખ્ત પર.

કહ્યુ તેણે કે આજથી મુજ મકાન,
નો હરગેઝ થતો ના હવે પાસબાન.

જવાબ પેશકારે તેને એમ દીધો,
કે અય શાહા મેંબી વિચાર એમ કીધો.

નફો મળશે નહીં તખ્તનો આ તને,
ઘણી શેહેરનો કેમ કરશે મને.

રેહશે બેનસીબ તખ્તથી તુ તમામ,
તો કેમ દેશે વહીવટનુ તુ મુજને કામ.

બુઝર્ગી ઉપરથી ખમીરમાના બાલ,
મીસાલે બાહાર આવશે તુ શાહ સમાલ.

આવી બેઠો દુશમન તાહરો તાહારે તખત,
ગુરઝ ગાવ પયકર ધરી હાત સખ્ત.

તાહારાં ફ્રન ફરેબ રદ કીધાં બેશુમાર,
કીધું તખ્ત નાબુદ ધરી તાહારી નાર. ૮૮

તુ શામાટે જોતા નથી તાહારૂ કામ,
કે આગળ નથી આવ્યો એવો અઇયામ.

ફરીદુન સાથની ઝોહાકની લડાઇ અને ફરીદુનનું ઝોહાકને દમાવંદ પાહાડ ઉપર બંધ કરવું.

ઝોહાક આવ્યો જોશ અંદર સમજી કલામ,
તુરત માંડી તઇયારી કરવા તમામ.

હુકમ કીધો તેણુ જેથી તેઝ તર,
કસી લીધાં ઝીન સરવે ઘોડાઓ પર.

લડાયક નરે હેવાના કુલ મુદ્દામ,
આવ્યો ભારી લશકરની સાથે તમામ.

ઉગટ રાહે મેહેલની અગાસીને દર.
ઘેરી લઈ ઉઠાવ્યું કીના માટે સર.

ફરીદુનના લશકરને થઈ જો ખબર.
તો ચાલ્યા તેઓબી ઉગટ રાહુ પર.

નીચે ઉતરી ઘોડેથી તેઓની સંગ.
અને લાગ્યા લડવા તે જગ્યામા તંગ.

લડાઈ લાયક માણસો શેહરી ઝબર.
હતાં જે અગાસી ને દરવાઝા પર.

ફરીદુનની તરફેણમા તે સઉ જતાં,
કારણ ઝુલ્મથી કીના ભર્યાં હતાં.

દીવાલોથી ઇંટો અગાસીથી સંગ,
ને શેહેરમાથી તલવારો તીરો તુફંગ. ૮૯

વરસ્યાં કરા જેમ નાખે આકાસ,
જગા જેથી રહી નહીં ઝમીનઉપર ખાસ.

જવાંનો હતા શેહેરમા બાહદરો,
અને ઝઈફ જંગના દીલેરો નરો.

ફરીદુનના લશકરમા સરવે ગયા,
ઝોહાકી ફરેબમાથી ફારેગ થયા.

ધુંજ્યો પાહાડ જંગી ક઼ીલોક઼ાલથી,
ઝમીન ઝેર થઈ અસ્પોની નાલથી.

વાદળ જેવી સર ઉપંર લશકરની ખાક,
થયાં દીલબી નેઝાથી પત્થરના ચાક.

પુકાર આવ્યો આતીશ કદાહ માથી બાહાર,
અગર એક દરીન્દું બને શેહરીયાર.

તાબી માણુસુ તેના ફરમાનો સહી,
હમો ઝઇફ જવાંનો કદી ફરસુ નહી.

નથી માગતા તખત ઉપર ઝોહાકને,
તે અઝદાહની સુરતના નાપાકને.

શુ શેહરી કે જંગીઓ પાહારો મીસાલ,
જમા થઈ ગયા જંગ માટે ખુશાલ.

સીયાહ ખાક ઉડી શેહેરમાથી ચોઅંગ,
થયો જેથી ખુરશેદ આસ્માની રંગ.

હસદથી ઝોહાકે શુ ચારો કીધો,
મારગ ફઓાજથી મેહેલ બાઝુ લીધો.

બદન ઢાકયું લોઢાંથી તેણે તમામ,
કે લશકરમા ઓળખે નહીં કોઇબી મુદામ.

એકાએક મહલમા તે આવ્યો બુલંદ,
કે લઈ હાથમા સાહાઠ ગ઼ઝની ક઼મંદ.

સીયાહ આંખો શાહરનાઝની તેણે જોઈ.
ફરીદુનથી કરતી છુપી વાત કોઈ.

રાત જેવાં ઝુલ્ફાં દીવસ જેવા ગાલ,
ને લાંનત ઝોહાક ઉપર કરતી ખુશાલ.

કામ તેણે જાણ્યું એ રબનુ સહી,
બદીથી તે છુટકારો જોશે નહી.

અદેખાઇનો આતશ મગ઼ઝમા ઝબર,
ઉઠયો જેથી નાખી કમંદ મેહેલ પર.

કે નહી તખ્તનો જીવનો કીધો ખતર,
ઉતર્યો મહલમા ચઢી બાંમ પર.

હતુ તેઝ ખંજરબી તેની ચુંગાળ,
પરી ચેહેરોના ખુનનો બન્યો વિકાળ.

ને મ્યાનમાથી ખંજર તે ખેંચ્યું તમામ,
કે નહીં ભેદ ખોલ્યો કે નહી બોલ્યો નામ. ૯૧

મુકયો પગ ઝમીન ઉપર તેણે ખુશાલ,
કે દોડ્યો ફરીદુન પવંનની મીસાલ.

ને હાત ગુર્ઝ ગાવ્યાંની લીધો ઝબર,
ફુંદી તેની કુલાહ ઝરબ મારી સર.

મુબારક સરોશ આવી બોલ્યો તે પલ,
ન માર એની આવી નથી કંઈ અજલ.

બાંધ પત્થર માફક એવી રીતે ખાસ,
લઇજા જ્યાં મળે પાહાડ બે પાસ પાસ.

બંધ કરવું પાહાડોમા છે નેક કામ,
ન કોઈ બેશી નઝદીકમા આવે મુદામ.

એ સમજી ન ઢીલ ફરીદુને કીધી,
કમંદ સિંહુ ચરમની બનાવી લીધી.
બાંધ્યા બંધમા બેહુ હાથો કંમર,
ન તોડી શકે મસ્ત હાથી ઝબર.
બેઠો તે તેના સોનેરી તખ્ત પર,
રેવાઝો કીધા દુર બદ સર બ સર.
મુનાદીને પીટવાનો કીધો હુકમ,
કે જે કોઈ અકલ રાખતા હોય ઇસમ.
ન જોઇએ તેને સાજ જંગનો તમામ,
તથા શોધવુ જોઇયે ન કીર્તિ કે નામ. ૯૨
સેપાહોને લાયક નથી એ મુદામ,
મળી વેપારીથી એકજ કરે કામ.
કે એક કારીગર બીજો જંગી સર્યામ,
તે સૌ સૌને લાયકનુ ઝાહેર છે કામ.
કરે એનુ તે અને તે એનુ કામ,
તો થાય ગેતી હયરત ભરેલી તમામ.
તે નાપાક છે બંદમા સર બ સર,
કે ગેતી હતી જેનાથી પુર ખતર.
હવે ખુશ હરાઝ ઊમ્ર ભોગવો તમામ,
ને જાઓ સરવે થઈ રાઝી પોતાને કામ.
કે બાહાદુર હુનરમંદ શાહાના તે યાદ,
સુખન સઉએ રાખ્યા બની શાદ શાદ.

પછી શેહેરના નામદારો તે ખાસ,
કે ઝરને ખઝાંનો હુતો જેઓ પાસ.

તે આવ્યા ખુશીથી લઈ હદયો ઝબર.
ને દીલ મુકયું તેના ફરમાનો ઉપર.

ફરીદુને તેમણે નવાઝી લીધા,
ને મર્તબા દાનઈની શાહે દીધા.

દોઆ દઈને નશીયતો આલા દીધી
અને યાદ તે પાક રબની કીધી. ૯૩

કહ્યું તેણે કે આય માહારૂ છે તખ્ત,
બુલંદ પ્રાલ માફક તમારૂ છે બખ્ત.

કારણ મહને આવવાને યઝદાંએ હ્યાં.
ઉસકેર્યો છે જો અલબુરઝ ઉપર ત્યાં.

બદી જેથી અઝદાહની જગમા ટળે,
માહારા દબદબે તમને છુટકો મળે.

જંને નેકી દેનારો નેકી દીએ,
તો લાઝીમ કે તે નેક રસ્તો લીએ.

વડો છું હુ કુલ ગેતીનો સર બ સર,
ઘટે બેસી રેહવું ન એક બાજુ પર.

ન તો હ્યાંજ રેહતે હમેશાં હુ બસ,
ગુઝારતે તમો સાથે કંઇએક દીવસ.

ઝમીન ચુમી સરદારોએ તેની પાસ,
ઉઠયો શોર નગારાંનો દરગાહથી ખાસ.

હતા દીદા સઉ કોઇના દરગાહ ઉપર,
પુકાર કરતા ઝોહાકને માટે ઝબર.
કે અઝદાહને લાયકના બાંધીને બંદ,
બાહાર તેને લઈ આવો નાખી ફ્રમંદ.
કે લશકરો એક પછી એક બેશુમાર,
નીકલ્યું તે બેફાયદા શેહેરમાથી બાહાર. ૯૪
ઝોહાકને તેખ્વારીથી ઉંટની ઉપર,
કંગાલ રીતે લઈ ચાલ્યા બાંધી ઝબર.
"શીરખાન" સુધી લાવ્યા તેને સર્વ જણ,
એ વાંચી આ ગેતી પુરાણી તુ ગણ.
કે પાહાડો ને જંગલો પર કંઈ પચાર,
ઝમાના થયા ને થશે બેશુમાર.
એવી રીતે ઝોહાકને બાંધીને સખ્ત,
"શીરખાન" સુધી લઈ આવ્યો તે નેક બખ્ત.
તેને પાહાડ અંદર ચલાવી ગયો,
ઊંધું નાખવા સર તેનુ રાઝી થયો.
કે તેજ વખ્તે આવ્યો સરોશ બાઊમેદ,
કહ્યો કાનમા એક ખુબી સાથે ભેદ.
આ કેદીને આરબના ટોળાં વગર;
તુ લઇજા દમાવંદ સુધી નામવર.
ને મુશકીલમા આપે તુને કોઈ હાથ,
સીવા તેને લેતોના બીજાને સાથ.

તેઝી અસ્પ માફક ઝોહાકને ઝુબર,
કીધો બંધ લાવી દમાવંદ પર.

બંદ ઉપર બંદ બાંધ્યા પુર સખ્તીમા,
તો બાકી રહ્યું કંઈ ન બદ બખ્તીમા. ૯૫

થયું નામ ઝોહાકનુ જેથી ખાક,
બદીથી બની જેની ગેતી આ પાક.

જુદો સાથીઓથી ને એશીથી થઈ,
દમાવંદ કોહમા તે પડયો છે જઈ.

પસંદ પાહાડમા કીધી જગ્યા તેવાર,
શોધી કાઢયો તે માટે ઊંડો એક ગાર.

ખીલા ભારી ઠોક્યા એવી બાજુ પર.
કે પોંહચે ન તેના મગઝને અસર.

વલી બાંધ્યા તે પાહાડ પર તેના હાથ,
કે લાંબો વખત જેથી રહે રંજ સાથ.

લટકતો રહયો એ મીસાલે ઝબુન.
ટપકતુ ઝમીન પર તેના તનનુ ખુન.

તુ આવ સાંકયે ગેતી બદીમા નહી,
બધે હાથ લંબાવ્યે નેકીનો સહી.

નથી રેહતુ નેક અને બદ પાયદાર,
તો બેહતર કે નેકી રહે યાદગાર.

બુલંદ મેહેલ અને ભારી ગંજો દીનાર,
તુને લાભ કારક નથી જે થનાર.

પણ રેહુશે સખુન તાહારાથી યાદગાર,
સખુનને ન હલકા તુ ગણુતો ઝીનહાર. ૯૬
ફરીદુન હતો નહીં ફરીશતો સહી,
અનેલોબી કસતુરી અંબરનો નહી.
પામ્યો દાદ બક્ષેસથી નેકીની રાહા,
તુ કર તેમ તો છે તુજ દરીદુન શાહા.
ફરીદુને કર્યાછે જે નેક કામ,
કીધી પાક ગેતી બદીથી તમામ.
કીધું કામ બેહતર જો બાંધ્યો ઝોહાક,
હતો જે કે બેદાદગર ને નાપાક.
પીદરનો કીનો બીજો લીધો ઝબર,
કીધી રાસ્ત ગેતી પોતાની ઉપર.
ત્રીજું એ કે મુર્ખોથી ગેતી મુદામ,
કરી સાફ છોડવી બદોથી તમામ.
આ બદ ખસલત ઘાતકી તુ કેવી છે જગ,
તુ પાળે તુ મારે તુ એવી છે ઠગ.
તુ જો શાહી ઝોહાકની જીતી લેનાર,
ગયો ક્યાં બાહાદુર ફરીદુન આ વાર.
વરસ પાંનસો શાહી તેની રહી,
ગયો હાથ ખાલી રહ્યું કંઈ નહી.
ગયો ગેતી બીજાને સોંફીને આય,
ન લઈ ગયો જગથી તે ગમના સીવાય. ૯૭

એજ માફક સરવે જનારા છે આ,
ગમે મોટો થા યા ગમે નાનો થા.

ફરીદુન.

ફરીદુનનું તખત ઉપર બેસવું અને પાનસો વર્ષ રાજ્ય કરવું જેની ખબર તેની માને થવા વિષેનો અહવાલ.

ફરીદુન થયો ગેતીમા ભર મુરાદ,
પોતા જેવો શાહ કોઈ ન જોયો આઝાદ.

તો શાહી રસુમ માફક તાજ અને તખ્ત,
ને સંગાર્યો શાહી મહેલ તેજ વખ્ત.

રોઝ અહુરમઝદ માહ મુબારક મહેર.
મુકી શાહી કુલાહ તેણે સર ઉપર.

બદીથી ઝમાનો થયો ગ઼મ વગર,
ખુદઈ રાહ ધરી સઉ જણે સર બ સર.

લડાઇથી કીધું ખાલી સઉ કોઇએ મન,
કીધું શાહી રીવાઝો માફક જશન.

ખુશ દીલથી દાનાઓ બેઠા તમામ,
અને લીધી સઉ કોઇએ યાકુતી જામ.

નવા શાહનો ચેહરો ને રંગી શરાબ,
નવા માહાથી થઈ ગેતી ન્યાઈ શીતાબ.

તેને કેહવે સળગાવ્યો આતશ સુદામ,
જે પર બાળી કેસરને અંબર તમામ.

મઝહબ જેનો છે મેહેરગાંની જશન,
રીવાઝ ખાણી પીણી ને ખુશ કરવું તન. ૯૮

કે યાદગાર છે જેથી મહીનો આ મેહેર,
કુશીશ કર ન રંજમા દેખાડ તાહારો ચેહેર.

વરસ પાનસો ગેતી તાબે રહી,
બદી એકબી દાહાડો કીધી તેણે નહી.

ન રહી ગેતી કાયમ તેપર અય પીસર,
તો રેહશે શુ કાયમ તે તાહારી ઉપર.

તુ જાણ ગેતી રેહતી નથી કોઈ ઉપર,
ખુશી તેમા તુબી ન જોશે ઓ નર.

ફરાંનકને એની હતી ના ખબર,
કે બાદશાહ છે આલમનો તેનો પીસર.

થયુંચ ખાલી ઝોહાકથી શાહી તખ્ત,
ને અંત આવ્યો શાહીનો તેની આ વખ્ત.

મુબારક બેટા તર્ફથી મા ઉપર,
વધાઈ આવી કે શાહ થયો તુજ પીસર.
તો ધોઈ તન બદન સર ને કીધી નેઆસ,
ઉભી યઝદાં સનમુખ તે કરવા સેપાસ.
ઝમીન ઉપર સર તેણે ધર્યું મુદામ,
ઝોહાક ઉપર વરસાવી લાંનત તમામ.
ખુશી ભર્યા ગેતીના ફેરફારો ખાસ,
ને માટે કીધાં લાખો રબના સેપાસ. ૯૯
તેની બાદ હતા તંગીમા જે શખસ,
છુપાવતા જે પોતાનો માઠો દીવસ.
છુપી રીતે સઉને નવાઝી દીધા,
ન હરગેઝ છુપા ભેદ ખુલ્લા કીધા.
કે એક હફ્તો બક્ષેસો ચાલુ રહી,
થયુ એમ કે દરવીશો પરખાયા નહી.
ખુશીની ભરી બીજે હફ્તે સમાજ,
તવંગર ને ગરદન ફરાઝોને કાજ.
ને સનગાર્યું ઘરને ચમનની મીસાલ,
મેહમાન મોટાઓને બોલાવ્યા ખુશાલ.
પછી સરવે કીમતી ખઝાનો તે વાર,
હતો રાખેલો જે તેને કાઢયો બાહાર.
અને ખોલવા માડીયો ખઝાનાનો દર,
કીધો ખ્યાલ બક્ષીસો કરવા ઉપર.

ખઝાનાનો દર ખોલવા જોયો તે વખત,
કે ઝર શુ છે બેઠો છે બેટ્રો જો તખ્ત.
તે શાહ લાયક ગોંહુરો કીમતી પોશાક,
જે રાખી ગયો હતો આત્બીન પાક.
તથા તોપ બખતર ને ભાલા તલવાર,
ન કુલાહ કમરબંદની કમતી લગાર. ૧૦૦
કે ઉંઠ ઉપર લાદ્યો તે અસબાબ ખાસ,
રૂઝ પાક દીલ કીધું યઝદાંની પાસ.
તે સઉ ચીઝો મોકલાવી ફરઝંદ ઉપર,
દોઆ ભર્યા પયગામોથી સર બ સર.
જોયો જ્યારે હદીયો તે બાદશાહે કુલ,
દોઆ દઈ તે માદરને રાખ્યો કબુલ.
બુઝર્ગોએ લશકરના જાણ્યું જે વાર,
ગયા શેહેનશાહા પાસ જલદી તેવાર.
કહ્યુ કે અય યઝદાં પરસ્ત નેક ખ્વાહ,
શુકર લાખો રબના કે બન્યો તુ શાહ.
થજો નેક દાહાડા થજો નેક બખ્ત,
ઉંધું બખ્ત વળજો મુદઈઓનુ સખ્ત.
ફતેહ આસમાનોથી મળજો દરેક,
તુ રેહજે સખી ને વિચારોનો નેક.
કે તે બાદ જગના સમજદારો ખાસ,
ગયાં સરવે માણુસો બાદશાહની પાસ.

ને ભેટ્યાં ગોહરોને ઝર બેશુમાર,
કીધાં તખ્ત પર બાદશાહના નિસાર.

તેના સરવે કેશવરોના નેક નર,
ઉભા સપૂ સમારી તેના દર ઉપર. ૧૦૧

દોઆ ચાહી તેઓએ યઝદાંની પાસ,
કુલાહ તાજોતખ્ત મોહોરને માટે ખાસ.

ને હાથ ઉંચા કીધા તરફ આસમાન,
તેના ઉપર નેકીથી બોલી ઝબાન.

હાવો રોઝ હમેશાં તાહારો શાદ રેહો,
અને તુ જેવો શાહાબી આબાદ રેહો.

ફર્યો ફરીદુન ગેતીની આસપાસ,
અને જોયું ઝાહેર ને છુપ્યુંબી ખાસ.

ગયો શેહેર 'આમુલ'થી 'તમ્મીશ' મુદામ,
તે નામીચાં જંગલમા કીધો મુકામ.

કે કહેછે તેને સરવે આલમમા "કુસ,"
સીવા નામ બીજુ ન જાણશે ખસુસ.

કે જોઈ જ્યાંબી બેદાદીની ચીઝ કોઈ,
તેમજ જે જગાને ન આબાદ જોઈ.

હતુ રસ્મ લાયક બુઝર્ગીને જેમ,
બદીના બાધ્યા હાથ નેકીથી તેમ.

કે બેહેશ્ત માફક ગેતી બનાવી શીતાબ,
ને ઘાસ બદલે રોપ્યાં સરવ ને ગુલાબ.

ઉમર તેની થઇ સાલ જ્યારે પચાસ,
થયાં ત્યારે ત્રણ તેને ફરઝંદો ખાસ. ૧૦૨

તે નેક બખ્તથી શાહી ત્રણદે અવલાદ,
ઝરીંન તાજ લાયક હતા જે આબાદ.

સરવ્હ કદ ને ચેહરામા મોસમનો બાહાર,
હરેક ચીઝમા ગોયા હતા શેહરીયાર.

તે ત્રણમા શાહરનાઝના બે પીસર,
અરનવાઝનો નાનો લખતે જીગર.

ન રાખ્યાં હતાં બાપે તેમના ઇસમ,
ગોયા ધરતા હાથીની આગળ કદમ.

પછી કીધી શાહે તેઓ પર નઝર,
કુલાહ તખ્તને તેઓ લાયક છે નર.

ફરીદુનનું પોતાના છોકરાઓ માટે યમનના પાદશાહાની છોકરીઓની માગણી કરવા "જંદલ"ને મોકળવું.

ફરીદુને સઉ બુઝરોગોમાથી ખાસ,
તેડયો એક બુલંદ દરજાવાળાને પાસ.

જેનુ નામ "જંદલ" રાહાબર હતુ,
કે દીલ જેનુ હરવાતે શાહ પર હતુ.

કહ્યું તેને ફર ગેતીની આસ પાસ,
ને ઊંચ તુખ્મ ત્રણ બેટીઓ ઢુંઢ ખાસ.

મુજ ત્રણ બેટા માફક ખુબીમા તે હોય,
અને માહારા બચપણની લાયક તુ જોય.

તેના બાપે લાડથી ન રાખ્યાં હોય નામ,
કે કોઈ તે અવાઝે ન તેડે સર્યામ. ૧૦૩

ત્રણ બેહનો માદર પીદરથી હોય એક,
પરી ચેહરાની શાહી અવલાદ નેક.

હોય કદ ને ચેહરામા એક સરખી ત્રણ,
જેથી તેમણે ઓળખે નહીં કોઈ પણ.

સખુન શાહથી જંદલે સમજી તે વાર,
કીધો એક પાકીઝા દીલથી વિચાર.

કારણ હતો પુર મગ્ઝ પુર દીલ જવાન,
કે નેક કામો લાયકનો શીરીં ઝબાન.

જે લઈ કંઈક નેકોને સાથે તેવાર,
નિકલ્યો શાહનશાહાની આગળથી બાહાર.

ઇરાનમાથી આવ્યો તે બાહાર એકદમ.
ચલાવી અનેક પુછ પરછ ચારો ગમ.

કે દુન્યાંના હર મુલ્કી સરદારો ખાસ,
એકાદ બેટી ને પરદે રાખતા જે પાસ.

ત્યાં તેમાણુા ભેદોની છુપી ખબર,
સમજતો હતો. નામો ફીરની ઝબર.
કે માહા દરજાવાલા લોકોમાથી જોઈ,
ન શકયો ફરીદુનને લાયકનો કોઈ.
અકલમંદ રવશન દીલે પાક તન,
આવ્યો 'સર્વ' બાદશાહની આગળ યમન. ૧૦૪
નિશાંન મેળવી ત્યાં જંદલે સંપુરણ,
ફરીદુનના માગવા મુજબ બેટી ત્રણ.
'તઝર્વ' જેમ આવે છે ગુલ પાસ બાગ,
તેમ આવ્યો તે 'સર્વ' શહનશાહની પાસ.
માગી માફી બેસા ઝમીનને દીધો,
દોઆનો વધારો તે શાહ પર કીધો.
કાયમ હોજો લાંબો વખત શેહરીયાર,
થજો તખત ને તાજ રોશન કરનાર.
બોલ્યો શાહ યમનનો તે જંદલની પાસ,
દોઆ વગર મોંહ તાહારૂ હોતુ ન ખાસ.
હુકમ તાહારો શુ છે ને શુ છે પયાંમ,
તુ એલચી છે યા કોઈ બુલંદ નેકનામ.
કહ્યુ જંદલે કે તુ રેહજે ખુશાલ,
બદીનો થજો દસ્ત દુર સર્વ કાલ.
એક તનખું છુ અદના ઇરાંની હુ નર.
પયગામ લાવ્યોચ શાહે યમનની ઉપર.

મુબારક ફરીદુનનો આપુચ સલામ,
જે પુછશે જવાબ તેનો આપીશ તમામ.

દોઆ નેક ફરીદુનની છે તુજ ઉપર,
તેને તુચ્છ ન માને તે દાણા છે નર. ૧૦૫

કહ્યુચ તેણે કહે શાહે યમનને એમ,
હેતો રેહજે ખુશબુ હે કસ્તુરી જેમ.

સદા રંજથી દુર તન થઈ જજો,
ટળો રંજ અને ગંજ ભરપુર થજો.

અય અરબોના અફસર સેતારાની ચાલ,
થા ફરહાલ રેહજે સદા લાઝવાલ.

કે ફરઝંદ અને જીવ કરતાં બી કોઈ,
વધુ ચીઝ પ્યારી નથી કોઈએ જોઈ.

નથી પ્યારી ફરઝંદના જેવી નવઈ,
નથી બીજી ફરઝંદના જેવી સગઈ.

જો ત્રણ આંખનુ હોય કોઈ ગેતીમા તે,
તો ત્રણ માહારાં ફરઝંદો ત્રણ આંખ છે.

આંખોથી પ્યારાં તુ ગણ સર બ સર,
કારણ આંખોબી જોઈ કરે છે શોકર.

પાક મગ્ઝનો અક્લમંદ તે સજાત,
શુ બોલ્યોછે કહીચજેણુ સગપણુની વાત.

વધુ મુજથી ગણુતો હોઉ તેના સીવાય,
પસંદ નથી મુજને સગાઇ બીજે થાય.

અક્લમંદ હોય નેક દાના અગર,
તે દોસ્તીમા શોધેચ બરાબરનો નર. ૧૦૬

જો માણસથી ગેતી ખુશી એમ ગણાય,
તો શોભે ન બાદશાહને લશકર સીવાય.

આ બાદશાહી માહારીને લશકરનો શોર,
છે દોલતની રેલ અને હાથીઓનુ ઝોર.

હુ લાયકના તાજ અને તખ્તો કુલાહ,
બીરર ત્રણ ધરાવુછુ ગોયા કે માહ.

સદા છે મુરાદો ખઝાનાની સાથ,
જેનો હર મુરાદો પર પોંહચે છે હાથ.

તે ત્રણ નામવર માટે ખાનગીમા ખાસ,
શાહઝાદીઓ ત્રણ સાથી જોઇયે છે પાસ.

ખબર જાણકારોથી સમજી લીધીચ,
ખબરથી તે ત્યાં મે શીતાબી કીધીચ.

કે અય નામેવર પાક માહે જબીન,
તુ રાખે છે ત્રણ બેટી પરદેનશીન.

આજ સુધી રાખ્યાં નથી જેના નામ,
એ સમજી થયુ શાદ મુજ દીલ તમામ.

કારણકે હમેબી તે ત્રણદેના નામ,
ઘટારત મુજબ નથી આપ્યાં મુદામ.

હવે આય બે ઝાતના કીમતી ગોહર,
ને એક બીજા સાથે મેળવું નામવર. ૧૦૭

ત્રણે પરદે પોશને ત્રણે નેક નામ,
થી પરણાવવાં લાયકમા લાયક છે કાંમ.

જોયોચ કોઇએ ત્રણ આંખવાલો બશર,
બે આંખો છે સઉને મને ત્રણ મગર.

આ પયગામ ફરીદુનનો છે આશકાર,
હવે કહે તુ તાહરો જેબી હોય વિચાર.

થયો ફીકકો શાહે યમન સમજી એમ.
ખરાબ આએ કરમાએ સમન ફુલ જેમ.

ધાર્યું તેણે માહાનાબ બેટીઆ ખાસ,
ન જોશે મુજ આંખો બીછાનાની પાસ.

તો રોઝ થશે રોશન સીયા શબ મીસાલ,
જવાબ માટે લબ ખોલવા જોઇયે ન હાલ.

ભેદ માહારો ખોલીસ હુ તેઓની પાસ,
દરેક નેક બદમા જે સાથી છે ખાસ.

જવાબમા શીતાબી ન કરવી ઘટેચ,
સલાહકારોની સલ્લાહ ધરવી ઘટેચ.

મુલાકાતે આવવાનો બંધ કીધો દર,
બેઠો દાના માણસોમા નામવર.

પસંદ પેલા એલચીનુ કીધુ મુકામ,
પછી લાગા પોતાના કામે તમામ. ૧૦૮

હતા પેહલવાંનો લડાયક જે ખાસ,
તેમાથી બોલાવ્યા ઘણાકાને પાસ.

છુપેલી છુપી વાતો લાવ્યો તે બાહાર,
કીધો ભેદ સહુ તેઓથી આશકાર.

કે ત્રણુ મુજ પીસર ગેતીમા ખુશ દેમાગ,
છે મુજ આંખોથી ઝયાદા રોશન ચેરાગ.

ફરીદુને પયગામ મોકલ્યો છે ખાસ,
બીછાવ્યો છે ફંદો જેણે માહારી પાસ.

મુજ આંખોથી દુર કરવા માગેચ મુદામ,
જેથી ચાહુચ મસલત તમોથી તમામ.

એલચી પાસે મોકલાવ્યુ શાહે ફરમાન,
છે ત્રણુ તખ્તને તાજ લાયક જવાન.

તે ત્રણુ માહારી બેટીઓ મારફતે ખાસ,
રાખે છે મુજ સાથે સગપણુની આસ.

જો હા કહુ ને દીલ રહે છે ખાલી અગર.
તો જુઠકું નથી બાદશાહોને બર.

અગર તેની ખાહેશ બજા લાઉ શીતાબ,
તો થાયચ આંતશી દીલ ને ચેહરો પુરઆબ.

સુખનથી જો તેના હુ ફેરવુ છુ સર,
તો કરશે તે હયરાન છે એવો ડર. ૧૦૯

જે હોય આખી દુન્યાનો શાહ નેક નામ,
કીનો તેથી ધરવો નથી સેહેલ કામ.

અક્લમંદ ઇન્સાનોને છે ખબર,
કે પોંહચ્યો છે ઝોહાકને કેવો ઝરર.

જો આ વાતમા કંઇબી કેહવુ હોય ખાસ,
ઘટેછે તે સરવે કેહવુ માહારી પાસ.

દેલાવરો ગેતીના જંગી જવાન,
કે એક પછી એક સઉએ ખોલી ઝબાંન.

દુરૂસ્ત જોતા નહી હમો એ સર બ સર,
પવનથી હીલે તુ જગાની ઉપર.

અગર શાહ ફરીદુન જો છે નેકનામ,
તો શુ હમો હીચકારા છઇયે ગુલામ.

ખેરાત ને સખુન એ હમારૂ છે કામ,
ભાલા ખેલવા ધર્મ ઊંચકવી લગામ.

ઝમીન લાલ ખંજરથી કરીએ તદન,
નેઝાથી હવા કરીએ વાંસોનુ વન.

અગર પ્યારાં છે ત્રણ જો ફરઝંદ તો કહે,
ખઝાનાનુ મોંહ ખોલી ને ચુપ રહે.

જો ચારો તુ કરવાને ચાહે અગર,
અને આય બાદશાહનો કરતો હોય ડર.

તો તે પાસે માગણીઓ કીંમતી તુ કર,
કે લાવી શકે નહી તે એ કામ બર.

સખુન સાંભળ્યા દાનાઓથી જે વાર,
ન ધડ પુછડું ગેતીમા જોયુ તે વાર.

યમનના બાદશાહે ફરીદુનના એલચીને જવાબ આપવો.

બોલાવ્યો તે શેહનશાહના એલચીને પાસ,
કહ્યા બહુ સુખન તેણે રાખી મીઠાસ.
કે આ તાહારા બાદશાહનો ચાકર હુ છુ,
બજા લાવવા ફરમાનો હાઝર હુ છુ.
તેને કેહજે કે તુ બુલંદ છે અગર,
ને ફરઝંદ છે ત્રણ તાહારાં કીંમતી ગોહર.
કે જ્યારે હોય શાહાને પોતાનો પીસર,
તે ત્યારે કે જો તખત લાયક હોય નર.
કબુલ હુ કરૂ તેં કહયું તે ખરૂ,
મુજ ફરઝંદથી અંદાઝો તેમનો કરૂ.
માહારી આંખો માગે જો શાહ નેક બખત,
અગર દશ્તે ગોર્દા યા યમનનુ તખ્ત.
વખતસર ન જોઉ ત્રણે ફરઝંદ હુ પાસ,
નકામુ છે ત્યારે તો તે સરવે ખાસ.
અગર શાહની મરઝી એવીજ જ્યારે થાય,
ન દગ હુ ભરીશ તેના હોકમ શીવાય. ૧૧૧
ને બાદશાહના ફરમાનો માફક તે વાર,
મુજ કબઝાથી આવશે ત્રણે બેટી બાહાર.

તે ત્યારે કે તાહરાં તે તાજ અને તખ્ત,
ને લાયક ત્રણે બેટા જોવશ તે વખ્ત.
ખુશીથી તેઓ આવે હ્યાં માહારી પાસ,
ઓયાદ જાન રેશન બને માહારો ખાસ.
થશે શાદ દીલ જોઈ તેમના દીદાર,
જોવશ તેમણી ચાલાકી હુ બેશુમાર.
ને દીલ તેમણા જોવશ હુ ઈન્સાફો સાથ,
તો લેવશ હુ હાથ અંદર તેઓનો હાથ.
કે ત્રણ માહારી આંખો રેશન બેશુમાર,
રીવાઝ માફક આપીશ તેઓને તેવાર.
થશે તારી ખાહેશ જોવા તેમણે ખાસ,
રવાંના કરશ જલદી તુ શાહની પાસ.
જવાબ જંદલે જ્યારે સાંભલ્યો એમ,
બોસા તખ્તને દીધા લાયક હોય જેમ.
કલામ કેહતો દોઆના અયવાનથી,
ચાલ્યો ગેતીના શાહ તરફ માનથી.
જે વારે તે આવ્યો ફરીદુનની પાસ,
સવાલો જવાબો કહ્યા તેણે ખાસ. ૧૧૨
બોલાવ્યા તે શેહનશાહે ત્રણ નામવર,
છુપી વાતો ઝાહેર કીધી તે ઉપર.
પોતાના વિચારો ને જંદલના કામ,
વિષે ખુલ્લા બોલોમા બોલ્યો તમામ.

કે યમનનો શાહ અંજુમનની છે હાલ,
ગોયા છાંયે દેનારો સર્વ મીસાલ.
ગોહર જેવી ત્રણ બેટી છે તેની આજ,
નથી બેટો છે બેટીઓ તેનુ તાજ.
કુમારીકા તે જેવી પામે સરોશ,
તો તેબી ચુમે ખાક થઇને ખામોશ.
તમો માટે લાયક કેહવાડી સખુન,
મેં માગીતી ત્રણ તેઓ ચેહરેનમુન.
જવું જોઇએ તે પાસ તમને આવાર,
ને કમ ઝયાદા જોઇએ જણાવવા વિચાર.
સખુન શીરીં બોલી થજો અકલવર,
ને બેહુ કાન ધરજો તેની વાત પર.
સખુનનો તેના નેક દેજો જવાબ,
જે પુછે તે પર ગઓર કરજો શીતાબ.
જે ઊધરેલા હોય બાદશાહુથી તમામ,
ઝીવા પાકીઝા નહી ઘટે તેને કામ. ૧૧૩
રોશનદીલ સુખનવર અને પાક દીન,
જે કામ આવે પાસે તેમા હોય પ્રવીન.
ચલાવવી ઝબાં રાસ્ત રાહ પર સહી,
ઇચ્છા અકલની કરવી દવલતની નહીં.
હુ જે કંઈ કે, કહુસ્ રુ તે સમજો આ પલ,
થશો શાદ કરશો જો તે પર અમલ.

ચમનનો છે બાદશાહ ઘણો નેક ખ્યાલ;
નથી અંજુમનમા તેની કોઇ મીસાલ.
ખઝાંનો ને લશકર છે બહુ તેને રાજ,
ધરાવે છે દાનઇને અકલને તાજ.

ન થાય એમ ગણે ખ્વાર તમને અગર,
ફરેબ રાખેચ દાના હર વાટે ઝબર.
પ્રથમ કરશે મીજલસ ખુશીની તમામ,
બેસાડશે હરેલમા તમોને મુદામ.

ખુર્શીદ ચેહેર ત્રણ બેટી બાગે બાહાર,
ને લાવશે કરી રગ ખુશબુ સનગાર.
આફતાબ જેવી ત્રણ દીપ સર્વ મીસાલ,
બેસાડશે જેને તખ્ત પર તે ખુશાલ.

દેખાવમા ને કદમા ત્રણે સરખી એક,
ન પરખાશે નાની કે મોટી દરેક. ૧૧૪

એ ત્રણદેમા નાની હરેલમા થશે,
મોટી પછવાડે વચમા વચલી હશે.
નાની બેસસે આવીને મોટાની પાસ,
મોટી બેસસે નાનાની પાસ આવી ખાસ.

હશે વચલી તે બેસસે વચમા જવાન,
એવી રીતે છે આ તેવોની નીશાન.
તે પુછશે તમુને આ એક સરખી ત્રણ,
મા છે કોણ વડી તે કહો સંપુરણ.

કોણ નાની છે, કોણ વચલી તે નામ,
દેવાં જોઈશે ઘટતાં તમુને તમામ.

તમો કેહજો નાની છે દરજે બુલંદ,
બેઠક નથી લાયક વડીની પસંદ.

જે વચમા છે પોતે તે વચલી સહી,
ઉલટા સુલટી નાની મોટી કેમ રહી.

તે આફતાબ ચેહરાની સર્વ મીસાલ,
ને માટે સખુન એવા કેહજો ખુશાલ.

કે એકબીજા સાથે રેહેજો એક મકાન,
જુદા એક બીજાથી થતાના જવાન.

કે આ માહારા બોલવા ઉપર કરો કાન,
અને ભેદ સાંભળજો રાખીને ધ્યાન. ૧૧૫

અકલ પુરહુનર છે તમારી મુદામ,
આ એક પછી એક યાદ કરજો કલામ.

તે ત્રણુ પાક દરજાના પાકી ગોંહર,
જેણે મુકયું દીલ શાહના કેહવા ઉપર.

ફરીદુનની નઝદીકથી તે નામદાર,
હુનર અને દાનઈની સાથ આવ્યા બાહાર.

જે બેટા કે એવા પીદરથી પલાય,
શુ લાયક હોય તેને અકલના સીવાય.

ત્રણે આવ્યા ઘેરે પવનની મીસાલ,
ફતેહમંદ સુતા રાતે થઈને ખુશાલ.

તલુ થયો ખુરશીદ જો આસ્માન પર,
અંધારી પર થઈ રઓશથી સર બ સર.

ફરીદુનના છોકરાઓનું યમનના બાદશાહ આગળ જવું.

ગયા તેઓ ત્રણ · ભાઈ તઇયાર થઈ,
પોતા સાથે કંઈ એક દાનાઓ લઈ.
આફતાબ જેવા સઉ જંગીઓ નામદાર,
ના લશકરને લઈ કુચ કીધી તેવાર.
તેના આવવાની "સર્વ"ને થઈ ખબર,
કીધી ફઓજ ગોયા "તઝર્વ"નાં પર.
શું પારકા શુ ખેગ્રી શુ દાનાઓ નર,
નુ લશકર ગયુ સામુ તેમની ઝબર. ૧૧૬
બુલંદ ત્રણ તે બેટાઓ આવ્યા યમન,
જોવા આવ્યાં તેમણે ત્યાં કુલ મર્દો ઝન.
વધાવ્યા કેસર ગોંહુરો લઇને હાથ,
ભેલી કસ્તુરી લઈ ગુલાબોની સાથ.
કસ્તુરીથી ભીંજવી ઘોડાઓની યાલ,
ને પગ પાસે નાખ્યાં દીનારો ખુશાલ.

સનગાર્યો મેહેલ બાગે બેહેસ્તની મીસાલ,
જેની સોંના ચાંદીની ઇંટની દીવાલ.
રૂમી રેશમી વસત્રોનો જેમા સીનગાર,
ખઝાનોબી કીંમતી હતો બે શુમાર.
ઉતાર્યા મેહેલમા વિટી રાત અપાર,
હીંમતવાન બનીયા પડી જો સહુવાર.
ફરીદુનના કેહવા મુજબ લાવ્યો બાહાર,
ઝનાનખાનાથી બેટી ત્રણ શેહરીયાર.
ચેહરામા ત્રણે ગોયા માહો મહર,
નઝરબી ઠરી ના શકે જે ઊપર.
કહ્યુ જંગીઓને ફરીદુને જેમ,
ત્રણે આવી બેઠી હતી તેઓ તેમ.
પુછયું શાહે ત્રણ નેક બખ્તોને કે,
સતારા આ ત્રણમાથી કોણ નાની છે. ૧૧૭
કોણ મોટી કોણ વચલી છે રાસ્ત કહો,
બતાવા વગર તેના ખામોશ ન રહો.
શીખવ્યા મુજબ વાત સઉ કહી દીધી,
ફરેઓની ચશ્મોને સીવી લીધી.
યમનનો તે શાહ અંજુમનના જવાન,
હેરત થઈ ગયા રાસ્ત સમજી બયાન.
બુલંદ દરજાનો શાહાબી ચેતી ગયો,
કે ફાયદો તલાવટથી કંઈ ના થયો.

તે બોલ્યો હા વાતો બરાબર કીધી,
નાના મોટા ઓળખીને બેટી દીધી.
ને જ્યારે કે ગોઠવાયું તેઓનું કામ,
કે થઇ નક્કી ગોઠવણો તેમાણી તમામ.
ત્રણ બેટી ત્રણ શાહઝાદાથી ખુશાલ,
કીધા શર્મથી બાપની ચેહરા લાલ.
ગઈ ઘર તરફ સાથે નાઝો શરમ,
ચેહેરા લાલ હોટ પુર અવાઝે નરમ.
મુખી અર્બનો શાહ યમનનો તમામ,
શરાબોની પાઈ સારી મીજલસને જામ.
ખુશી ખુરમીથી હોટો ખોલીને વાત,
કીધી જ્યાં સુધી થઇ હતી મોડી રાત. ૧૧૮
ફરીદુનના ત્રણ બેટા તેના દામાદ,
શરાબ પીવા માડયો કરી તેની યાદ.
ગાલેબ આવ્યો જ્યારે અકલ પર શરાબ,
થયા ત્યારે લાયક તે કરવાને ખ્વાબ.
ગુલાબોની હુઓઝોની પારો ઉપર,
જગા ખ્વાબની ત્યાં કીધી સર બસર.
બગીચામા ફુલોના ઝાહાડો તળે,
સુતા નેક બખ્તો ત્રણે તે પળે.
શાહે જાદુગર આરઓનો સરદાર,
તેઓ માટે ચારાનો કરતો વિચાર.

કે આવ્યો તે શાહી ચમનમાંથી બાહાર,
ને જાદુની રચનાઓ કીધી તઇયાર.

પેદા કીધો ઠંડો તુફાની પવન,
કે થાય તેપર આખર ઝમાનો તદન.

સંકોચાવ્યાં જંગલ ને મયદાન અથાગ,
ઉડીબી ન શક્યા ઉપર જેની કાગ.

ત્રણે જાદુ તોડનારા શાહના પીસર,
કુદી પડ્યા તે ઠંડી જગ્યા ઉપર.

ખુદાઈ નુરની બરકતથી ને જ્ઞાનથી,
નિરંગ શાહીથી મરદીના ધ્યાનથી. ૧૧૯

જાદુઈ રસ્તો બંધ કીધો જેથી ઝબર,
કરી ના શકી ઠંડી જેપર અસર.

બાહાર કાઢયું કોહ પરથી ખુરશેદે સર,
તવારે તે મક્કરનાં શોધનાર નર.

આવ્યો ત્રણે આઝાદ દામાદો પાસ,
કે જોય તેમણા કર્માયલા ચેહરાઓ ખાસ.

ને ના મુરાદ થયલાબી જોય બેશુમાર,
કે રહે જેથી બેટી ત્રણે યાદગાર.

તેણે ચાહી હતી તેઓ પર એ નિગાહ,
પણ તે માફક ફર્યા નખુરશીદો માહ.

ત્રણે ને જોયા નવા માહની મીસાલ,
બેઠેલા નવાં તખ્ત પર લાઝવાલ.

તો જાણ્યું ન કામ આવશે જાદુ સખત,
ગુમાવવો ન જોઇયે પોતાનો વખત.
ભરી એક યમનના તે શાહે દરબાર,
બેઠા જેમા આવીને સઉ નામદાર.
ખુલ્યો તેણે આગળા ખઝાનાનો દર,
છુપેલું હતુ કંઇક ખોલ્યું તે ઝર.
મેહેર જેવી ત્રણ બાગે બેહસ્તની મીસાલ.
નથી સર્વ રોપ્યું જેવુ કોઇએ હાલ. ૧૨૦
વગર દુઃખની તાજવર અને પુર ગંજ,
હતો જોયલો ઝુલ્ફાંએ ગુઠવાનો રંજ.
લાવી તેમણે સોંફી ત્રણે સંપુરણ,
ગોયા માહો ત્રણ ને હતા શાહો ત્રણ.
યમનના તે શાહે કીધો મન ખીઆલ,
ફરીદુનથી પુગ્યો નથી કંઇ ઝવાલ.
છે મુજથીજ બદી માહારી મીટજો નિશાન,
કે નર તુખમથી પયદા થઈ સ્રી જવાન.
જેને દુઃખતરો નહી બુલંદ બખત તે,
જેને બેટી હોય તેઓ બદબખ્ત છે.
બોલ્યો "સર્વ" સરવે મુબેદોની પાસ,
જોડાણ માહોનુ શાહોથી ખુબ ખાસ.
તમો જાણો કે માહારી આંખો આ ત્રણ,
દીધી રીત મુજબ તેઓને સંપુરણ.

કે રાખે તેઓ તેને આંખો મીસાલ,
ને જીવ માફક દીલથી જે રાખે સંભાલ.

કીધા કન્યાંઓના અસ્બાબો તઇયાર,
બાંધ્યા મસ્ત ઉંટોની પીઠે તેવાર.

થયું શેહેર ગોંહરોથી આબદાર,
એકેક પુઠે લાગી અંબારીની હાર. ૧૨૧

હરેકના જુદા અસ્બાબોથી મુદામ,
કીધો ન્યારો ન્યારો ખજાનો તમામ.

વાહલુ લાગે ફરઝંદ જો હોય નેક સાર,
ગો હોય બેટી યા બેટો હોય નામદાર.

પછી આપે જે કોઇકે નેકીમા હાથ,
તેવાઓ તે શાહી ખઝાનાની સાથ.

જવાંનો અકલમંદો હુશ્યારો ખાસ,
જવાને નીકલ્યા ફરીદુનની પાસ.

યમન શેહેરથી ફરીદુનના બેટાઓનું પાછુ ફરવું અને ફરીદુનનું તેઓને અઝમાવવું.

પાછા ફરવા ત્રણ શાહઝાદાની ખબર,
ફરીદુનને થઇ આવ્યો તે નામવર.

થવા ચાહ્યુ દીલથી તેના ખબરદાર,
ખુરશીથી બને તેમણે કોતાહ વિચાર.
આવ્યો એક અઝદાહના રૂપમા તે સહી,
ગોયા જેથી સિંહ પામે છુટકો નહી.
બની ગુસ્સે કરતો તે શોરો પુકાર,
નિકળતો હતો મોંહથી આતશ બહાર.
પોતા પાસે જોયા તે ત્રણે પીસર,
ને ધુળમા જોયો પાહાડ઼ કાળો ઝબર.
આવી જોશમા ધુળ ઉડારી તે ઠામ,
કે શોરભરી થઈ જેથી ગેતી તમામ. ૧૨૨
આવ્યો દઓડ઼તો તે વડા બેટા પાસ,
હતો તાજવર તે અકલમંદ ખાસ.
તે બેટાએ ધાર્યું કે નર અકલમંદ,
નથી કરતો અઝદાહથી લડ઼વુ પસંદ.
તુરત પીઠ ફેરવી ન સામો થયો,
બીજા ભાઈ પાસે પીદર તે ગયો.
જોયો વચલા ભાઈએ તે રાખીને ધ્યાન,
ચઢાવીને ચીલ્લાને ખેંચી કમાન.
તે બોલ્યો જો છે કામ જંગનુ આ વાર.
તો શુ મસ્ત સિંહ શુ લડ઼ાયક સવાર.
હતુ દીલ કીનામા તેનુ જો કે પુર,
પણ મોંહ ફેરવી ચાલ્યો તે તેનાથી દુર.

આવ્યો પાસ નાનો તે બેટો જેવાર,
તેવારે જોઇ અઝદાહને માર્યો પુકાર.

તુરત મ્યાનથી બાહાર કાઢી તલવાર,
લગામ ઢીલી દઈ કીધો નામનો પુકાર.

કહ્યુ જલદી ત્યાંથી હવે ગુમ થા,
મગરમચ્છ બની સિંહને રસ્તે ન જા.

જો નામ શાહ ફરીદુનનુ કાને અગર,
સમજ્યુ હોય તો જંગ હમોથી ન કર. ૧૨૩

કારણ ત્રણ હમો છઇયે તેના પીસર,
ગોરઝના પકડનારા સુરવીરો નર.

ન રાહમાથી બાજુ થશે તુ અગર,
તો તાજ હુ બદીનુ મુકશ તાહારે સર.

મુબારક ફરીદુન એ સાભળતાં વાર,
પીછાણી ને હુંનર થયો ગુમ અપાર.

ગયો પાછો ત્યાંથી વળી નામદાર,
ફર્યો બાપ થઈને ફરી બીજીવાર.

નગારાંઓને મસ્ત હાથીઓ સાથ,
હતો ગુર્ઝ બી ગાવ પયકરનો હાથ.

તેની પીઠ પાછળ હતા નેકનામ,
હતી જેના કબજામા ગેતી તમામ.

બુલંદ દરજાનાઓએ શાહની સુરત,
ને જોઈ પાળા પ્યાદાઓ દોડ્યા તુરત.

ચુમી ખાક નઝદીકમા આવીને ત્યાં,
નગારાંને હાથીઓ થોભ્યા છે જ્યાં.
નવાઝ્યા તેઓને ધરી બાપે હાથ,
દીધા મર્તબાઓબી અંદાઝા સાથ.
ફર્યો મેહેલમા પાછો જો તાજદાર,
કીધાં શુક્ર રબના દોઆ બેશુમાર. ૧૨૪
દોઆ ચાહી ઝયાદા તે યઝદાંની પાસ,
વખત જેથી જોયોતો બદ નેક ખાસ.
પછી તેડી ફરઝંદો ત્રણ નેકબખ્ત,
ને બેસાડ્યા પોતાના કીંમતી તે તખ્ત.
કહ્યુ તેમણે અઝદાહ પેલો પુર જનુન,
જે બાળવાને ચાહતોતો ગેતી ઝબુન.
જોવા બાહદરી હુ હતો બાપ ખાસ,
ફર્યો શાદ થઇ જ્યારે પુરી તપાસ.
હવે આપુ લાયક તમારાં હુ નામ,
ઘટે જેમ દાના નરોને તમામ.
વડો તુ છે "સલ્લમ" તાહારૂ નામ શાદ,
કે બર હોજો ગેતીમા તાહારી મુરાદ.
કારણુ અઝદાહથી તેં બચત તાહારી જોઈ,
ન જોઈ નાહાસવાને વખત દીઠ્ઠ કોઈ.
દેલાવર ન રાખે સિંહ હાથીનો ડર,
દેલાવર ન ગણુ તે દીવાનો છે નર.

દેખાડયો શુરૂમા જે વચલે દમામ,
વધારી દીલેરીને ક્રોધે તમામ.

જેનુ નામ આપુછુ તુર દીલનો શેર,
જેને મસ્ત હાથીબી કરશે ન ઝેર. ૧૨૫

પોતાની જગેહ છે દેલાવર હુનર,
શીવા બાહદરી તખ્ત લાયક ન નર.

વળી નાનો જંગી અકલમંદ જે,
ઉતાવળો વળી સાથે ઠંડોબી છે.

હુશ્યારોને લાયકનો રસ્તો બુલંદ,
દીધો ખાક આતશની વચ્ચે પસંદ.

છે બાહદુર અકલમંદ હુશ્યાર નર,
જેના કામો છે હર જગો પર જબર.

હવે નામ ઇરચનુ લેઉ તમો પાસ,
જેનુ સેવટ હોજો બુઝર્ગીમા ખાસ.

દીધી શુરૂમા બાહદરી નેક બખ્ત,
દેલેરી દેખાડી છે મુશકીલને વખ્ત.

દેલાવર જવાન અકલમંદ તે કેહવાય,
સીફત જગમા કરવી ન તેના સીવાય.

હવે દઉ અરબની પરીઓના નામ,
ખોલુ લબ ખુશીથી હુ તેપર તમામ.

કે સલ્મની માશુકનુ "આરઝુઇ" નામ,
ને તુરની નુ "માહે આઝાદ ખુઇ" નામ.

"સહી" નામ ઈરિચની માશુકનુ ખાસ,
કેમકે "સોહુયલ"થી હતો તેનો હાસ. ૧૨૬

સુરત સેતારાઓની આસ્માન પાસ,
સેતારે શીનાસોએ પાડેલી ખાસ.

તે લાવી લખાણોને મુક્યાં તે વખ્ત,
ને જોયાં તે બેટાઓના નેક બખ્ત.

તો સલ્લમની કુંડલીથી જાણ્યું છે ખાસ,
કે છે તેનો બૃહસ્પતિ ધનની જે રાસ.

ને તુરનો સીતારો છે સિંહનો બુલંદ,
જે રાસી કેહવાય નેક અને જોરેમંદ.

ને ઈરચનો ગ્રહે જોયોતો કર્ક રાસ,
જે ચંદ્રનો માલેક ગણાયો છે ખાસ.

સીતારાએ તેના દેખાડી નિશાન,
કે થાય તેના બખ્તે લડાઈ તુફાન.

તે જોઈ બાદશાહને નીરાસી થઈ.
જીગરથી એક હાય તેના નીકળી ગઈ.

આસ્માન જોયુ રૂઠેલુ ઇરચ ઉપર,
ન જોઈ ચાલ માયા ભરી સર બ સર.

તે રઓશન રવાંન બેટાના ખ્યાલમા,
ફીકર સીવા જોયુ ન કંઈ હાલમા.

ફરીદુને પોતાના છોકરાઓ માટે દુન્યાંના ભાગ પાડવા.

જોયુ જ્યારે શાહે તે આસ્માની કામ,
કે એરચને ફાયદો નથી કંઈ મુદામ. ૧૨૭
છુપો ભેદ ઝાહેર થયો સમપુરણ,
કીધા હીસ્સા જગના ફરીદુને ત્રણ.
અવલ રૂમ ખાવર બીજો તુર્ક ચીન,
ત્રીજો દશ્તે ગોર્દા ઇરાંન સર ઝમીન.
નિગાહ કીધી સલમપર અવલ બુલંદ,
કીધો રૂમ ખાવર તે માટે પસંદ.
હુકમથી તેના કીધું લશકર તૈયાર,
ચાલ્યો દબદબા સાથે ખાવર તેવાર.
મુકયો પગ જેવારે તેણે શાહી તખ્ત,
કેહુવાયો તે ખાવરનો શાહ તેજ વખ્ત.
બીજુ આપી તુરને તુરાની ઝમીન,
બનાવ્યો તેને શાહે તુર્કાંનો ચીન.
કીધુ બાદશાહે તે લશકર તઇયાર;
તુરે તુર્ત રાહમા ચલાવ્યુ તેવાર.
બેઠો તખ્ત પર શાહી દબદબા સાથ,
કંમર બાંધી ખોલ્યા સખાવતમા હાથ.

વર્સાવ્યાં ગોંહર દાનાઓએ તે પાસ,
ગણ્યો શાહ તુરાની તેને લોકે ખાસ.
એરચની વખત તેના બાપે બુલંદ,
ઈરાન શેહેર કીધુ તે માટે પસંદ. ૧૨૮
ઈરાન "દશતે નેઝાહ વરાન" તેજ વખત,
દીધુ તાજ શાહી દીધુ શાહી તખ્ત.
કારણ જોયો કુલાહને શમશીર મુહર,
હાથી દાંતના તખ્તને લાયકનો નર.
ધરાવનારા હોશો અકલના તમામ,
ગણુવા લાગ્યા શાહે ઈરાં નેકનામ.
તે ત્રણ શાહી તુખ્મોને મુલ્કોના નર,
આરામ સાથે બેઠા ખુશી તખ્ત પર.
ગયો એ ઉપર કઇક લાંબો વખત,
કે ભેદ દીલમા રાખતો ઝમાનો સખત.
અકલમંદ ફરીદુન થયો ઝઇફ મર્દ,
જમા થઈ ઉમરના બગીચામા ગર્દ.
એમજ છે કે જે વારે કોઈ ઝઇફ થાય,
તેનુ સુસ્ત કૌવત બની તુર્ત જાય.
અંધકાર ફર્યો કામોમા તેમણા જે વાર,
કપટ બેહુ દીલેરાએ ધર્યું તે વાર.

સલ્લમે એરચની અદેખાઇ કરવી અને તુર સાથે તે કામમા મસલ્લેહત કરવી.

ફરૂચ હવે સલ્લમના કામ તરફ એમ,
ગરમ જેણે લોહી રેડીયુ એરચનુ કેમ.
દ્દીલ આવ્યુ જોશ અંદર સલ્લમનુ બસ,
તો બદલાયા રીત ભાતો ખ્યાલો સરસ. ૧૨૯
થયુ ગર્ક દ્દીલ લોભમા તેનુ ખાસ,
વિચાર અંદર બેઠો સલ્લાહકારો પાસ.
તે બક્ષેશ ન આવી પીદરની પસંદ,
ઝરીન તાજ નાનાને આપ્યુ બુલંદ.
દ્દીલે કીના ભર્યો ચેહરો ગુસ્સે ખાસ,
મોકલ્યો એક કાસદ શાહે ચીન પાસ.
તે ભાઈ આગળ મોકલ્યો તેણે પેગામ,
વધુ જીવજે ખુશ ખુરરમીમા તમામ.
કહયો તેણે દ્દીલમા હતો જે વિચાર,
રવાના કીધો જલ્દી કાસદ તેવાર.
પોતાના બીરાદર શાહા તુર પાસ,
કે દ્દીલથી જેના દુર હતી અકલ ખાસ.

કેહવાડયુ કે અય શાહે તુર્કોનો ચીન,
હુનરમંદ નેક અને દાના પ્રવીન.
સરવ કદ છતાં કમ વિચારે ગઝંદ,
કીધોચ આપણે માટે આ જગમા પસંદ.
બીદાર દીલે સાંભળ હકીકત તમામ,
સમજ્યું હશે ના અમલથી તેં આમ.
આપણ ત્રણ હતા તખ્ત લાયક જવાન.
તેમાથી થયો નાનો બહુ ભાગ્યવાન. ૧૩૦
અકલ ઊમ્રમા હુ વડીલ જોકે આમ,
ને મેહેર લાયક મુજપર છે ગેતી તમામ.
કે મુજ બાદ તખ્ત અને તાજો કુલાહ,
સીવા તાહારા લાયક નથી કોઈને શાહ.
શુ લાયક છે ચુપ રેહવુ બેહુને અગર,
આપણ પર ગુઝારે સીતમ જો પીદર.
એરચને યમન ઇરાં "દસ્તે યલાંન",
મને આપે રૂમ અને ખાવર વીરાંન.
તુને તુર્કસ્તાન અને ચીનનુ મયદાન,
ને થાય આપણામા નાનો શાહે ઇરાન.
આ વેંહેચની કબુલ નથી કરતો હુ પલ,
નથી મગ્ઝમા કંઈ પીદરના અકલ.
મોકલ્યો સવાર સાંઢણી એક ખાસ,
જે આવ્યો તુરાંની તે બાદશાહની પાસ.

કહ્યું અમજેલુ તાલ મેલથી તમામ,
ને કમ અકલી તુરને ઉસ્કેર્યો મુદામ.

દેલાવર તુરે સરવે સાંભલ્યો હાલ,
થયો ગુસ્સે વિક્રાળ સીંહુની મીસાલ.

દીધો તેણે એ માફૂક વળતો જવાબ,
કે યાદ રાખી બાદશાહુને કેહજે શીતાબ. ૧૩૧

જવાનીના અમલમા બેદાદગર,
ફ્રેબ દીધો આપણને બાપે ઝબર.

પોતા હાથે રોપ્યુ છે એવુ શજર,
જેના ફળ છે લોહી અને પાનો ઝેહર.

કે એ બાબદોમા હુ કહુ છુ તને,
મળી જજે આવીને રૂબરૂ મને.

નિગાહુ કરવી મસલતને દાનઇથી ખાસ,
મોકલ્યો સવાર એમ કહી શાહુની પાસ.

બુઝર્ગોમાથી એક સુખનવર લીધો,
ને ગેતીના શાહ પાસે મોકળી દીધો.

પેગામ માહારો મુકજે તુ જઇ તેની પેશ,
ને કેહજે ખુશી ભર્યા શાહ દુરઅંદેશ.

કે જુઠાં ફરેબી આ કામે અરે,
સબર કરવી જોઇએ ન જંગી નરે.

આ કામમા ન ઢીલ કરવી જોઇયે લગાર,
આસાયશ લેવી ઝયાન છે બેશુમાર.

ક઼ાસદ પાછો લાવ્યો જેવારે જવાબ.
છુપો ભેદ ખુલ્યો તે વારે શીતાબ.
કે એક રૂમથીને બીજો ચીનથી સવાર,
થયો ઝેહેર મધમાં ભેલાયુ તેવાર. ૧૩૨
મુલાકાત એકે બીજાની લીધી,
ને મસલતો ઝાહીરને બાતીન કીધી.

સલ્લમ અને તુરનુ ફરીદુન ઊપર પયગ઼ામ મોકળવું.

મુબેદ એક સુખનવર દુરઅંદેશ બુલંદ,
ચાલાક દીલના લાયકને કીધો પસંદ.
જગા ખાલી કીધી બીગાનાથી યાર,
દરેક વાત ઉપર લાગ્યા કરવા વિચાર.
સુખન સલ્લમે માડ્યા બોલવા પ્રથમ,
કાઢી આંખોમાથી પીદરની શરમ.
કહ્યુ પેલા ક઼ાસદને દઓડ એ હીસાબ
પવન ધુળબી પકડે ન તુને શીતાબ.
પવન માફ઼ક તુ જા ફ઼રીદુનની પાસ,
ન કામ હોતુ દોડવા સીવા તાહારૂ ખાસ.
પુગે તુ ફ઼રીદુનના મેહેલે મુદામ,
પ્રથમ કેહજે બેહુ બેટાઓની સલામ.

તેને જઇને કરજે બીજીએ ખબર,
કે બેહુ જગમા યઝદાંનો કરવો છે ડર.

જવાંનોતો બુઢા બનેચ કોઇ કાલ,
પણ બનશે ન કાલા સુફેદ થયલા બાલ.

આ તંગ જગે ઢીલ કેમ કરેચ બેખતર,
થશે ગમ ભરી. ગેતી તંગ તુજ ઉપર. ૧૩૩

કીધીચ ગેતી યઝદાંએ તાહારે આધીન,
નુરી શમ્સથી તે અંધારી ઝમીન.

ખુશી માફક તાહારી ધરી રસ્મો રાહ,
ન રબના હુકમ પર તેં કીધી નિગાહ.

બેફાયદા ગ્રીવા ને ન કીધું લગાર,
ન વેંહચાણીમા સસ્તી કીધી એખતેયાર.

અકલમંદ બાહદુર ત્રણે તુજ પીસર,
કીઓ નાનો મોટો હુતી તે ખબર.

તેં એકમા નથી જોયો ઝયાદા હુનર,
કે બીજો નિચું નાખે તેનાથી અર.

આપ્યો એકને અઝદાહુના મોંહમા ઝબર,
ચઢાવ્યો છે એકને તેં આસ્માન પર.

આપ્યું તાજ એકને તુજ આગળ સહી,
કે જેથી તુજ બેહુ આંખો રોશન રહી.

મા બાપમા ઉતરતા નથી હુમો સહી,
કે હોઇએ શાહી તખ્ત લાયક નહી.

ઝમીનના અરે એ શહા દાદગર,
દોઆ ના હોતી એવા ઈન્સાફ પર.
તુચ્છ તેના સરથી આ દુર થાય તાજ,
છુટક પામે ગેતી જો તેનાથી આજ. ૧૩૪
ને તેને એક દુન્યાંનુ ખુણું અપાય,
હમો માફક તે તાહારાથી દુર થાય.
તો ઠીક નહીંતો તુર્કોનો ચીનના સવાર,
તથા રૂમના બાહાદુરો કીનો લેનાર.
નુ લશકર ગુરઝદાર લાવીશુ ખાસ,
ને કરશુ ઇરાંન અને એરચનો નાસ.
પેગ઼ામ સખ્ત મુએદે સમજી લઈ,
ને પીઠ ફેરવી બેસો ઝમીનને દઈ.
સવાર ઝીન ઉપર થયો તે બાદ એમ,
કે ભડ઼કી ઉઠેચ હવાથી આગ જેમ.
આવ્યો દરગાહમા શાહ ફરીદુનની પાસ,
જોયો એક બુલંદ કીલ્લો બાંધેલો ખાસ.
લાગી તેની વાદળથી ઉંચઈ હતી,
કે એકથી બીજે છેડે પોહલ્લઈ હતી.
બેઠા હતા સરદારો દરવાઝા પર,
હતા પર્દામા ઊમ્રાવો નામેવર.
હતા બાંધ્યા, સીંહ વાઘો એક હાથ પર,
બીજે હાથ હાથી લડાયક ઝબર.

દેલાવર તે પહલવાનોમાથી અપાર,
કે સીંહના આવાઝ માફક ઉઠયો પુકાર. ૧૩૫

તે અયવાન તેણે ધાર્યું આસમાન છે,
ને આસપાસ લશકર એક બળવાન છે.

હુસ્યાર કામદારો ગયા ત્યાંથી ખાસ,
કહ્યું જઇને ગેતીના બાદશાહની પાસ.

કે શાહ નઝદીક આવ્યો છે કાસદ જો એક,
જે છે મર્તબાવાળો ખ્યાલોનો નેક.

ઉંચકી લીધો પરદો હુકમ થતાં વાર,
તેને ઘોડા ઉપરથી લાવ્યા દરબાર.

ફરીદુનના ચેહરા પર ગઈ જો નઝર,
જોયો દાદખ્વાહ બાદશાહ પુર હુનર.

હતો સર્વ કદ ચેહરો ખુરશીદ મીસાલ,
ગુલાબ ગાલ ચોપાસ કપુર જેવા બાલ.

બેરૂખ શર્મ ભર્યા બેલબ હસ્તા માન,
સુખન પુર નર્મી ને શાહી ઝબાન.

જે વારે તેને કાસદે જોઈ લીધો,
ઝમીન રગડી બોસાથી સીજદો કીધો.

બેસાડયો તેને ત્યાં ફરીદુને બસ,
કીધી તેને લાયકની જગ્યા સરસ.

પ્રથમ પુછી બેહુ પ્યારાઓની ખબર,
કે છે તન દુરૂસ્ત તેઓ ને ખુશ જીગર. ૧૩૬

કહ્યુ બીજુ જંગલને રસ્તો તમામ,
પસાર કરવા ખેંચી છે ઝેહમત શુ કામ.

કહ્યું કાસીદે શાહ બુઝર્ગ નેક બખ્ત,
શીવા તુ ન જોતુ બીજાને આ તખત.

મુરાદ માફક તાહારી છે તેઓ તમામ,
નાહારાજ નામે ઝીંદગી ગુઝારેચ મુદામ.

હુ નાલાયક બંદો હુ બાદશાહનો એક,
બચિત અપવીત્ર હુ વાતે દરેક.

લાવ્યોચ સખ્ત પયગામ નઝદીક તુ શાહ,
મોકલનાર છે ગુસ્સે હુ હુ બેગુનાહ.

અગર ફર્માવે બાદશાહ જો મુદામ,
તો ગાફેલ જવાંનોનો કહુ હુ પયામ.

ફર્માવ્યુ જેથી તેણે ખોલી ઝબાન,
ને સમજાવ્યું સમજેલું સર્વે બયાન.

ફરીદુનનું છોકરાઓને જવાબ કેહવાડવું.

ફરીદુને તે ઉપર ખોલ્યા છે કાન,
આવ્યો જોશમા જ્યારે સાંભળ્યુ બ્યાન.

કહ્યુ શાહે કાસીદને અય બાહાદુર,
તુંને એમા માફીની શુ છે ઝરૂર.

કારણકે મનેબી હતી એજ ઊમેદ,
હતા માહારાં દીલમાબી એ વાતે ખેદ. ૧૩૭

નાપાક બેહુદા ખાલી મગ્ઝ એહરેમન,
તે બેહુને તુ જઈ કેહજે એવા સુખન.

કે બેહતર છે થઈ ગયો ઝાહેર ખવાસ,
હતી તમ તરફની દોઆ એજ ખાસ.

મુજ નસીહતથી જો મગ્ઝ ખાલી થયુ,
તો સ્વબુદ્ધીનુબી શુ ધક ના રહ્યુ.

નથી શર્મ યાકે ન યઝદાંનો ધાક,
નથી પોંહોચ તમને યા બુદ્ધી ઝરાક.

ડામર જેવા કાળા હતા માહારા બાલ,
સરવ જેવુ કદ ચેહરો માહની મીસાલ.

જે આસમાને પીઠ માહારી કીધીછે ખમ,
સીધી પીઠે તેતો ફરેચ દમ બ દમ.

રાખેચ તેજ ઝમાનો કરી તમને પ્યાર,
તે પણ રેહશે હરગેઝ નહી પાયેદાર.

બુલદ નામ તે દાવરે પાકના,
નુરી શમ્સને આ સીયાહ ખાકના.

કસમ કુલાહ તખ્ત માહ સીતારાના ગર,
કીધી હોય જો મેં તમ પર બુરી નઝર.

હતુ અનજુમન ભેગુ કીધુ મેં ખાસ,
હતા દાના મુબેદ સીતારે શીનાસ. ૧૩૮

કીધી હતી મમલતો એમા અથાગ,
ને હક્ વાજબી કીધા ઝમીનોના ભાગ.
મેં રાસ્તી એ વાતે કીધીચ અખતેઆર,
નથી જેમા જુઠાઈની બુનએખ લગાર.
હતો દીલમા ડર પાક યઝદાંનો ચાર,
જેથી જગમા રાસ્તી ધરીચ બેશુમાર.
આબાદ જ્યારે થઈ ગેતી માહારેથી હાલ,
ન ધાર્યું કે થાય અનજુમન પાયમાલ.
મગર ધાર્યું કે મુજ બુલંદ તખ્તને,
આપુ માહારી ત્રણ આંખો નેક બખતને.
જો દીલ આ તમારૂ મુજ નસીહતથી દુર,
બદી ઉપર ખેંચ્યું છે દેવે ઝરૂર.
તો જોજો કે તે પાક યઝદાં બુલંદ,
તમારી એ રીત કેમ કરશે પસંદ.
હુ કહુ વાતો જો ધ્યાનમા લાવશો,
તેવુજ કાપશો જેવુ કે ફળ વાવશો.
મને કહી ગયો છે એવુ રહનુમાય,
આપણુ માટે છે જગ બીજી આ સીવાય.
કીધોચ લોભે અક્કલના તખ્તે મુકામ,
થયોચ દેવ સાથી તમારો શુ કામ. ૧૩૯
ડરૂચ કે આ લોભ રૂપી અઝદાહની જંગ,
મા જીવ થશે તનથી જુદા બેદીરંગ.

અયામ માહારો જગથી જવાનો થયો,
વખત નથી તુન્હી ગુસ્સાનો રહયો.

પણ એ રીતે કહેછે આ અઇફ મર્દ એક,
આઝાદ જેના ત્રણ હતાં ફરઝંદો નેક.

કે દુર થાય છે લોભ જ્યારે દીલથી દરેક,
તો શાહી ખઝાંનોને છે ખાક એક.

જે ખાક માટે ભાઈને વેચે જાણી જોઈ,
ખરૂ છે ન કહે પાક અવલાદ કોઈ.

જોયા જોશે તમ જેવા આલમ અપાર,
પણ તે કોઇની થઈ રેહશે નહીં તાબેદાર.

હવે તમે જે કંઇબી જાણુતા હોય મન,
કે છુટકો થશે રબથી કેઆમતને દન.

તો તે શોધી ત્યાર કરો રાહ નો સામાન,
કુશીશ કરો થાય જેથી મુશકીલ આસાન.

મુખન શાહનો એલચીએ સમજી લીધો,
પડયો રસ્તે બોસો ઝમીનને દીધો.

ફર્યો ફરીદુન પાસેથી પાછો યાર,
હવા સાથે ગોયા થયો ભાગીદાર. ૧૪૦

ફરીદુને એરચ સાથ સલ્લમ અને તુરના કામ વિષે વાત કરવી.

ગયો પાછો સલ્લમનો કાસદ જેવાર,
બેઠો શાહ અને ભેદ ખોલ્યો તેવાર.

પછી તેડ્યો જહાં જોય પ્યારા ને પાસ,
બનાવ તેને બનવાનો કહી દીધો ખાસ.

કહ્યું એમ પીસર બેહુ જગી જવાન,
જે ખાવરથી મોંહ હ્યાં કરેચ બેગુમાનં.

સીતારાની ચાલે એવુજ બખત છે.
કે બદ કામે ખુશ તેઓ હર વખત છે,

દાણા પાણી એવા બે મુલ્કો અંદર.
છે તેમના કે ફળ જેના આકળાં ઝબર.

કે જ્યાં સુધી તાજ તાહારે માથે હશે,
ત્યાં સુધી ભાઈ તાહારા ભાઇયો થશે.

ચેહરો તાહારો રંગીન જો કર્માંશે ખાસ,
ફૂટકશે ન કોઈ તાહારાં બીસતરની પાસ.

જો શમશીરની સાથે બતાવશે મહર,
તો આઝુર્દા જંગથી થશે તાહારૂ સર.

બે ખુણેથી ગેતીના મુજ બે પીસર,
ખોલેચ એવો ભેદ માહારી પાસે ઝબર.

ગ઼રઝ હોય જો સરની તો તઈયારી કર,
અસબાબ બાંધ ખોલી ખઝાંનાનો દર. ૧૪૧

તુ લે નાસ્તો કરતાંમા જામ અય પીસર,
ન તો સાંજનુ ખાણુ તે ખાશે તુ પર.

ન રાખ દોસ્ત શોધવાની ગેતીમા આસ,
છે નિર્દોષો સચ્ચાઈ તાહારા દોસ્ત ખાસ.

હુનરમંદ એરચે કીધી નઝર,
મહુરબાં મુબારક પીદરની ઉપર.

ને આપ્યો જવાબ એવો કે અય શાહા,
ઝમાનાની ચાલ ઉપર કર તુ નેગાહા.

પવન માફક થાયેચ આપણુ ઉપર સવાર,
તો ગ઼મ તેનો ખાય ડાહયો શા માટે યાર.

કર્માવે છે પુલ અર્ગ઼વાની તે જેમ,
ગ્રીયાહ દીદ કરેચ નેક મર્દોના તેમ.

શુરૂ ગંજ આખરમા છે રંજ .. પાસ,
જવુચ પાચ ત્રણ દીનની ગેતીથી ખાસ.

બીસતર ખાકી ટકયો છે ઈંટનો થનાર,
તો શા માટે ઝાહાડ એવુ રોપ્યે આવાર.

કે ચાહે એટલુ આસ્માન થઈ જાય પસાર,
તો પણ જડ પીએ લોહી ને ફુળ કીનાદાર.

ધણી તખ્ત શમશીર નગીનાના નેક,
આ ગેતીએ જોયા ને જોશે અનેક. ૧૪૨

તેથીજ આગળના બાદશાહ નામદાર,
ન રાખતા રેવાઝોમા કીનો લગાર.
અગર દે રઝા મુજને તુ શેહરીયાર,
કરૂ નહીં બદીમા ઝમાનો પસાર.
ન જોઇયે કુલાહ તખ્ત ને તાજ ખાસ,
વગર ફ્ઓજે જાઉ જલ્દી તે એની પાસ.
ને કહુ જઇને કે માહારા જીવ અને તન,
જેવાજ પ્યારા છેઓ નામદારો તદન.
તમો કમ સમજને લીધે જગના શાહ,
થી ના રાખો ગુસ્સો ને કીનાની રાહ.
ઉમેદ ધરોચ ગેતી પર શા માટે ભાઈ?
કેવી કીધીચ જમશેદથી તેણુ બુરાઈ!
ગયો ગેતીથી આખરે નેક બખત,
રહયો નહી કમરબંદ કે તાજ અને તખ્ત.
મને પણ તમો સાથે આખર અવલ,
ચાખવાં પડશે આ બદ ઝમાનાના ફલ.
ખુશાલ જેથી એક બીજા થઇયે ખચિત,
ને બદ ખ્યાલી દુશમનથી રહીયે નચિંત.
એ કહી તેમણુ દીલ દીનની રાહ પર કરશ,
છે દુશમની કરતાં તો એ બહુ સરશ. ૧૪૩
ફરીદુને જ્યારે એ સાંભળ્યો હાલ,
થયુ તેના દીદારે દીલ બહુ ખુશાલ.

કહ્યુ શાહે કે અય અકલમંદ પીસર,
લડ્ઈ શોધે ભાઈયો ને તુ શોધે મહર.

ઘટેચ યાદ કરવા સુખન હર પલક,
અજબ શુ મળે ચંદ્રમાથી ઝલક.

દુરસ્ત છે એ તુજ અકલમંદનો જવાબ,
જોડાણુ ચાહુચ તુજ દીલે તેમણુ શીતાબ.

પણુ બેકીમતી જાન અને સર નેક બખ્ત,
જને અઝદાહના દમમા કોઈ નાખે છે સખ્ત.

તો ઝહરના સીવા આવે શુ તેની પાસ,
કે હીસ્સો છે એજ તેના કીસમતમા ખાસ.

અય બેટા જો છે એવો તાહારો વિચાર,
તો જા ત્યાં અને કામ તુ પાર ઉતાર.

હુકમ ફઓજમાથી તુ થોડાને કર,
કે સાથ આવે રાહમા જેઓ સર બ સર.

દુખી દીલથી નામુ લખુચ હમણા ખાસ,
રવાના કરૂચ અનજુમનની તે પાસ.

ફરી તન દરૂસ્ત જોઉ તુને પ્યારથી,
છે રોશન રવાંન તાહારાં દીદારથી. ૧૪૪

એરચનું ફરીદુનના નામા સાથ સલ્લમ અને તુરની નઝદીક જવું.

લખ્યુ નામુ ગેતીના શાહે દીગર,
તે ચીન અને ખાવરના સાહેબો પર.
કીધી શુરૂ નામામા રબની સેપાસ,
કે છે તે અને રેહેશે જે બારે માસ.
લખ્યુ કે શીખામણ ભર્યું નામુ ખાસ,
બુલંદ થયેલા બે આફતાબોની પાસ.
બે જંગી કદાવર બે શાહે જહાન,
ને શાહોમા નુરી નગીના સમાન.
ને નામુ આ તેનુ જેણે જગ દરેક.
રીતે જોઇછે જે ભેદ જાણેચ અનેક.
જે ગુર્ઝ અને શમશીરનો ધરનાર છે,
રોશન તાજ શાહોના કરનાર છે.
ધોળે દહાડે રાતોને લાવનાર ખાસ,
ખઝાનાનો ખોલનાર ઉમેદવારો પાસ.
જે પર રંજ આસાન થઇછે ઝબર,
નાખીચ જે પર ગેતીના લોકે નઝર.
નથી જોઇતુ મુજને આ તખ્તો કુલાહ,
નથી જોઇતુ ઝર કે ન જોઇયે સીપાહ.

મેં રંજ લાંબી ખેંચી છે તે બાદ ખાસ,
કરૂચ ત્રણે ફરઝંદના સુખનો હું કયાસ. ૧૪૫
કે ભાઇથી દુખી દીલ તમારૂ આ થાય,
જોકે તેણે કોઈ પર નથી મારી હાય.
તમારાં તે દુઃખ ખાતર આવે છે પાસ,
ખાહેશમંદ દીદારોનો થઈ .કેવો ખાસ.
પસંદ કરી તમને તજી શાહી એમ,
નામીઓની રીતને જે લાયક હોય તેમ.
આવેચ તખ્તથી ઝીન ઉપર થઈ સવાર,
કંમર તેણે બાંધીચ થવા તાબેદાર.
તમો કરતાં ઊમરમા નાનો છે ખાસ,
જે મેહેરબાની લાયકનો છે કરજો કયાસ.
દયા રાખી નેક બદલો લેજો ખરો,
પોષણ કીધુ તનનુ તો જીવનુ કરો.
થોડા દહાડા રેહુશે તમારી તે પાસ,
મોકળજો પછી માહારી નઝદીકમા ખાસ.
તે નામા ઉપર મોહોર શાહી કીધી,
તો મેહેલમાથી એરચે રાહ લઇ લીધી.
જે રસ્તાને માટે ઝરૂરી રહ્યા,
તે ઝઇફો જવાન સરવે સાથે ગયા.
આવી પોંહુચ્યો તે જલદી તેઓની પાસ,
અંજાણ હતો બદ તેમણા ખ્યાલોથી ખાસ. ૧૪૬

ગયા રીત મુજબ સામા લેવા સુદામ,
સમારીને સંફ ફ્રઓજ રાખી તમામ.
પ્યાર ભર્યું મુખ જોયુ ભઈનુ જેવાર,
કીધો ચેહરો ઝયાદા ખીલેલો તેવાર.
દગાખોર બેહુએ તે એક નેક નર,
ની પુછી વગર દીલની ખએરો ખબર.
તે એક શાંત મન બે કીનાખોર રહ્યા,
ત્રણે સરા પરદામા દાખલ થયા.
જોવા લાગ્યુ લશકર એરચને તે વખ્ત,
કારણ હતો લાયક તે કુલાહ ને તખ્ત.
થયુ તેમણુ દીલ પ્યારથી એકરાર,
કે મોહબ્બતથી દીલ ચેહરાથી દીદ અપાર.
સેપાહ જોડ઼ બબેમા વિખરઈ જતા,
છુપુ નામ એરચનુ લેતા હતા.
કે શાહીને ઝેબ એ દેનારો કેહવાય,
કુલાહ કોઇને હોતી ના એના સીવાય.
કીધી ફ્રઓજ પર સલમે જો નઝર,
તો તે વાતે ઠણુકી ગયુ તેનુ સર.
આવ્યો કીના ભર્યા દીલે તંબુ પાસ,
ગુસ્સા ભર્યા અબરૂ જીગર ખુની ખાસ. ૧૪૭
બરખાસ કીધી તંબુથી મીજલસ ઝરૂર,
બેઠો સુલ્લાહકારોથી પોતે ને તુર.

ચાલી વાત હર વાત પર જોશ ભર,
હરેક મુલ્ક પર શાહી પર તાજ પર.
તે વાત ચિતમાં સલ્લમે તુરને કહ્યું,
બબે જોડ શા માટે લશકર થયું.
પાછુ ફરતાં રાહમાથી લશકર ઉપર,
ખચિત તુએ કીધી હશે નહીં નઝર.
ગયા કાપી જ્યાં સુધી તે સરવે રાહ,
એકેબી ન એરચથી ફેરવી નિગાહ.
તેણુબી કીધા ચારા તદબીર અનેક,
કે જેથી તેને જોએ સેપાહો દરેક.
જોય તેનો દબદબો ને આ દમામ,
તો પયવંદ પસંદ કરે તેનુ તમામ.
સામુ જતાં ફઓજ બેહુ શાહોની તે,
જુદીજ હતી આવતાં જુદી રીતની છે.
એરચથી સીયાહ દીલ હતુ સર બ સર,
તેમા વધેચ અંદેશા અંદેશા પર.
બે મુલ્કોની ફ્ઓજો પર કીધી નઝર,
તો જોયુ ન ગણુશે કોઈ શાહ એ વગર. ૧૪૮
ઉખેડ્શે ન તુ તેને જડ્ સખ્તથી,
તો પગ નિચે પડ્શે બુલંદ તખ્તથી.
ઉઠ્યા તેઓ એ માફક કરતા વિચાર,
ચારો કરવામા રાત કીધી પસાર.

એરચનું પોતાના ભાઇઓના હાથ ઊપર માર્યા જવું.

આફતાબે ઊંચકયો જેવારે હીજાબ,
ઉપર આવી રોશની ઉડી ગયો ખ્વાબ.

થયાં દીલ તે બેહુ બે હુદાના ગરમ,
કે ધોઈ નાખે બેહુ આંખોમાથી શરમ.

ઉઠ્યા લાડ કરતા તે બેહુ ત્યાંથી ખાસ,
ને આવ્યા તે એરચના તંબુની પાસ.

કીધી એરચે તંબુમાથી નઝર,
ગયો સામે દીલમા ભરી પુર મહર.

ગયા તંબુમા તેની સાથે મગર,
ત્યાં વાત આવી ગઈ હોજાતોજી ઉપર.

કહ્યુ તુરે તુ નાનો મુજથી છે ગર,
તો કેમ કુલાહ પેહરીય બુઝર્ગીની સર.

તુને જોઇએય બાદશાહી તખ્તો ઇરાન,
ઉભો રહુ કંમર બાંધી હુ તુર્કસ્તાન.

વડો ભાઈ રંજ ખેંચે ખાવરમા આજ,
તાહારે હાથ ખઝાનો ને રહે માથે તાજ. ૧૪૯

જહાંજોય ફરીદુને વેંહચણી કીધીય,
તરફદારી નાના પીસરની લીધીય.

સુખન તુરના એરચે સમજી શીતાબ,
સરસમા સરસ પાછો આપ્યો જવાબ.

કહ્યુ તેણે અય તાજવર નામદાર,
મુરાદ ચાહે તો કર સબર એખતેઆર.

નથી તખ્ત જોઇતુ ન તાજે કયાન,
ન નામ બુઝર્ગીનુ ન ફ્રઓજે ઇરાન.

નથી જોઈતુ ઇરાન ન ખાવર કે ચીન,
નથી જોઇતી શાહી કે ઓહુળી ઝમીન.

બુઝર્ગી કે હોય જેનો અંત અંધકાર,
ઘટેચ તે બુઝર્ગી પર રડવુ અપાર.

ફલક તાહારૂ ઝીન ઉચકી ફરતુ હશે,
પણ શેવટ તો ઇંટ તાહારો ટકયો થશે.

અગર માહારે છે હાથ તખ્તે ઇરાન,
તોપણ તખ્ત ને તાજથી છુ હેરાન.

દેઉ તમને હુ મોહોર શાહી કુલાહ,
ન મુજ સાથે રાખો કીનાની નીગાહ.

નથી જંગ મને કોઈ તમોથી રહી,
કે દીલ રંજીદા કરવુ માહારેથી નહી. ૧૫૦

નથી ચાહાતો હુ તમને દુખી થવા,
નથી ચાહાતો દીદારોથી દુર જવા.

સીવા તાબેદારી ન કંઈ મુજથી થાય,
નથી ધર્મ ઇન્સાંનીયતના સીવાય.

કે આ જ્યારે સાંભળ્યુ તુરે બયાન,
તેની વાત પર કંઇબી આપ્યુ ન ધ્યાન.

એરચનુ આ કેહેવુ ન ગમ્યુ તમામ,
સુલેહ ભરી રીત ભાતો આવી ન કામ.

ખુરસી પરથી ગુસ્સામા ઉઠયો તે વખ્ત,
ને લાગ્યો તે કુદવા ને બોલવા ને સખ્ત.

એકાએક તે બેઠકથી ઉઠયો જવાન,
ઝરીન ખુરસી ઊંચકી ઝબર બે ગુમાન.

ને મારી તે તાજદાર બાદશાહને સર,
તો માગી પનાહ એરચે સર બ સર.

કહ્યું રણનો ડર નથી શર્મે પીદર,
શુ છે ખ્યાલ તાહારો એમજ નામવર.

મારી નાખ હરગેઝ નહી તુ મહને,
મુજ ખુન માટે ધરશે ઝમાનો તહને.

તુ ના કર પોતાને ખુનીના સમાન,
કારણ જોશે તુ નહીં હવે મુજ નિશાન. ૧૫૧

શુ રાખેચ પસંદ ને શુ મગતો તુ થાયચ,
કે જીવ રાખી બીજાનો જીવ લેવા ચ્હાયચ.

ખુણુ એક મને છે આ ગેતીમા બસ,
કુશેશ કરી ખોરાક હુ મેળવી શકસ.

ન દે દાણો ખેંચતી કીડીને આઝાર,
તે પણ રાખેચ જીવ જેને વાહલો અપાર.

સીયાહ અંત કરણુનો તે છે સંગ દીલ,
જે ચાહાતો હોય કીડીનેબી તંગ દીલ.
કસેચ કેમ કંમર ભાઇના ખુન ઊપર,
ને કેમ બાળેચ બુઢા પીદરનુ જીગર.
તં માગી તે ગેતી મળી ખુન ન કર,
ન કર જગડો ચઝદાંથી તુ બેખતર.
જવાબ દીધો નહી તેણે સમજી સુખન,
હતુ ગુસ્સે દીલ ભર્યો સરમા પવન.
ખજર મોજાંમાથી એક ખેંચ્યુ ઝબર,
ને ખુનમા કીધો તેને સરતાપા તર.
ઝેહેરી આબદાર ખંજરેથી મુદામ,
ચીરી નાખી બાદશાહી છાતી તમામ.
પડ્યુ સર્વ સીધુ નિચે સર બ સર,
પલકમા ટુટી બાદશાહી કંમર. ૧૫૨
વહ્યું ખુન અરગ઼વાની ચેહરા ઉપર,
મરણુ પામ્યો શાહ નઓ જવાં નામવર.
હાથી જેવાં તનથી સરે તાજદાર,
કાપ્યુ ખંજરે બન્યુ બરગસ્તા કાર.
અય દુન્યાં તેં પાલ્યો બગ઼લમા લીધો,
પછી ના બચાવ તેના જીવનો કીધો.
હુ નહી જાણુતો કોણુ તાહારો છુપો છે યાર,
રડવુ જોઇયે દોસ્તી પર ઝાહેર અપાર.

અજાએબીથી હયેરત થયલા એ નર,
ન રાખ ગેતી ખાતર તુ દર્દી જીગર.
શાહો માફક કીનામા ચુર થયલા નર,
આ બેહુ ઝુલ્મગારોથી તુ બોધ ધર.
અબીર કસ્તુરીથી ભર્યું તેનુ સર,
રવાના કીધુ જગ બખશનાર પર.
કેહુવાડયું છે સર તાહારા પ્યારાનુ આજ,
મળેલુ હતુ જેને વડવાનુ તાજ.
હવે દે ગમે તાજ યા દેજે તખ્ત,
આંચો દેતુ કર્માયુ શાહી દરખ્ત.
પાછા ફર્યા બેદાદો તે બેહુ સુમ,
ગયો ચીન તરફ એક બીજો ચાલ્યો રૂમ. ૧૫૩

એરચનું તાબુત ફરીદુનની નઝદીક લાવવું.

ફરીદુન એ આંખોથી જોતોતો રાહ,
ખાહેશમંદ હતાં શાહના લશકર કુલાહ.
વખત થયો આંવવાનો શાહનો જેવાર,
કહાં વાકેફ હતો બાપ ખુનથી તેવાર.
રચ્યુ [illegible] શાહ માટે ફીરોઝા તખ્ત,
ને તાજ અને ગોંહુરો જડ્યાં તે વખ્ત.

તઇયારી કીધી સામા લેવા શીતાબ,
તેઆં રામસગર વાજીંત્રોને શરાબ.

તેને લાયક હાથી નગારાં તમામ,
ગયા લઈ કીધી શેહેરમા ધુમધામ.

હતા તેજ વાતોમા શાહ ને સીપાહ,
કે ગર્દ એક ઉઠી રાહામાથી સીયાહ.

તે ધુળમાથી સાંઢણી એક આવી બાહાર,
બેઠો હતો જે પર એક ગમગીન સવાર.

દુખી દીલે ઝારીનો કરતો પોકાર,
હતુ તાબુત પહેલુમા સોનેરી ચાર.

કફન રેશમી સોનેરી તાબુત અંદર,
હતુ જેમા એરચનુ રાખેલુ સર.

હાય મારતો રડતો ને લઈ ચેહરો ઝર્દ,
ફરીદુનની પાસ આવ્યો તે નેક મર્દ. ૧૫૪

ઊંચકયો તે તાબુતથી તકતો સહી,
કારણ વાત કોઇએ તે માની નહી.

ઉઠાવ્યુ કફન તાબુતમાથી અગર,
પડયું માલુમ એરચનુ કાપેલુ સર.

ઘોડા પરથી પડયો ફરીદુન ખાક,
તમામ ફખોજે વસ્ત્રો કીધાં ચાકચાક.

ચેહરા તેમણા કાળા થઈ આંખો સુફેદ,
કારણ હતી જોવા કંઈ જુદીજ ઉમેદ.

ફર્યો પાછો શાહ જ્યારે એ હાલથી,
તો લશકરથી પૂછ્યું એસ્તેકબાલથી.

નગારાં ઉંધાં જુન્ડા ફાટેલા સંગ,
ચેહરા નામદારોના અબનુસને રંગ.

કીધા કાળા હાથી નગારાં ઝબર,
ગલી છાંતી કુલ અરબી ઘોડાઓ પર.

પાંઉ પ્યાદું લશકર ને પાંઉ પ્યાદો શાહ,
ધુળ ભર્યા સર સાથે ચાલ્યા તે રાહ.

પુકાર કરતા પહલવાંનો દુખથી ઝબર,
ગોશ્ત પીખતા બાઝુનુ આઝાદ નર.

ન એતબાર કર જગની માયા પર આય,
સીધાપણુ કમાનોમા ઠીક નહી ગણાય.

એમજ ફરેચ આસમાન આપણી ઉપર,
જોનારને જે ખેંચશે દેખાડી ચેહર.

તુ ગણુશે જો દુશમન તો કરશે તે મેહેર,
ને ગણુશે રફીક તો બતાવશે ન ચેહેર.

શીખામણ એક આપુછુ તુને અદીલ,
કે દુન્યાની માયાથી ધો તાહારૂ દીલ,

સેપાહ ઝખ્મી દીલ સાથે હાંય સાથે શાહ.
ધરી એરચના બાગની તર્ફ રાહ,

જશન કીર્યા શાહોની જ્યારે થતી.
તો મુખ્ય જશનની જગા તેજ હતી,

ફરીદુન તે શાહઝાદાનુ સર જવાન.
આવ્યો રડતો પહેલુમા લઈ બેશુમાન,
કીધી તખ્ત પર શેહનશાહી નઝર.
તો જોયુ તે તખ્ત શાહના માથાં વગર,
સરવ શાહી હુઓજ બેદ ને કુલ દેનાર,
સફરચંદના ઝાહાડો જોયાં બેશુમાર.
નાખી ખાક તે તખ્ત પર સર બ સર,
પુગો શોર લશકરનો આસ્માન પર.
મેહેલ બાળતો ચેહરાને પીખતો બેહાલ,
અને રેડતો આંસુ અને તોડતો બાલ. ૧૫૯
કે લોહીના કમરબંદથી બાંધી કમર,
બેઠકનો તેની મેહેલ બાળ્યો ઝબર.
સરવ સરવે બાળ્યાં ઉખેડયો ચમન,
ને બંધ કીધી આંખો ખુશીની તદન.
સર રાખ્યુ ગોદમા એરચનુ મગર,
કીધુ રબ તરફ તેણે પોતાનુ સર.
ને બોલ્યોકે અય દાવરો દાદગર,
નઝર કર આ બે ગુનાહ મર્યા ઉપર.
કપાયલું છે ખંજરથી સર માહારી પાસ,
ને તન તેનુ ખાઈ ગયા છે સીંહો ખાસ.
જીગર બેહુ બેદાદોના બાળ આય,
ન જોય જે બીજુ કંઈ સીયાહ દીન સીવાય.

તુ અંતરના ડંખથી ઘાયલ તેમણે કર,
કે લાવે દરીન્દાંબી રહમ તેઓ પર.

અય રણ દાદગર હુ તુને એજ કહુ,
કે એટલો વખત હુ સલાંમત રહુ.

આ એરચના તુખ્મે જો એક નામવર,
ને જોઉ તેના કીનામા બાંધી કંમર.

કે સર કાપ્યુ જેમ બેગુનાહનુ અગર,
તેમજ કાપે તે બે મુઝીઓના સર. ૧૫૭

અને મોકળે મુજ પાસે તેનીજ મીસાલ,
કરે માહારાં ગમ ભર્યા જીવને ખુશાલ.

કે હુ જોઈ રહુ એજ માફક જેવાર,
શરીર ખાક માપે આ માહારૂ તેવાર.

તુરત આ દુઆઓ શાહનશાહની કુલ,
કે થઈ ગઈ ખુદાવંદ નઝદીક કબુલ.

તો પણ એ વિષે તે હતો બે ખબર,
રહયો જેથી હાય ભર્યો ગમગીં જીગર.

ને એટલો ત્યાં રડયો તે થઇને નીરાસ,
કે નઝદીકમા ઉગ્યું આંસુઓથી ઘાસ.

ઝમીન સેનુ બીસ્તર ને ટકયો છે રાખ,
થઈ ઝાંખી રડવાથી રોશન બે આખ.

તે બંધરાખી દરબાર ને ખુલ્લી ઝબાન,
રડી કેહતો અય નઓજવાં પહલવાન.

નથી પાંમ્યો એમ શાહોંમા કોઈ ગુઝર,
કે જેમ તુ મુવો પહુલવાં નામવર.
પલીદોએ સર કાપ્યુ તુજ બેગુમાન,
કફ્ન થયુ તનનુ સીંહાની ઝબાન.
આંસુ ભરી આંખે રૂહનને પોકાર,
થી લીધી દરીંદાંની ઉંઘ ભુખ અપાર. ૧૫૮
તમામ દેશે દેશોના મરદો ને ઝન,
થયુ એક જગા એકઠુ કુલ અનજુમન.
આંસુ ભરી આંખ લોહી ભર્યાં જીગર,
થી બેઠાં તેના ગ઼મમા થઈ બે સબર.
સીયાહ ને બલુ કીધાં વસ્ત્રો મુદામ,
બેઠા શાહના ગ઼મમા ને સોગમા તમામ.
કીધા એ મીસાલે દીવસ કંઈ પસાર,
ગણુવા લાગ્યાં મોંત જેવી ઝીંદગી અપાર.
ગયો વખ્ત કંઈ કીધી શાહે નઝર,
તે એરચના શાહી ઝનાના ઉપર.
ફરીદુન ઝનાનખાનુ જોઈ વળ્યો જ્યાર,
થયો પરીચેહેરો આગળથી પસાર.
તો જોઈ એક માણીતી નાઝુક અવરત,
જેનુ નામ "માહઆફરીદ" ખુબસુરત.
મેહેર જે પર એરચની બીશ્યાર હતી,
નસીબ સંજોગે તે હમેલદાર હતી.

પરીચેહેરને બચ્ચું હતુ બેગુમાન,
જે જોઈ ખુશ થયો બાદશાહે જહાન.
તે ખુબસુરતથી દીલ ઉમેદ ભર થયું,
પીસરના કીના માટે દીલને કહ્યું. ૧૫૯
જનમનો વખત જો થયો દમ બ દમ,
"માહુઆફરીદ" બેટીનો આપ્યો જનમ.
ટુકી ઉમેદ બાદશાહુની લાંબી તે થઈ,
ઉધારી ખુશી ખુરમી લાડે સવઇ.
લોકો તેને લાગ્યાં ઊછેરવા તદન,
ઊધર્યું બુઝર્ગી અને લાડે તન.
બપાવાનો ગમ તે ભુલાવનાર હતી,
દુઃખ બાદ બેટાના યાદગાર હતી.
તે લાલાને ચેહરાની પગથી તે સર,
સુધી ગોયા એરચ હતી સર બ સર.
થઈ શાદી લાયકની તે નચો જવાન,
પર્વીન ચેહેરો બાલ કાલા ડાંમર સમાન.
પશંગથી બપાએ અદરાવી ખાસ,
ગયો વખ્ત કઇક તેથી પરણાવી ખાસ.
હતો બેટો ભઇનો પશંગ તે જવાન,
અવલાદ જેની ઊંચ તુખ્મથી બે ગુમાન.
હતો તુખ્મે જમશીદથી તે પહલવાન,
શાહી તખ્ત કુલાહ ને લાયક જવાન.

જો નવ માસ ફર્યું બહુ આસમાન,
તો દેખડાવી શુ અચંરતી ધર ધેઆને. ૧૬૦

હુનરમંદ માહતાએ જન્યો પીસર,
હતો લાયક જે તખ્ત કુલાહને નર.
અવતર્યો જેવો મા દયાળુથી ખાસ,
કે લઈ ગયા તેને તુરત શાહની પાસ.
કહ્યુ લઈ જનારે કે અય તાજવર,
આ એરચને જોઇ તાહારૂ દીલ શાદ કર.
જહાં બક્ષના હોઠ હસ્યા અપાર,
ગોયા થયો જીવતો એરચ નામદાર.
બગલમા લીધુ બચ્ચું નામીચું ખાસ,
અને કીધાં ત પાક રબના સેપાસ.
હતે આંખો માહારી થતે કેવુ સુખ,
ને દેખડાવતે યઝદાં મને એનુ મુખ.
જેવી યાદ યઝદાંની તેણે કીધી,
કે અફ્સોસ કરી આંખો પાછી દીધી.
ફ્રીદુન જેવો થયો જોતો અગર,
કે કીધી તે બચ્ચાંના મુખ પર નઝર.
ને બોલ્યો મુબારક હોજો રોઝ આય,
બુરૂ માહારૂ ચાહનારના દીલ ઝખ્મી થાય.
શરાબ લાવ્યો રોશન મુબારક તે જામ,
ખાસ તેનુ રાખ્યુ મીનુચેહેર નામ. ૧૬૧

કહ્યુ પાક મા ને પીદરથી એક હાલ,
પયદા થઈ છે લાયક ને ફલવંત ડાલ.

કર્યો પર્વરેશ એવી રીતે તદન,
કે લાગવાબી દેતો ના તેને પવન.

લઈ ફરતી દાયા જે તેને હસીન,
પગ તેના લાગવા ન દેતો ઝમીન.

કસ્તુરી ચાલવાની જગ્યા ઉપર.
ને રેશમનુ છત્રબી તેણીને સર.

ગયાં સાલ એ માફક કંઈએક મગર,
સેતારાની ચાલે ન પોંહચ્યું ઝરર.

હુતા હુનર શાહોને લાયક મુદામ,
તે શાહ નામદારે શીખવ્યા તમામ.

આવ્યું પાછુ બાદશાહનુ દીલ ને નઝર,
તો એક દીલ બની ફઓજબી મર બ સર.

આપ્યો ગુર્ઝ ભારીને સોનેરી તખ્ત,
ને તાજ અફસરોનુ ફીરોઝા તે વખ્ત.

દીધી ચાવી ગોહરના ગંજની મુદામ,
ઝરીન તખ્ત શમશીર કમરબંદ તમામ.

સરા પરદા રેશમી રગીંન તરેહવાર,
ને વાઘ ચર્મના તંબુઓ બેશુમાર. ૧૬૨

શુ ઘોડાઓ અરબી સોનેરી લગામ,
ઝરીન - મ્યાનની તેગ હીંદી તમામ.

શુ જવ્હેરો કુલાહ રૂમી બખતર તે વખ્ત,
શુ બંદોના ગાંઠ ખુલનારી ચીઝો સખ્ત.

શુ તીરો ખદંગી શુ ચાંચી કમાન,
શુ ઢાલો ચીની જંગના નેઝા તુ માન.

આરાસ્તા ખઝાનો ધરેલો હતો,
ઘણી રંજે એકઠો કરેલો હતો.

તે જોયો મીનુચહરને લાયક મુદામ,
જોયુ દીલ તેના પ્યારે ભર્યું તમામ.

ખઝાનાના દરની તે ચાવીઓ હાથ,
ખઝાનચીને દીધી કુલ અસબાબ સાથ.

તેની ફ્રુઓજના પહલવાનો તમામ,
અને મુલ્કના નામવર નેકનામ.

ને ફર્માવ્યુ તેણે એવી રીતે ખાસ,
કે આવ્યા કીના ભર્યા દીલથી તે પાસ.

દુઆ શાહને લાયક કીધી સર બ સર,
પુખરાજો વધાવ્યાં તેના તાજ પર.

નવાં આ જશનને નવે દહાડે ખાસ,
વરૂ થઈ રહ્યુ સાથી મેંઢાંની પાસ. ૧૬૩

સરદાર જેવો કે કાવેનો "કારન" હોય,
સીપેહસાલાર સીંહની મીસાલે શીરોય.

ગર્દનકશ જેવો જંગી કેરસાસ્પ નામ,
નરીમાનનો નામીચો પહલવાન સામ.

કોબાદ ને ઝરીન કુલાહનો કેશવાદ,
પનાહ દેનાર ગેતીને કંઈ નેક ઝાદ.
તૈયાર કામ લશકરનું સઉ થઈ ગયું,
તો ટોળાંમા શાહનું બુલંદ સર થયું.
પડી તુર સલ્લમને એની ખબર,
કે રોશન થયું તાજ શાહી ઝબર.
મીનુચેહરના કામો પીદરના હેવાલ.
થી વાકેફ થયા જ્યારે બેહુ બદ ખીઆલ.
તો બેહુ બેદાદોના થયો દીલમા ડર,
કે ચાલ્યો સીતારો હવે પડતી પર.
તો બેઠા બેહુ અંદેશા ભર્યા તે મન,
સીયાહ થઈ ગયો ઝુલ્મગારોના દન.
એકાએક વિચાર આવ્યો તેઓને એક,
કે કંઈ કરવો જોઇએ ઇલાજ એનો નેક.
ફરીદુનની પાસ કોઇને મારીને કાજ,
મોકળવો ઘટેચ છે એ એકજ ઈલાજ. ૧૬૪
તે બેહુ જણે શોધ્યો તે મીજલસથી એક,
કે તેઝી ઝબાં પાક દીલ મર્દ નેક.
તે હોશ અકલના શર્મી નરને સહી.
ઘણી દીલગીરી સાથે સઉ વાત કહી.
જો જોઈ લીધી ચઢતીને પડતી અગર,
તો બોલ્યો ખાવરના ખઝાનાનો દર.

મંગાવ્યાં તે ગંજમાથી તાજો ગોહર,
ને સનગારી હાથીની પીઠો ઝબર.

શુ કસ્તુરી કમખાબ અબીર ને દીનાર,
શુ રેશમ ને બાલોના કપડાં અપાર.

તે અસ્બાબ ને હાથીઓ સાથે ઝબર,
કે ખાવરથી ચાલ્યા તે ઈરાંન પર.

ને જે કોઈ હુતા શાહુની દરબારે ખાસ,
નાદર ચીઝો મોકળાવી તેઓની પાસ.

દીલ થયુ ગંજથી જો ફારેગ઼ જેવાર,
તો આવ્યો તઈયાર બની ક઼ાસદ તેવાર.

ફરીદુનની નઝદીક સલ્લમ અને તુરનો પયગ઼ામ.

પેગ઼ામ આવ્યો જ્યારે ફરીદુનની પાસ,
તો લઈ નાંમ રબનુને બોલ્યો તે ખાસ.

હુંમેશ જીવજો બાહાદુર ફરેદુન મુદામ,
દીધોચ રબે દબદબો જેને તમામ. ૧૬૫

રેહેજો તન દુરૂસ્ત અને આબાદ સર,
વધો દરજો આસ્માનોથી ઝયાદા તર.

કે તે બેહુ ગુલામો તરફથી તમામ,
હુ રીત માફક લાવ્યો છુ શાહી પેગામ.

તુ જાણુ બેહુ બદખાહ ને બેહાદગર,
પીદરની શરમથી છે બેહુ ચશ્મતર.

ગુનાહ ભર્યા દીલથી બની પશેમાન,
શોધેચ રસ્તો માફીનો તે બેગુમાન.

કારણુ એવી ઉમેદ તેઓએ ન જોઈ,
કે સાંભળશે બોલેલુ તેઓનુ કોઈ.

તે બોલ્યા અય શાહ કહ્યુચ તેઓએ એમ,
બુરઇ જે કરેચ પામેચ બદલો તે જેમ.

દુઃખી દીલે ગમગીં તેઓ રહેછે કેમ,
રહ્યા છે અય આઝાદ શાહ હમો તેમ.

હમારી આ સરજતમા લખ્યુતુ એજ,
તો રીત માફક સરજતની બન્યુ છે તેજ.

નાશ કરનાર ગેતીના સીંહ ને અઝદાહ,
નથી પાંમતા સરજતના ફાંદાથી રાહા.

વળી બેખતર દેવ પલીદે ઝરૂર,
હમારાં કીધાં દીલ ખુદાઈ ડરથી દુર ૧૬૬

હમો પર અકલ તેની ફાવી ગઇ,
બે મગ્ઝ દાનાઓના જગા તેની થઇ.

ઉમેદ જેથી રાખ્યેચ તુ શાહથી અગર,
કે બક્ષેસ કરે તુ હમારી ઉપર.

હમારો ગુનાહ જો કે છે બહુ ઝબર,
મગર પાયો તેનો છે નાદાની પર.
બીજુ બાહાનુ ગર્દીશ બુલંદ છે સખત,
જે દુખ કોઇ વખત દેય પનાહ કોઈ વખત.
ત્રીજુ દેવ તેઝી ઘોડાની સમાન,
કમર બાંધે છે વચ્ચે કરવાને ઝેયાન.
સરે શાહ કીનાથી બને સાફ આય,
ને ઝાહેર નીયત નેક હમારી જો થાય.
તો લશકરની સાથે મીનોચેહેરને ખાસ,
મોકળવો હમો ખ્વાહેશ કરનારા પાસ.
મીસાલે ગુલામો તેના તાબેદાર,
ઉભા રહીએ તે પાસે છે એ વિચાર.
શજર તે કીનાથી જે ઉગ્યુ છે પાસ,
જેને ધોશુ આંખોના આસુથી ખાસ.
દેવા સેને ઇજ્જત ઉઠાવીશુ રંજ,
સફરથી થશે તાઝો તો દેશુ ગંજ. ૧૯૭
આવ્યો જ્યારે કાસદ તે લઇને પેગામ,
જેનુ ધડ કે પૂછડું હતુ નહી તમામ.
ખઝાનો ને હાથી ને લઈ ગંજ અપાર,
આવ્યો શાહની દરગાહમા થઇને તૈયાર.
ખબર શાહા ફરીદુનને થઈ જે વખત,
તો ફરમાવ્યુ જેથી ત્યાં શાહી તખત.

ને સનગાર્યું કમખાબો ચીનીથી બસ,
ને સનગારી શાહી કુલાહથી સરસ.

બેઠો સર્વ જેમ શાહ ફીરોઝાને તખ્ત,
હતો ફરતો ચંદ્ર તેને સર તે વખ્ત.

કે કાનોમા લોલક ને સાંકળને તાજ,
પેહડી બેઠો શાહોનો હોય જેમ રેવાજ.

મીનોચેહર એક હાથ ઉપર શાહની પાસ,
મુકી સર ઉપર કુલાહ બેઠો તો ખાસ.

ખુઝગોએ સફ ખેંચી બેહુ બાઝુ બસ,
પેહડી તઓક સોનેરી સાંકળ સરસ.

ઝરીન ગુર્ઝ ને કંમરબંદથી ઝરીન,
તમામ કીધી ખુરશેદના રંગની ઝમીન.

હતા બાંધ્યા સીંહ વાઘો એક હાત પર,
બીજે હાથ હાથીઓ જંગી ઝબર. ૧૯૮

બાહાર આવ્યો શાહપુર મેહેલમાથી ખાસ,
લાવ્યો સલ્લમના કાસદને શાહની પાસ.

જોઇ કાસદે શાહની દરગાહ જેવાર,
આવ્યો દોડતો રાહમાથી અંદર તેવાર.

આવ્યો જ્યારે બાદશાહ ફરીદુનની પાસ,
બુલંદ તાજ અને તખ્ત જોયુ જે ખાસ.

ઊચેથી નિચે સર તે આગળ કીધુ,
ઝમીન ઉપર મોંઢાને રગડી દીધુ.

ખુઝર્ગ ગેતીના તે શહનશાહે ચાર,
જગા તેને લાયકની આપી તેવાર.

દોઆ કીધી કાસીદે શાહપર અપાર,
કે ઝેબ તાજો તખ્ત નગીનને દેનાર.

ઝમીન ગોયા ગુલશન છે તુજ તખ્તથી,
હવા રોશન છે તાંહારાં નેક બખ્તથી.

હમો બંદા તુજ પગની રજના તમામ,
હમો તાહારીજ અક્કલથી જીવ્યેચ મુદામ.

દોઆથી કીધુ શાહે મોંહ ખુશ જેવાર,
બોલ્યો શબ્દ માયાના કાસીદ તેવાર.

તે પુર હોશ મર્દે જો ખોલી ઝબાન,
તો ધર્યા તે પર ગેતીના શાહે કાન. ૧૬૯

કેહવા માડયો બેહુ ખુનીઓનો પેગામ,
ને સચ્ચાઈ છુપાવવાને માડી તમામ.

ગુઝર પામેલા બેટાના શાહની પાસ,
પેગામ કહયો બેહુ ઝુલ્મી બેટાનો ખાસ.

હમો છઇએ તુજ પગની રજના ગુલામ,
હુકમને વિચારો પર હાઝર તમામ.

માફી માગવી સઉ બુરાં કામોની ખાસ,
મીનોચેહરને બોલાવવો પોતાની પાસ.

કંમર બાંધવી તે પાસે નોકરીમા સખ્ત,
બુઝર્ગીનુ સોંપવુ તેને તાજો તખ્ત.

કરાવવુ પીદરનુ તેના ખુન મોઆફ,
દીનાર તાજો દીબા કંમરબંદથી સાફ.

કાસીદ બોલ્યો સરદારે સમજી લીધો,
પેગામ તેનો સમજીને ઉત્તર દીધો.

સલ્લમ અને તુરના પયગામનો ફરીદુનનો જવાબ અને કાસીદનુ પાછુ ફરવું.

જો સાંભળ્યો ગેતીના શાહે તમામ,
તે બદ ખ્યાલ બેહુ ફરઝદોનો પેગામ.

તો તે નામી નરને કહ્યું તેણે એમ,
કે ખુરશેદને શકશે છુપાવી તુ કેમ.

ભરમ દીલનો બેહુ મુઝી મેર્દોના તે,
ખુરશીદથી બી રોશન ઝાહેર આવ્યો છે.

સુખન તેં કહ્યા મેં સમજીયા મગર,
જવાબ મુજથી શુ પામશે તુ ધ્યાન ધર.

તુ કહે બેશરમ બેહુ બદકારોને,
નફરા તે બદ બેહેર ગીતમગારોને.

કે બેહુદ બોલવુ નકાંમુ તદન,
નથી બોલતો હુબી એમા કોઈ સુખન.

મીનોચેહર પર આવીચ દયા જો તદન,
તો કયાં છે એરચ નામવરનુ બદન.

જનાવરના મુખમા જે છુપ્યુ રહ્યુંચ,
ને સર નાના તાબુતનુ સાથી થયુંચ.

કે જો તમો એરચથી પર્વાર્યા હાલ,
તો કીધોચ મીનુચેહેરના ખુનનો ખીઆલ.

તમો તેને લશ્કર અને સર ઉપર,
ન જોશો ફોલાદી કુલાહના વગર.

તથા ગુર્ઝ અને જુંડો કાવેચાની સંગ,
ઝમીન ઘોડાની નાલે આસ્માની રંગ.

લડાયક "કારન" જેવા સીપેહસાલાર,
'શાપુર' 'નસ્તુહ' પૂ એઓજોને સંભાળનાર.

તેની આગળ એક હાથે ઉભો રેહનાર,
'શીરૂય' જેવો કરનારો સીંહનો શીકાર. ૧૭૧

"તલીમાન" ને "સર્વેયમન" જેવા શાહ,
ચાલાક તેની સાથે હરોલમા સેપાહ.

જે ઝાડ ઉગ્યુચ એરચના કીનાથી માન,
ધોવશ તેના હુ લોહીથી ફળ અને પાન.

જેથી હાલ સુધી કીનોલીધો ન આય,
કારણ કે ઝમાનો થયો નહીં સહાય.

ન ઠીક થતે પોતાના બેહુ બેટા સાથ,
અગર જંગમા જો હુ લંબાવતે હાથ.

તે ઝાડ કે જે દુશ્મને નાખ્યુચ ખણી,
જેમાથી ઉગીચ શાખ ફળવંત ઘણી.
તે આવશે ગુસ્સા ભર્યાં સીંહ જેવો નર,
પીદરના કીનામા કસ્રીને કંમર.
ને કેરસાસ્પ જમનો નરીમાનનો સામ,
ને નામદારો ઇરાનના સાથે તમામ.
ફઓજ લાવશે એકથી બીજે કોહ તલક,
જગા ઘેરી પગ તળે લાવશે ખલક.
બીજું તેઓ કહે છે કે દીલ શાહે સાફ,
કીનાથી કરીને ગુનાહ કરવો માફ.
કારણ ગર્દીશે એવી હાલત કીધી,
અકલ ગઈ દયા બદલે કુરતા લીધી. ૧૭૨
સમજી ચુકયો નાલાયક અરઝી એ હુ,
તે ગ઼મ ભર્યા જહાંન્ગુએ કહેલુછે શુ.
કે બી વાવ્યુ છે જેણે ઝુલ્મોનુ છેક,
તે જોશે ન ખુશ બેહેસ્ત કે રોઝ નેક.
માફી મળવી હોય પાક રાહથી અગર,
તો કેમ રાખોચ ખુને બીરાદરનો ડર.
અકલમંદ રવાંન માફી માગી ફરેચ,
કારણ તે ગુનાહનો અંદેશો કરેચ.
નથી શર્મ યઝદાંની તમને સુદામ,
ઝબાં શીરી પણ મેલુ દીલ છે તમામ.

બદીનો એ બદલો જોશે બેહુ જહાન,
ન એ વાત રેહશે છુપી જાવીદાન.
ત્રીજુ એ હાથી દાંતનુ તખ્ત આજ,
મોકલ્યા મસ્ત હાથી ફીરોઝાનુ તાજ.
તો શુ એ ગોહરોની ઠેલીઓ લઉ,
ને કીનો વિસારીને ખુન છોડી દઉ.
શુ ઝર માટે વેચુ સરે તાજદાર,
એ તાજો તખત મર્તબાપર ધીકાર.
તેજ વેચે ઝર માટે કીમતી આ સર,
જે અઝદાહ તુખમથીબી હોય બદ બશર. ૧૭૩
કે લોક બોલે ઝર માટે વાહલા પીસર,
નો વેચે છે જીવ ઝઇફ થયલો પીદર.
નથી પરવા મુજને એ ઝરની તદન,
એ વાત ઉપર કયાંસુધી બોલુ સુખન.
આ જ્યાંસુધી છે ઝઈફ જીવતો પીદર,
ન ત્યાંસુધી છોડશે કીનાની કંમર.
પયગામ મેં સાંભળ્યો તુ સાંભળ જવાબ,
ને લઈ ધ્યાનમા હ્યાંથી જા તુ શીતાબ.
સુની વાત કાસીદે તે પુર ગઝબ,
મીનોચેહરની જોઈ લીધો બેસવાની ઢબ.
ગયો ફીકકો મારી તે ધ્રુજતો અપાર,
જગાથી ઉઠી થયો જલ્દી સવાર.

બુલંદ દરજેના તે નરે કીધો કયાસ,
બનાવ જાણ્યા ઊંચ બુદ્ધીથી શાહે ખાસ.
કે તુર અને સલ્લમને ફરતુ આસ્માન,
વિચારોના વમળમા નાખશે આસાન.
ફીકરમંદ દીલ સાથે સમજેલા હાલ,
આવી લાગ્યો મુકતા પવનની મીસાલ.
મુલક તે જણાયો ખાવરનો જેવાર,
તો જંગલમા તંબુ જોયા બેશુમાર. ૧૭૪
જ્યાં બેઠો હતો બાદશાહે ખાવર,
આવી લાગ્યો તે તંબુમા સર બ સર.
તંબુ રેશમી નાખ્યો હતો બુટ્ટાદાર,
જગા ખાનગી રાખી હતી જેમા યાર.
કે બે દેશના બે શાહો કરતાતા ખ્યાલ,
કહ્યું તેમણે કે એલચી આવ્યો છે હાલ.
આવી લાગો દરબાન તેજ વખ્ત ખાસ,
ને કાસદને લઇ ગયો બાદશાહની પાસ.
જગા નવી તે માટે કીધી તૈયાર,
ખબર નવા શાહની પુછી બેશુમાર.
દરેક વાતોની પુછી ખએશ ખબર,
શાહીતાજની તખ્તની સર બ સર.
શહનશાહ ફરીદુન ને લશ્કર તણી
પહલવાનો જંગી ને કીશ્વર તણી.

મહરબાની રાખનાર મીનોચેહર ઉપર,
તે ગર્દીશની ચાલ માટે પુછયુ દીગર.

કે કોણ છે બુઝર્ગ કોણ વઝીર કહીદે તુ,
ખઝાનચી છે કોણ ને ખઝાનો છે શુ.

તેના કોણ અને કેટલા સરદાર છે,
ને કોણ નામ જંગમા ઉઠાવનાર છે. ૧૭૫

બોલ્યો કાસદ જેણે વસંત રૂતનો બાહાર,
ન જોયો હોય તે જુવે શાહની દરબાર.

આનંદ ગોયા બેહેશ્તમા દેનારી યકીન,
છે ખાક જ્યાંની અંબર ને ઈંટો ઝરીન.

બુલંદ ભાગ મહલનો ગોયા આસમાન,
છે હસ્તો ચેહેરો ઊંચા બેહેશ્તના સમાન.

ન કોઈ પાહાડ તે મેહેલની ઉચાઇનો,
ન કોઈ બાગ મયદાનની પોહલાઇનો.

હુ મેહેલ નઝદીક જઈ પોંહચ્યો તેના અગર,
જોયુ વાત કરતુ સીતારાથી સર.

કે એક હાથે હાથી બીજે હાથ શેર,
લાવ્યો તખ્ત નીચે ગોયા ગેતી ઝેર.

હાથીઓની પીઠ ઉપર સોનેરી તખ્ત,
નરે સીંહોની તઓક ગોહરની સખ્ત.

નગારચી ઉભા હતા હાથીઓ પાસ,
હરેક તર્ફ કરનાએના આવાઝો ખાસ.

મયેદાન આવ્યુ જોશમા જણાતુ અપાર,
ઝમીન આંસમાનોથી કરતી પુકાર.
ગયો જ્યારે તે નામવરની હુ પાસ,
બુલંદ તખ્ત જોયુ ફીરોઝાનુ ખાસ. ૧૭૬

હતો તેપર એક માહ મીસાલેનો શાહ,
જેને સર નુરી યાકુતોની કુલાહ.
ગુલાબ જેવો ચેહરો કપુર જેવા બાલ,
સુલેહ ભર્યું દીલ ઝબાં શીરીં ખુશાલ.
તેથી ડર ઉમેદ ભર્યું ગેતીનુ દીલ,
થયો ગોયા શાહ જીવતો જમશીદ અદીલ.
મીનોચેહર બુલંદ સર્વ માફક ખુશાલ,
હતો દેવબંદ તેહમુરસની મીસાલ.
બેઠો હતો શાહના સીધા હાથ પર,
ગોયા બાદશાહનો તે જાનો જીગર.
લોહારોમા જંગનો પ્રવીન પુર હોનર,
હતો કાવેનો તેની સનમુખ પીસર.
જેનુ નામ "કારન" સીપેહદાર છે,
જે જંગી ને લશકરનો તોડનાર.
વઝીર "સર્વ" શાહેયમન શાહની પાસ,
કેરસાસ્પ ખઝાનચી છે બાદશાહનો ખાસ.
ડાબે હાથ કેરસાસ્પ જગ નામવર,
હતા પાસ બે તેના જંગી પીસર.

નરીમાન જંગીને સાંમે સવાર,
જે હાથી ને સીંહાને તાબે કરનાર. ૧૭૭
ગળે સાંકળો કાને બાલી તમામ,
પેહેડી ઉભા રૂમીને ચીની ગુલામ.
તે સરવે જણા થઈને તૈયાર ખાસ,
ઉભા હતા કેરસાસ્પની જેઓ પાસ.
જગાથી હીલે ગર જહાં પહલવાન,
ટકી નહી શકે જંગમા સારી જહાન.
તે જંગીની સનમુખ કોણથી જવાય,
જેનો ગુર્ઝ સો મનથી ઝયાદા કેહવાય.
મારે ગુર્ઝ જંગમા ઝમીન પર યકીન,
તો ડર ખાય ગેતી ને ધ્રુજે ઝમીન.
શુ તે પાસે લોંકડી દરીંદાંકે શેર,
શુ એક ચાકે ત્રણસો લડાયક દીલેર.
લઈ તેગ ઉભોતો નરીમાનનો સામ,
જે કીનામા લોહી રેડેચ હર થામેથામ.
ખઝાનાના દરનો નથી પાર કોઈ,
બુઝર્ગી એવી જગમા કોઇએ ન જોઈ.
હતી ફઓજ બેહુ તર્ફ તે મેહેલ પાસ,
ઝરીન ગુર્ઝ કુલાહ ઝરીન સાથ ખાસ.
તે લશ્કરી કાવેનો "કારન" જવાન,
હરોલમા સીપેહસાલારે "આવાગાન." ૧૭૮

"શીરોય" જંગી ફાડી ખાનાર ગોયા શેર,
શાપુર મસ્ત હાથી સીસાલે દીલેર.
નગારાં બાંધેચ હાથીની પીઠ ઉપર,
તો ધુળથી હવા થાય છે કાળી જબર.
જો હ્યાં જંગ કરવા તે ફઓજ આવી જાય,
તો પાહાડ થાય મેદાન મેદાન પાહાડ થાય.
કીના ભર્યાં દીલ ભવાં પુર ગુસ્સે છે,
નથી રાખતા ખાહેશ સીવાય જંગ તે.
ફરીદુનથી સમજેલુ ને જોયલુ ખાસ,
કહ્યુ સઘળુ કાસીદે તેઓની પાસ.
બેહુ ઘાતકી મર્દોના દીલ દુખથી ખાસ,
કે ઘબરાયાં આવ્યો મોંઢાપર ફીકાસ.
બેઠા તે ને મસ્લહતો ચાલી રહી,
પણ કંઈ તેનુ ધડ પુછડુ આવ્યુ નહી.
પછી ઝઇફ સલ્લમને તુરે કહ્યુ,
હવે આપણુ આરામો સુખ ના રહ્યુ.
આવો નામવર શુ રહે બેહુનર,
કે હોય જેનો મુરશદ ફરીદુન અગર.
નબીરો બપાવાનો હોય સલ્લાહકાર,
તો થઈ જાય નવુ જુનુ કંઇબી તેવાર. ૧૭૯
કરવી જોઇએ જંગની તૈયારી તમામ,
ઢીલ બદલે કરવી ઉતાવળ મુદામ.

ન થાય એમ કે તેઝ બને આ નરે શેર,
ના બચ્ચાના દાંતો ને થાય તે દીલેર.

સવારોને ફ્ઓજમાથી ચુંટી લીધા,
સેપાહ ચીન ખાવરના ભેગા કીધા.

હોહા જેથી તે મુલ્કમા થઈ ગઈ,
રવાના સારી ફ્ઓજ તે તર્ફ થઈ.

એવી ફ્ઓજ કે ના જેનો અંત હુતો,
ખુર એજ સીતારો ન બળવંત હુતો.

તુરાનથી બે લશ્કર નીકલ્યાં તૈયાર,
કે થઈ કુલાહ બખ્તરમા સજ બેશુમાર.

ખઝાનાને હાથીઓ સાથે અપાર,
થયા કીના માટે બે ખુની સવાર.

આવી લાગ્યુ લશકર જો ઈરાંનની પાસ,
ને ઢંકાયાં પાહાડોને જંગલો ખાસ.

તો થઈ ફ્રીદુનને તુરત એ ખબર,
કે ફ્ઓજ આવીચ જેહુનની આ બાજુ પર.

તો ફ્રમાવ્યુ એમ કે મીનોચેહર શાહ,
સરહદ પરથી મયદાંને કાઢે સેપાહ.

કીધુચ જગ અનુભવી શાહે બયાન,
જો હોય નર પનોતાં કદમનો જવાન.

તો નહીં ધાર્યું પૂંદામાં મેંઢું ફ્સેચ,
પુઠે ચિત્તો આગળ શીકારી ધસેચ.

ધીરજ હોશીયારી અકલેને વિચાર,
લાવેચં મસ્ત સીંહનેબી ફંદામા ચાર.

બીજુ એકે બદકરણીના બદ શખસ,
નુ તન શેવટ નાશ પામેછે કોઈ દીવસ.

લેવા બદલો ત્યારેજ કરૂ હુ વિચાર,
કે જોઉ ફટકો મારવાને હુ છુ તેયાર.

કહ્યુ મીનોચેહરે સરઅફ્રાઝ શાહ,
તુ સામે કોણ આવી શકે કીનાખાહ.

સીવાબદ ઝમાનો બુરૂ ઇચ્છે આય,
મે જીવ તનથી પોતે અલગ પડવા ચ્હાય.

પેહરુ છુ હુ બખ્તર રૂમી આજ અંહી,
જેના ગાંઠ તન પરથી છોડીશ નહી.

કરશ ઉથલ પાથલ કીનાને મેદાન,
ઝમીન પરથી ફુળ પુગશે જઈ આસમાન.

તે ફઓજમા હુ નહી ગણુતો મર્દાને જંગ,
કે જે કોઇબી આવી લડે માહારી સંગ. ૧૮૧

મીનોચેહરનું સલ્લમ અને તુરની લડાઇ માટે લશ્કર લઇ જવું.

બાહાર કાઢ્યા તંબુઓ શાહી તમામ,
મેદાન કાઢયો ઝુંડો મુબારક મુદામ.

ટોળે ટોળાં લશ્કરના ચાલ્યાં પુરહોશ,
મેદાન પાહાડે ખાધો દર્યા માફક જોશ.

ફરમાવ્યુ તેણે જેથી જંગી "કારન,"
સરહદ પરથી મયદાને પડયો તદન.

સીયાહ થઈ ધોળે દહાડે ધુળથી જહાન,
ગોયા થયો ખુરશેદ બલુ રંગ સમાન.

પુકાર ઉઠયો તે મુલ્કમાથી ઝબર,
જેથી તેઝ કાંનના થયા બેહેરા નર.

મયદાન અંદર અરબી ઘોડાના પોકાર,
નગારાંથી ઊંચા નિકળ્યા અપાર.

પેહેલવાંનોની છાવણીથી બે માઇલ તક,
કે સફ હતી બેહુ બાજુ હાથીની જક.

ઝરીન તખ્ત હતાં સાઠની પીઠ પર,
તે સોનામા જડ્યાંતા કંઇએક ગોહર.

અસબાબ હતો ત્રણસોની ઉપર તમામ,
છસો હતા જંગ માટે હાઝર મુદામ.

તેમજ બખ્તરવાળા અનેક નામવર,
ચાલ્યા સાથે લઈ ગુર્ઝ ભારે ઝબર. ૧૮૨
દ્દીલેરોએ કુલ સીંહ મીસાલે કમર,
હતી બાંધી એરચના કીના ઉપર.
હરોલમા હતો ઝુંડો કાવેયાની સાથ,
હતી ભુરા રંગનીબી તલવારો હાથ.
બખ્તર તળે ઢંકાયા આંખો શીવાય,
ન કોઇ ભાગ લોઢાંથી બાહેર જણાય.
બાહાર માર્યો શેહેનશાહનો તંબુ ઝબર,
"તમ્મીશે"થી મયદાને ચાલ્યુ લશ્કર.
શીપેહસાલાર "કારન" કીનો રાખનાર,
હતા લાખ ત્રણ જેટલા જંગી સવાર.
તે બખ્તરના પેહેરનારા સઉ નામવર,
લઈ ચાલ્યા સાથ ગુર્ઝ ભારે ઝબર
મીનોચેહેર જંગી "કારન" સાથે ચાર,
નીકળ્યો તે 'નારવન'ના જંગલથી બાહાર.
ફ્રેઓજ આગળ આવી થયો તે પસાર,
ખેંચ્યુ લશકર મયદાનોમા બેશુમાર.
કેરશાસ્પને ફ્રેઓજની મુકયો ડાબે હાથ,
જમને હાથ સામ જંગી કોબાદ સાથ.
તમામ લશ્કરે ખેંચી સફ સર બ સર,
"સરવ" સાથ જંગમા ઉભો મીનોચહર. ૧૮૩

પ્રકાશતો તે સઊમા જોયા માહતાબ,
પ્રકાશે જેમ અલ્બુર્ઝ પર આફતાબ.
સરદાર જેવો "કારન" જંગી જેવો સામ,
તલવાર ખેંચી કીનાની ફૂઓજે તમામ.
કોબાદ સાથે જાસુસ હુરોલ રાહમા,
અવલાદે "તલીમા" કમીન ગાહમા.
હતુ લશ્કર કન્યા પરણુતી મીસાલ,
નગારાના શોર અને શેરો વિકાલ.
ખબર પોંહચી સલ્મ અને તુર પાસ,
કીધીચ તૈયારી કીના ખોરોએ ખાસ.
જંગલમાથી મયદાને ખેંચીછે સફ,
ને ખુન ભર્યા દીલથી લબો પર છે કફ.
તો બે ખુની લઈ જંગી લશ્કર તમામ,
કીનાભર્યા સર સાથે ચાલ્યા મુદામ.
લશ્કર ખેંચ્યુ જંગના મયદાંને તેવાર,
હતા મર્દાને મર્દ જંગી સવાર.
એકાએક કોબાદ આવ્યો જાસુસ મગર,
પવન માફક તુર દોડયો થઈ જો ખબર.
કહ્યું તેણે જા તુ મીનુચેહર પાસ,
ને કેહ બે પીદર શાહ નવાને તુ ખાસ. ૧૮૪
કે એરચથી અવતરીચ બેટી જેવાર,
તો આપ્યુ કોણે બખ્તર ગુર્ઝો તલવાર.

કહ્યું તેણે હા હું પોંહચાડીશ પેગામ,
જે બોલ્યો છે તું ને લીધુંછે જે નામ.

પણ લાંબો વિચાર થશે જેવારે ખાસ,
ને અકલથી દીલ તાહારૂં કરશે જો ક્યાસ.

તો જાણશે તું હદથી વધુ છે આક્રામ,
ને ડરશે બદ કામોથી તાહારાં તમામ.

દરીન્દાં તમો પર રડે દહાડો રાત,
તો તેમા નથી કોઈ અજાએ જેવી વાત.

કે "નારૂવન"ના જંગલથી તે ચીન વેરૂ,
છે જંગી સવારો ને કીનાના શેર.

ભુરા રંગોની તેજ તલવારો હાથ,
ને જોશો જો કાવેયાની ઝુંડની સાથ.

તો મરૂઝ અને દીલ ડરથી ફાટશે તમામ,
ન જાણશો છે ઊંચઈ યા નીચઈ મુદામ.

મુબારક કોબાદનું કહ્યું સમજી લઈ,
દીધો નહીં જવાબ ચાલ્યો દીલગીર થઈ.

કોબાદ આવ્યો તેજ વખ્તે બાદશાહની પાસ,
કહ્યું તે લડાયકથી સમજેલું ખાસ. ૧૮૫

મીનોચેહર હસ્યો ને બોલ્યો તે આય,
કે નહી બોલે કોઈ એવું મુર્ખ સીવાય.

શુકર બેહું જહાનના તે દાદારનાં,
છુપ્યાં અને જાહેર પરૂઆનારના.

જે જાણેચ મમાવો એરચ પ્યારો છે,
મુબારક ફરીદુન ગવાહ માહારો છે.
જોંકાવીશ હુ જંગમા જો સર માહારૂ હાલ,
તો ઝાહેર થશે માહારી અવલાદો આલ.
મેહેરો માહના સાહેબના દબદબા સાથ,
દેખાડીશ તેને એક એવો માહારો હાથ.
ટોપાં થશે આંખોના નિચે ઉપર,
દેખાડીશ હુ લશ્કરને ધડ વિણા સર.
મુબારક પીદરનો કીનો તેથી લેઉ,
ને બાદશાહી તેની તારાજ કરી દેઉ.
થયુ તેના કેહવાથી ખાણુ તૈયાર.
શરાબ વાજીંત્રોનો હુકમ કીધો ત્યાર.
સીયાહ થઈ જો રોશન જહાંન આય ખાસ,
તો શખ્યા તલાયા મેદાન આસ પાસ.
હચેલ હતો લશ્કરની જંગી "કાસ્ન,"
સલાહકાર હતો સર્વ શાહે યમન. ૧૮૯
પુકાર કરવામા આવ્યો લશ્કરની પાસ,
કે ત્મય નામી મહલવાનો બાદશાહના ખાસ.
તમો જાણો છે જંગ એહરેમનની એ,
જે દુશમન ખુદાવંદે આલમનો છે.
બાંધી રાખજો કંમરને રેહજો હુસ્યાર,
પનાહમા રેહજો સર્વે યઝદાંની યાર.

લડાઈમા આ જે કોઈ કે માર્યો જશે,
ગુનાહોથી 'થઈ' પાક બેહેશ્તી થશે.

કે લશ્કરે રૂમ અને ચીનનુ જણુન,
જે કોઈ રેહશે કીનાનાં મયદાને ખુન.

જાવીદાન રેહશે તે સઉ નેકનામ,
સુબેદોના નુર સાથે રેહેશે તમામ.

ઝરૂર પાંમશે બાદશાહુથી તે તાજો તખ્ત,
સરદારોથી ઝર યઝદાથી નેક બખ્ત.

સુફેદ હ્હાડાનો પોહોર ઝાહેર જો થાય,
ને દીવસના બે ભાગ સુરજ ઉપર જાય.

તો પેહલવાની બાંધજો કંમર હાથોહાથ,
કે ગુર્ઝ અને કાબુલી ખંજરની સાથ.

જગા સાચવજો બોત પોતાની તમામ,
જગાથી ન પગ મુકતા આગળ કોઈ થામ. ૧૮૭

દીલેર બુર્ઝગો ફઓજી સરદારો ખાસ,
સફ ખેંચી સીંહ જેવા સરદાર પાસ.

અવાઝ મારી બોલ્યા જીંયેચ જ્યાં તલક,
ગુલામ શાહના જગમા છીયે ત્યાં તલક.

હુકમ આપશે કરશુ હમો તે મીસાલ,
ઝમીન કરશુ જેહુન નદી ખુનથી લાલ.

જેવા બાહદુર સરદારો બોલી રહ્યા,
કે સીંહ માફક તે જગાએથી બયા.

પાછા ફર્યા તેઓ તંબુને મુકામ,
કીના ભર્યાં દીલ સાથે આવ્યા તમામ.

સલ્લમ અને તુરની લડાઇ માટે મીનોચેહરનું લશ્કર સમારવું અને કેરશાસ્પના હાથ ઉપર શીરૂયનું માર્યા જવું.

જગાથી બાહાર આવી રોશની જમી,
કંમર રાત અંધારીની અંદર નમી.
ત્યારે કલ્બગાહથી મીનોચેહર શાહ,
ઉઠયો તેગ બખ્તર અને લઈ કુલ્લાહ.
કીધો શોર કુલ લશ્કરે દમ બ દમ,
ને ઉઠાવ્યા નેઝાઓ વાદળની ગમ.
ભવાં વળથી ભર્યાં ગુસ્સાભર્યાં સર,
થી ગોયા લપેટી ઝમીનને ઝબર.
ડાબી જમણી વચલી બાજુ પાંખ પર,
ઘટતુ લશ્કર મુકયુ શાહે સર બ સર. ૧૮૮
ઝમીન ગોયા આબ ઉપર કીશ્તી જો થઈ,
ને જંગ માટે કરતી શીતાબી જણાઈ.

શંખ ફુકયા હાથીની પીઠ ઉપર જયાં,
ઝમીન હીલી નીલના દર્યા માફક ત્યાં.
નગારચીઓ હાથીની આગળ તેવાર,
કે સીંહ માફક કરતાતા જોશો પુકાર.
રણુ સીંગડા કરનાએના શોરે અતી,
ખુશીની એક મીજલસ જણાતી હતી.
એક પાહાડ માફક જગ્યાથી નીકળી ગયા,
બેહુ લશ્કરથી શોર ઘર પકડના થયા.
થયુ જંગલ ખુનના તે દર્યા મીસાલ,
ગોયા લાલા ઉગ્યા ઝમીન ઉપર લાલ.
થયા મસ્ત હાથીના પગ ખુને તર,
ગોયા થંભ ઉભા પરવાળાના ઝબર.
પહલવાન હતો એક શીરૂય જેનુ નામ,
સર અફરાઝ બાહદુર લડાયક તમામ.
આવ્યો તુર્કીમાથી ગોયા કોહ ઝબર,
આજેઝ તેના ડરથી થયા શેરે નર.
નેગાહ કરી "કારને" જોયો જેવાર,
કે હાથ નાખી કીનાની ખેંચી તલવાર. ૧૮૯
શીરૂયે પુકારી ગોયા શેરે નર,
માર્યો નેઝો જંગીની કંમર ઉપર.
થયુ ડરથી કારનનુ દીલ નાસીપાસ,
ઉભો રહી ન શકયો દેલાવરની પાસ.

સરદાર સામની ગઈ નઝર જેવી ખાસ,
વાદળ માફક મારી પુકાર દોડયો પાસ.

શીરૂયે નીગાહ કીધી ચિત્તા મીસાલ,
દોડયો જંગી પાસ જંગ માટે ખુશાલ.

માર્યો ગુર્ઝ એક સામના સર ઉપર,
કમળા જેવુ મોંહ થયુ સામનુ ઝબર.

ખોખરાં કીધાં નામવરના કોલાહને સર,
ને હાથ નાખ્યો કીનાની શમશીર ઉપર.

તે બેહુ સરફરાઝ જંગી પહલવાને ખાસ,
કીધાં મોંઢાં પોતાના લશકરની પાસ.

તે મફ આગળ આવ્યો પવન જેવો યાર,
મુબારક મીનોચેહરને કીધો પુકાર.

કે છે તાહારો પહલવાંન જે સીપેહસાલાર,
જેને કહેછે કેરશાસ્પ દુન્યાં જીતનાર.

લડાઇમાં જો માહારી તે આવે અગર,
પેહડાઉ લાલાના રંગનુ બખ્તર ઝબર.

ઇરાનમા હરીફ માહારો નહીં તે સીવાય,
મુજ સામે તેથીબી ઉભુ ના રેવાય.

નથી માહારો હમસર ઇરાંનો તુરાન,
મા છે બસ હરીફ માહારો એજ પહલવાન.

સરે તેગ લોહી સીંહનુ પી જાય છે,
દીલેરોના મગ્ઝ માહારો ગુર્ઝ ખાય છે.

કીનો લેવા બાહાર આવેચ શમશીર જખુન,
કરેચ હફ્ત કીશ્વરને દરીયાએ ખુન.
કેરશાસ્પે જેવારે એ સાંભળ્યુ ખાસ,
તો આવ્યો તે ખાવરના જંગીની પાસ.
અવાઝ માર્યો જંગી શીરૂયની ઉપર,
ધુજ્યુ જેથી મયદાંન જંગનુ ઝબર.
બુઢ્ઢી લોંકડી બેહુદા સરની છે તુ,
મનેજ યાદ કીધો સરદારોમા શુ.
આવ્યોચ ઝોર મર્દાનગી દેખડાવા ગર,
તો રડશે તાહારી કુલાહ તાહારીજ ઉપર.
જવાબ દીધો તેજ હુ શીરૂય છુ ઝબર,
ઉખેડુ છુ મસ્ત હાથીના તનથી સર.
આવ્યો દોડી ઘોડો કુદાવી જવાન,
ગોયા પાહાડ ચાલતો થયો બેગુમાન. ૧૯૧
કેરશાસ્પ હસ્યો તેને જોઈ નામદાર,
જોયો તુર્કી શીરૂયે હસ્તાં જેવાર.
શીરૂય બોલ્યો અય ઝોરમંદ કર તુ કયાસ,
ના હસતો લડાઈમાં દીલેરોની પાસ.
કેરશાસ્પે કહ્યું કે ઓ દેવ મર્દ યાર,
હસુ કેમ ન મયદાંને જંગમા આવાર.
કારણુ માગેચ મુજ પાસે આવી તુ જંગ,
જે પર આવેચ હસવુ મને બેદીરંગ.

કહ્યુ તેણે બદ બખતના ઝઈફ શુ,
ઘરાયો છે તાજ અને તખ્તથી તુ.
બાહેશ મુજથી જંગની કીધીચ તેં જબુન,
તો વેહેતુ નદીમા કરૂચ ન્તાહારૂ ખુન.
એ સમજી કેરશાસ્પે ગુરઝ ઝીન ઉપર,
થી ઉંચકી ઘોડાને જો મારી ઠોકર.
માર્યો ગુર્ઝ સર ઉપર ગાવની સુરત,
પડયુ ખાકમા જંગીનુ સર તુરત.
લોટયો ખાકમા ખુનમા થોડી વાર,
નીકળી પડયું ભેજુ તેના સરથી બાહાર.
કીધો મીઠો જીવ ખાક હવાલે સહી,
શીરૂય ગોયા માથી અવતર્યો તો નહી. ૧૯૨
તુરાનના લડાયક દીલેરો અપાર,
કેરશાસ્પ ઉપર ટુટી પડયા તેવાર.
કેરશાસ્પે કીધો કલ્બગાહથી પુકાર,
મેહેરો માહ જેના ડરથી ધ્રુજ્યા અપાર.
કમાનો તીરો તેઝ શમશીર કીધી,
દીલેરોમા કયાંમત વર્સાવી દીધી.
એમ કરતાં રાત અંધારી થઈ શીતાબ,
અને અસ્ત પામ્યો રોશન આફતાબ.
ફતેહ મીનોચેહરની હતી સર બ સર,
કારણ તેપર ગેતી હતી પુર મહર.

એક સરખી ગેતી નથી બારો માસ,
ઝહર કોઈ વખત કોઈ વખત દે મીઠાસ.
સલ્લમ તુરનુ દીલ ગમથી જોશમા અપાર,
આવ્યુ ને કીધો શબેખુનનો વિચાર.
થઇ રાત ન આવ્યુ કોઈ જંગમા તેવાર,
દીલેરોએ બેહુ કીધો દીલનો વિચાર.

તુરનું મીનોચેહરના લશ્કર ઉપર શબેખુન કરવું અને મીનોચેહરના હાથ ઉપર તુરનું માર્યા જવું.

થયો રોશન અરધો દીવસજો પસાર,
ગરમ દીલ થયાં બેહુના કીનાથી ચાર.
કીધી એક બીજા સાથે મસલત અપાર,
અને બેહુદો બહુ ચલાવ્યો વિચાર. ૧૯૩
પડે રાત કરીએ મળી શબેખુન,
મેદાન જંગલ ખુનભર્યું કરીયે જખુન.
પડી રાત અને દહાડો છુપ્યો જેવાર,
અંધારી બની સારી ગેતી તેવાર.

તો લશકરની તઇયારી બેહુએ કરી,
શબેખુન કરવાની ખ્વાહીશ ધરી.
ખબર જાસુસોને મળી જેની ખાસ,
જડપથી ગયા તે મીનોચેહેર પાસ.
સમજેલુ સઉ શાહ મીનોચેહરની પાસ,
કહ્યુ જેથી લશકરને ગોઠવ્યુ ખાસ.
તે સમજી મીનોચેહેરે ખોલ્યા છે કાન,
ઈલાજ તરફ ધસ્યો બાહોશ મર્દ જવાન.
તમામ ફ્ઓજ "કારન"ને સોંપી દીધી,
તે સરદારે લાયક કમીગાહ કીધી.
જંગીઓમાથી નામેવર ત્રીસ હજાર,
ખંજરકશ લીધા નર દીલેરો અપાર.
શોધી તેણે જગ્યા કમીગાહની કોઈ,
જે જંગી સવારોને લાયકની જોઈ.
સીયાહ રાતે લઇ તુર લાખ એક સવાંર,
લડાઇની કંમર બાધી આવ્યો તેવાર. ૧૯૪
કમાન ઉપર ચીલ્લા ખેંચી મુકયા તીર,
શબેખુનનો ખ્યાલ અને કીધી તદબીર.
તે આવ્યો તો જોઈ ફ્ઓજ સાંમી તૈયાર,
નુરી જુન્ડો જોયો ફડકતો અપાર.
તો જંગ સીવા ચારો ન જોયો લગાર,
ને માર્યો તે લશકરની વચ્ચે પુકાર.

સવારોની ધુળથી હવામા વાદળ,
ને વીજ માફક ફ્ઓલાદી તેગોના ફળ.
હવાને ગોયા તેઓ સળગાવતાં,
ઝમીનને હીરા માફક જલકાવતાં.
હથ્યારોનો શોર ઉઠયો મરૂઝે તદન,
નિકળ્યો વાદળમાથી આતશ પવન.
ને એક જગ્યે બેહુ લશકર લડયાં ઝબર,
ગયો શોર ગડબડનો આસ્માન ઉપર.
જંગલ ગોયા ડાંમર સીયાહ રાત અતી,
જહડી તીરોની હર તરફથી હતી.
આવ્યો તુરકી અફસર પવનની મીસાલ,
તો લશ્કરે શમશીરો પકડી ખુશાલ.
જહાંનજુએ "કારને" હાથી મીસાલ,
ઝમીન નીલનો દર્યો કીધી લોહીએ લાલ. ૧૯૫
કીધુ લોહીથી જંગલ નદીની સમાન,
સવારોના શોરે બની તંગ જહાન.
માર કાડ ને ઘભરાટ ને કીનાનો જોશ,
ન ઘોડાને તાકત ન માણસને હોશ.
કમીંગાહથી શાહ બાહાર આવ્યો સહી,
બે બાજુ જવા તુરને જગ્યા ન રહી.
જંગી ફ્ઓજ તેની આજુબાજુ પર,
ગુંઠઈ એક બીજામા હતી સર બ સર.

પુકાર ભારી માર્યો તે મુઝીપર ત્યાં,
કે જંગી સીતમગર ઉભો રહે તુ હ્યાં.
તેં કાપ્યાં છે બીન ગુનેહગારોના સર,
કીનો ગેતી શોધેચ નથી શુ ખબર.
પરીશાં થયો જોયુ તુરે જો આય,
જાણ્યુ બખ્ત બરગશ્તા થઈ ચુકયુ હાય.
લગામ ફેરવી નાહાસવાને લાગો તેવાર,
ઉઠયો ફ્ઓજમાથી હો હા નો પુકાર.
તેવોજ આવ્યો દઓડ઼તો મીનોચેહેર શાહ,
પુઠે નામવર તેની થઇ કીના ખ્વાહ.
ને માર્યો એક નેઝો તેની પીઠ ઉપર,
પડયું તેના હાથોથી નિચે ખનજર. ૧૯૬
હવા માફક ઝીન પરથી ઉંચકી લઇ.
પટકયો ભોંયે મર્દીને દાદ દઈ.
કીધો સરનો તેજ ઘડ઼ી તનથી નીકાલ,
કીધાં તેના તનથી દરીન્દાં ખુશાલ.
હુ નહીં જાણુતો રાખેચ ફલક શુ વિચાર,
જે જીવથી નથી દેતુ કોઇને ક઼રાર.
પાળેચ કોઇને વરસો સુધી તે અગર,
નિગાહ કરતુ નહ઼ી સીવા મીઠી નઝર.
વખત થોડ઼ો રાખેચ તે નરને નચિંત,
પછી તે પર ટુટી પડ઼ે છે ખચિત.

નાખેચ તખ્તથી ખાકમા તે ઝબર,
ન તે વાટે રાખે છે ખ્અોફો ખતર.
ભરૂસો ન ભાઈ તેની માયાનો કર,
ગમે એવી ખુશ ખબરી આપે અગર.
મીનોચેહેર થયો જો ફતેહમંદ બખ્ત,
તો સર કાપી તુરનુ ફર્યો તેજ વખ્ત.
ફર્યો પાછો પોતાની છાવણી મુકામ,
કે જોઈ લીધી ચઢતી ને પડતી તમામ.

ફરીદુનની નઝદીક તુરના સર સાથનું મોકળેલુ મીનો-ચેહરનું નામું.

લખ્યુ નામુ એક શાહ ફરીદુન ઉપર,
હતી જેમા બદ નેક જંગની ખબર. ૧૯૭
પ્રથમ કીધી રબ પર દોઆ બેશુમાર,
સુતુ બખ્ત જેણે કીધુ છે બીદાર.
શુકર ઇન્સાફી રબના કે તે શીવાય,
નથી હાથ ધરતુ કોઈ આફતમા આય.
તેજ રહનુમા દીલ બેહલાવનાર છે,
કાયમ જાવીદાં સુધી રેહનાર છે.

દોઆ બીજી ફરરોખ ફરીદુન ઉપર,
જે છે તાજ ગુરઝોનો ખાવીંદ ઝબર.

દાદ અને દીન દબદબો જેની પાસ,
કે નામ અને શાહી ખઝાનો છે ખાસ.

પાક દીનનો ખુશદીલ જહાંજુએ છે,
ખાવીંદ તખ્ત તાજો નગીનાનો જે.

કે છે રાસ્ત સચ્ચાઈ તેના બખ્તથી,
સીનગાર દબદબો કુલ તેના તખ્તથી.

હુકમથી તે ઇન્સાફી રબના ઝરૂર,
તુજ ઇન્સાફે ગેતી દોઆથી છે પુર.

તુરાન પોંહચ્યો તુજ દબદબાથી અપાર,
લશ્કર ખેંચ્યુ કીનાનો થઈ ઇન્તેઝાર.

થયાં જગ ત્રણ બેદીસમા ઝબર,
શુ રાત્રે કે શુ રઓશન રોઝે મગર. ૧૯૮

તેઓએ શબેખુન કર્યાંગાહ હમે,
કરી કીનો લીધો હમે તે સમે.

તુ શાહાની ફીરોઝગરીથી નામવર,
શત્રુઓના ભેજાંઓ છુદયાં ઝબર.

તે બદકાર બરગશ્તા બદબખ્ત તુર,
સવાર જંગી એક લાખ લઇને ઝરૂર.

મેં સાભળ્યુ કરવા શબેખુનનુ કામ,
લાચારે લીધીચ રાહા ફરેબી તમામ.

તો પીઠ પાછળ કીધી કમીગાહુ મેં ખાસ,
ખાલી હાથ રાખ્યો તેને નાસીપાસ.

ફેરવ્યુ મોંહ જંગથી એકાએક જો ખાસ,
તો હુ દોડી પોંહચ્યો તુરત તેની પાસ.

બખતર ઉપર માર્યો મેં નેઝો ખુશાલ,
ઉંચકી લીધો ઝીન પરથી વાની મીસાલ.

અઝદાહ માફક નાખ્યો મેં નિચે ઝબર,
કાપ્યુ તેના બેકીમતી તન પરથી સર.

મોકળ્યુચ મમાવાની નઝદીક મેં હાલ,
કરૂચ હવે સલ્લમનો ચારો તતકાલ.

ને જેમ કે તે સર શાહા એરચનુ યકીન,
નાખ્યુ ખ્વારીથી તાબુત અંદર ઝરીન. ૧૯૯

ન રાખી શરમ કે ન કીધી મહર,
તો યઝદાંએ તે પર કીધો મને સર.

જીવ કીધો તનથી મેં દુર તેજ મીસાલ,
તેનો મુલક ને ઘર કરશ પાયમાલ.

મોકળ્યુ છે સર નેઝાપર તાહારી પાસ,
ખોલ્યોચ બંદ તુજ દીલના ગમનો મેં ખાસ.

એવુજ બુઢા સલ્લમનુ કામ કરી લઇશ,
વરૂ મેંઢા પર તેમ તેના સર પર જઇશ.

જો દર્યાના ઉંડાણે સલ્લમ જશે,
યા આસમાને તારો સુરઇયો થશે.

કાપશ લાવી ચુંગાલે તન મરથી સર,
કફન સીંહના મોંહનુ કરશ. હુ ઝબર.

વીગત લખી નામામા સરવે જેવાર,
પવન માફક છોડ્યો એક સાંઢણી સવાર.

કાસદ આવ્યો મોંહુ શરમ ભર્યું લઈ,
ફરીહુનની શરમોથી તર આંખો થઈ.

કે કાપેલુ સર ચીનના બાદશાહનુ ખાસ,
કેમ લાવે ઇરાનના શેહેનશાહની પાસ.

ગમે એટલુ ફરઝંદ ફર્યું દીનથી ગર,
પણ મોંત પર તેના ગ઼મ કરેછે પીદર.

ગુનાહ મોટો માફી ન માગી લગાર,
બીજુ નવો જંગી કીનાનો લેનાર.

તે સોખ મોંઢેનો આવ્યો કાસદ જો ખાસ,
સર લાવી તુરતુ મુકયું તેની પાસ.

તો શાહ ફરીહુને મીનોચેહેર ઉપર,
દોઆ ચાહી દાદારની સર બ સર.

તુરના માંર્યા જવાની સલ્લમને ખબર થવી અને "કારને" અલાન કીલ્લાનું હાથ કરવું.

કે સલ્લમને થઈ જો આ જંગની ખબર,
તે માહને અંધારે પડવાની અગર.
થયો ખાઇ ગમ ગેનીથી ગમગુસાર,
રડયો મોંત ઉપર ભાઈના બેશુમાર.
હતો તેની પછવાડે કીલ્લો અબર.
બલુ આસમાને હતુ જેનુ સર.
ચાહ્યું પાછો કીલ્લામા આવે તુરત,
કારણુ ચઢતી પડતીનો છે આ વખત.
કીધો એમ મીનોચેહેરે તે બાદ કયાસ,
સલ્લમ નાહાસે જંગભુમીપરથી જો ખાસ.
"અલાંની" કીલ્લો તેની આરામ ગાહ,
થશે માટે બંધ કરવી જોઇયે છે રાહ.
હ્યુપાસે જો દર્યાઈ કીલ્લામા રહી,
તો પાયો કોઈ જડથી ઉખેડશે નહી. ૨૦૧
કે છે જેનુ વાદળમા ઢંકાયલુ સર,
છે પત્થરનો બાંધેલો પાણી અંદર.

દરેક ચીઝનો ગંજ જ્યાં કીધો છે જમાંવ,
નથી જે પર હોમાના પરનોખી છાંવ.

જવુ જોઇયેચ ચારાને માટે અને,
શીતાબી ઘણી કરવી જોઇયેચ મને.

કહ્યું તેણે "કારન"ને લાવી વિચાર,
હતો કેમકે ભેદ તેથી છુપ્યો અપાર.

સુખન સમજી "કારને" શાહના તમામ,
કહ્યું કે ઓ કીનો ચાહનાર નેકનામ.

સરદારોમા ધ્યાંન શાહનુ પોંહચે અગર,
ને આપે મુજ બંદાને લશ્કર ઝબર.

તો હાથ કરૂ હુ તેના ચારાની કલ,
કારણ ધ્યાં છે જંગ ત્યાં જવાશે સહલ.

મુબારક આ જુન્ડો શહનશાહનો ખાસ,
જોઇશે રાહમા તુરની વીંટી માહારી પાસ.

દાખલ થવા કીલ્લામા લશ્કર ખુશાલ,
એવો ચારો કરવા હુ માગુછુ હાલ.

આ અંધારી રાતે હમણા જાઉ છુ,
એ ભેદ કોઇને હરગેઝબી કેહતો ના તુ. ૨૦૨

કહ્યુ મીનોચેહેરે છે એવોજ વિચાર,
તો જા મેહરબાં તાહારો છે કીરદેગાર.

અબનુસ જેવુ મોંહ થયુ વા નુ જેવાર,
મુકયા ડંકા હાથીની પીઠે તેવાર.

તે નામવરોમાથી સવાર છ હઝાર,
અઝમાવેલા જંગમા ચુંટી કાઢ્યા બાહાર.

તે સરવે લડાયક અને નેકનામ,
ચાલ્યા પાણી બાજુ ઝમીનથી તમામ.

કે જઈ પોંહચ્યા જ્યારે તે કીલ્લાની પાસ,
ગરદનકશ દીલેરો ને જંગીઓ ખાસ.

લશ્કર સોંપી "શીરૂય"ને બોલ્યો "કારન,"
હુ માગુચ પોતાને છુપાવા તદન.

થઈ એલચી જાઉ તે ચોકીબાન પાસ,
દેખાડુ તેને મોહોર વીંટી હુ ખાસ.

જાઉ કરી ચારો હુ કીલ્લા દરમ્યાન,
થશે કામ સરવે પછી સમાધાન.

જઈ કીલ્લા પર જુન્ડો ફડકાવશ હુ,
બનફશાનો રંગ તેગ ચમકાવશ હુ.

તો આવજો કીલ્લા તરફ સરવે સવાર,
ટુટી પડજો એકદમ કરૂ જો પુકાર. ૨૦૩

ચાલ્યો રાખી લશકર તે કીલ્લાની પાસ,
"શીરૂય" સીંહને મારનારાની સાથ ખાસ.

આવી પોંહચ્યો તે કીલ્લા નઝદીક અગર,
તો વાત કીધી જોઈ કીલ્લેદારે મોહર.

કહ્યુ તુર પાસેથી આવ્યોચ ખુશાલ,
હુકમ નથી પલનોબી દમ ખાવા હાલ.

કહ્યુંચ કીલ્લેબાનને તુ કેહેજે શીતાબ,
કે રાત દહાડો કરતો ના આરામો ખ્વાબ.
બદી નેકીમા તુ થજે તેનો ચાર,
નિગેહબાન કીલ્લાનો થઈ રહે બીદાર.
કે મોકળે જો જુન્ડો મીનોચેહેર શાહ,
અને આય કીલ્લાની નઝદીક સેપાહ.
તો કરજો કુશીશ મળી સાથે તેવાર,
ને હ્યાં તક કે કરજો તે લશ્કરને ખ્વાર.
કીલ્લેદારે એ વાત સમજી જેવાર,
ને જોઈ પેલી મોહોર અને વીંટી તેવાર.
ખોલી નાખ્યો કીલ્લાનો દરવાજો સહી,
સુની વાત પણ ભેદ જાણ્યો નહી.
શુ દેહકાન બોલેચ સુખનવર અભેદ,
જેણે દીલ છુપાવ્યુ તેણે જાણ્યો ભેદ. ૨૦૪
કરવુચ આપણને તો પરજ્યાત કામ,
તે સાથે વિચારોબી જોઇયે તમામ.
ભલુ બુરૂ જે હોય થવાનુ તે થાય,
મને કરવુ જોઇયે માહારૂ બ્યાન આય.
"કારન" સાથે તે કીલ્લેદારે જેવાર,
ચઢવા માડયું કીલ્લાપર તુર્તજ તેવાર.
હતો ખાલેસ દીલ એક બીજો બદ વિચાર,
સરદારનુ હતુ ચારામા દીલ તૈયાર.

કીધી ખેશી માફક પરાયા પર મહેર,
બર્બાદ કીધાં મુરખાઇથી કીલ્લો ને સર.
કહ્યુચ જંગી ચિત્તાએ બચ્ચાંની પાસ,
કે અય તેઝી બચ્ચાં હુનરમંદ ખાસ.
વગર જાણુવે કામમા ઉતાવળ ન કર,
તપાસ કર વિચારીને તુ સર બ સર.
ખસુસ કરી જંગને વખત અય બશર,
બીગાના તે નરની મધુર વાત પર.
તેના ફંદથી બીહ તેની જુસ્તજુ કર,
બોલાય બોલ કર તે પર બારીક નઝર.
તુ જો કે ઉતાવળા એક સરદારે ખાસ,
જોખમ ભર્યા કામમા ન કીધી તપાસ. ૨૦૫
દુશમનના ફરેબની કીધી ના તલાશ,
તો એ રીતે કીલ્લાનો કીધો છે નાશ.
ગયો દહાડો તો રાતે "કારને" ખાસ,
માહતાબ જેવો જુન્ડો ઉડાર્યો ચોપાસ.
પુકાર મારી દેખડાવી નીશાનોને,
"શીરૂય"ને ગર્દનકશો પહલવાનોને.
કયાંની જુન્ડો જોયો "શીરૂયે" જો ખાસ,
તો ચાલ્યા તેઓ સઉ તે પહલવાન પાસ.
ગયા ભીતર હાથ કરી કીલ્લાનો .દર,
મુકયાં તાજ લોહીના સરદારોને સર.

"કારન" હાથ એક બીજે "શીરૂય" શીતાબ,
તલવારથી આતશ સર ઉપર નિચે આબ.

ખુરશીદ મધ્ય આસમાને આવી ગયો,
તો કીલ્લો યા કીલ્લેબાં કોઇ ના રહ્યો.

ધુમાડો ફકત દીસતો વાદળને સર,
ન કીલ્લો ન કીશતી રહ્યાં પાણી પર.

આતશની જલક ને પવન ને સવાર,
ઉઠયો દાદ ચાહાનારાઓનો પુકાર.

આવ્યો નુરી ખુરશેદ ઉચેથી નિચાન,
તો સરખાં જાણાયાં તે કીલ્લો મયદાન. ૨૦૬

થયો બાર હઝારોનો તેમા નિકાલ,
ધુઓ થયો આતશનો ડાંમર મીસાલ.

સપાટી થઈ દર્યાની ડાંમરનો રંગ,
ઝમીન બની લોહીની નદી બેદીરંગ.

પનાહ માગવા લાગ્યાં સ્ત્રી બચ્ચાંઓ ખાસ,
ઝારી કરવા લાગ્યાં તે અફસરની પાસ.

માફી બક્ષી નામવર "કારને" તેવાર,
ફતેહમદ બાદશાહના બખ્તે અપાર.

કીનો લેનાર 'કારન' તે જગ્યાથી ખાસ,
આવી લાગ્યો બાદશાહ મીનોચેહેર પાસ.

નવા તરીકાના કહ્યુ શાહાની પાસ,
કીધુ હતુ જંગની ગરદીશથી જે ખાસ.

દોઆ મીનોચેહરે કીધી તે ઉપર,
ન હોજો ઘોડો ગુર્ઝ ઝીન તુ વગર.

"દેઝહુપ્તગંગ"થી ઝોહાકના નબીરા કાકુનું સલ્લમની મદદ માટે આવવું અને તેનું મીનોચેહરના હાથ ઉપર માર્યા જવુ.

થયો જંગી 'કારન'થી શાહા શાદમાન,
તો કહી સંભળાવ્યુ તેણે સરવે બયાન.
કે તુજના જવા બાદ એક કીના ખ્વાહ,
નવી રીતના નામવરની આવી સીપાહ.
તે નામવરની સાથ હતુ લશકર તઇયાર,
ઉઠાવીતી સઉએ કીનાની તલવાર. ૨૦૭
નબીરો જે બાદશાહ ઝોહાકનો થતો,
મેં સાંભળ્યુ 'કાકુ' તે નાપાક હતો.
કીધો એક હુમલો તેણે સો હઝાર,
ગરદનકશ અને નામવર લઈ સવાર.
માર્યા જેણે માહારા દીલેર કંઇક નર,
જે જંગને દીવસ હતા શેરે બબર.

થયોચ હમણા સલ્લમને જંગનો વિચાર,
આવ્યોચ તેનો દેઝ હુખ્તગંગથી કોઈચાર.
બોલેચ લોકો તે દેવ જંગી છે નર,
નાપાક જંગ વખત દસ્તનો છે ખબર.
હમણા સુધી જંગમા અઝમાવ્યો નથી,
દીલેરોના ગુર્ઝે બોલાવ્યો નથી.
આપણ તરફ જંગ માટે આવશે જો ખાસ,
કરી ખ્વાયશ તેની હુ લેવશ તપાસ.
કહ્યુ ત્યારે "કારને" અય શાહરીયાર,
કે કોણ આવે તુ પાસે જંગ માટે યાર.
કાકુ છે કોણ કાકુ શુ ચીઝ અગર,
હરીફ કોઈ નથી તાહારો ગેતીમા નર.
અગર શેર તાહારો હમનબર્દ થાય,
તો જંગમા તેનુ ચર્મ બી ફાટી જાય. ૨૦૮
રનસીંગડાં કર્નાયના ઉઠ્યા પુકાર,
હરોલમા જગા લીધી શાહે તેવાર.
કહ્યુ "કારને" ગેતીના શાહાની પાસ,
કે શુ ઝાહેર યાકે શુ બાતીનમા ખાસ.
હોશ અને હુશ્યાર દીલથી હુ આજ,
કરૂછુ અજબ કામનો આ ઈલાજ.
હ્યાં જંગ માટે "દેઝહુખ્તગંગ"થી સહી,
કાકુ જેવો આવે કમીનો નહી.

ત્યારે બોલ્યો એમ બાદશાહ નામેવર,
કે આ માટે કંઇબી ફીકર તુ ન કર.
હુમલો કરતાં થાકયો હશે તુ વિષેશ,
કે લઈ ફ્રુઓજ કીનાની કરતાં કુશેશ.
લડાઇનો વખત માહારો આવ્યો છે પાસ,
અયૂ જંગી દીલેર તુ વિસામો લે ખાસ.
સવારોની ધુળ ડંકાનો નાદ સંગ,
થી કાળી ઝમીન હુવા ડામરનો રંગ.
તથા ગુર્ઝ નેઝા ને શમશીરો છેક,
થયાં હતાં જીવતાં ગોયા તે દરેક.
શોર ઉઠયો ધર ને પકડનો બુલંદ,
ને થઈ હુવા તીરોથી ગીધોના પૃંદ. ૨૦૯
પંજા લોહીથી તેગ ઉપર બંધઈ ગયા,
ખુની કતરા વાદળથી વરસી રહ્યા.
ઝમીન મોજા મારશે એમ દીસતુ નઝર,
અઠડશે તે મોજા જઈ આસ્માન પર.
ફ્રુઓજ એક બીજા સાથે વળગી ગઈ,
દુન્યા કાળી હબસીના મોંહ જેવી થઈ.
તુરત પહલવાં કાકુ સીંહુની મીસાલ,
દોડયો ફ્રુઓજ નઝદીક દેલાવર ખુશાલ.
હતો ફ્રુઓજ બેહુ વચ્ચે શાહ નામવર,
ચાલ્યો તે જગે કાકુ જંગી ઝબર.

પુકાર મારી બાહાર આવ્યો કાકુ ખુશાલ,
વળગ્યો તે શાહાથી નરે દેવ મીસાલ.
જોયો તેને શાહ મીનુચેહેરે જેવાર,
છેડ્યો સીંહ જંગી મીસાલે તેવાર.
ધસ્યો કાકુ પર તે હુમ્લા સખ્તથી,
વળગ્યો તે દેવને રોશન બખ્તથી.
ગોયા મસ્ત હાથી હતા બેહુ ઝબર,
કીનાથી ખોલ્યા હાથ બાંધી કમર.
માર્યો નેઝો શાહાના કમરબંદ ઉપર,
હીલી જેથી રૂમી કોલાહ તેને સર. ૨૧૦
કંમરબંદ સુધી ફાડ્યું બખ્તર તદન,
લોખંડમાથી દીસ્યુ તેનુ પાક તન.
મારી શાહે ગરદન ઉપર તેગ એક,
ફાટાં જેથી તન પરના કપડા દરેક.
મધ્યાન સુધી બેહુ લડ્યા એ રીતે નર,
કે જગ રોશનઆરા સુરજ આવ્યો સર.
વળગ્યા હતા તેઓ ચિત્તા મીસાલ,
લોહી સાથે ધુળ મેળવી દીધી ખુશાલ.
થયો અસ્ત જેવારે રોશન મહર,
દર્યા પાહાડ઼ જંગલ થયાં લોહીએ તર.
થયાં તે પર લોહી ભર્યા પાહાડો મયદાન,
અને જંગ બેહદ થયુ બેગુમાન.

થયુ શાહાનુ તંગ દીલ તે લડતાંની સાથ,
તો એડ મારી ઘોડાને લંબાવ્યો હાથ.
કમરબંદ તે કાકુનો પકડી ઝબર,
ઉઠાવ્યુ તે ફીલ જેવુ તન ઝીન ઉપર.
ગરમ ખાક ઉપર તેને પટકી દીધો,
સીનો ચાક શમશીરે તેનો કીધો.
થયો તાઝી નર મગરૂરીથી તારાજ,
જનમ્યોતો માદરથી બદ બખ્ત કાજ. ૨૧૧

સલ્લમનું કીલ્લા તરફ નાહાસવું અને મીનુચહરના હાથ ઉપર માર્યા જવું.

મુવો તે તો પીઠ શાહે ખાવરની ચાર.
તુટી ગઈ આવ્યો તેને બીજો વિચાર.
ખાલી કીનાથી તે કીનાખોરનુ સર.
થયું દોડયો કીલ્લા તરફ તે મગર.
તેની પુઠે શાહ મીનોચેહરનું મુદામ,
ખુશાલ થતુ દોડયુ તે લશ્કર તમામ.
મયદાન થયુ મુરદાંઓથી એવું ત્યાં,
ભારી પડયો ચાલનારને રસ્તોબી જ્યાં.

ફીનાને ગુસ્સા ભર્યો નવો સરદાર,
થયે તેઝી ઘોડાની ઉપર સવાર.
પાખર નાખી ઘોડાને ડપટાવ્યો ખાસ,
ઘુસી ફ્રઓજ અંદર ફર્યો આસપાસ.
આવ્યો રૂમના બાદશાહાની નઝદીક જેવાર,
પુકાર્યો કે અય મર્દ સુમ ઝુલ્મગાર.
તાજ ખાતર ભાઈ માર્યો મેળવ્યું તાજ,
હવે દોડેચ કેમ એટલો રાહામા તુ આજ.
ઓ શાહ લાવ્યોચ તુ ખાતર હુ તાજો તખ્ત,
થયુચ હમણા ફળદ્રુપ તે શાહી દરખ્ત.
બુઝર્ગીની કોલાહથી નહીં નાહાસ આજ,
સનગાર્યુંચ તુ માટે ફરીહુને તાજ. ૨૧૨
ફળ ઉગ્યાં તેના તેં જે રોપ્યુ શજર,
તે ફળ હમણુ જોશે તુ તાહારી નઝર.
રોપ્યા છે તાહારાજ જો કાંટા તે છે,
રેશમ છે તો કાંટેલુ તાહારૂજ છે. તે.
તુને બંધ તંગ ઘોરમાં કરશે તે ખાસ,
તો આવશે બદી નેકી સઉ તાહારી પાસ.
એવી વાતો કરતાં દોડાવ્યો રખસ,
એકાએક તેની નઝદીક આવ્યો તે બસ.
ને મારી એક તલવાર ગરદન ઉપર,
બે ટુકડા થયુ શાહી તન તે ઝબર.

ફરમાવ્યુ જેથી સર તે નેઝા ઉપર,
ઉઠાવીને ઊંચે ધર્યું સર બ સર.

લડાયક તે બાઝુને કૌવત મુદામ,
જોઈ થયું લશકરબી હયરત તમામ.

લશકરણીં સલ્લમનુ ગોસપંદ મીસાલ,
થાય બર્ફ તુફાને જેમ પાએમાલ.

તેમ ઉલટી રાહ ચાલ્યુ ટોળાંઓ થઇ,
તે જંગલ ને પાહાડોના ગારોમા જઇ.

હતો એક અકલમંદ ને દાના જવાન,
ભલુ બોલવા જેની હતી પુર ઝબાન. ૨૧૩

કહ્યુ તેને તેઓએ જા જલદી ખાસ,
ફઓજ તર્ફથી શાહ મીનોચેહેર પાસ.

ને કેહે તેને છઇએ હમો તાબેદાર,
હુકમ સીવા ભરસુ કદમ ના લગાર.

કે એક ટોળો છે જનાવરનો ધણી,
ને એક ટોળો ઘરનો ખેતરનો ધણી.

તાકત નથી હમને આ જંગમા ઝબર,
ચાલવુચ હમને શાહાના ફર્માનો ઉપર.

સેપાહ બની આવ્યા લડાઇમા આ ખાસ,
ને નહીં કે કીનાની ધરી કંઇબી આસ.

હમો સરવે બાદશાહાના છઇયે ગુલામ,
તેનીજ મેહેરે ભર્યાં દીલોજાં તમામ.

જો જંગ અને ખુન રેડવાનો હોય વિચાર,
હમો! રાખતા નહીં જંગની તાકત લગાર.
હમો આવ્યા છઇયે તુ પાસે અય શાહ,
તુ જો કે હમો છઇયે સઉ બેગુનાહ.
હતી જે મુરાદ તાહારી આવી તે બર,
હવે છે હમારો તુ શાહ નામેવર.
ચાલાક પેલા મર્દે કીધુ આવી બયાન,
ધર્યા તે પર ગાલેબ તે સરદારે કાન. ૨૧૪
જવાબ દીધો માહારી મુરાદો તમામ,
નાખી ખાકમાંથી ઉઠાવશ હુ નામ.
ખુદાઈ રાહની જેબી નથી ચીજ જ્યાં,
ને બદ ચીજ એહરેમનની રાહની છે ત્યાં.
તે કુલ માહારી આંખોએથી દુર થાઓ,
બદીથી દીલે દેવ રનજુર થાઓ.
અગર છેઓ તમો માહારેથી કીનાવર,
અગર છેઓ તમો માહારા દોસ્તો ઝબર.
મોટાઈ બક્ષી યઝદાંએ મુજને જેવાર,
થયો બેગુનાહ હુ છુટા ગુનેહગાર.
દીવસ દાદનો ગઈ બેદાદી ઝબર,
ખુનોથી છે ખાલી સરદારોના સર.
કે મોહબ્બત એકેકથી વધારો તમે,
હથ્યાર તનથી જંગના ઉતારો તમે.

બનો પાક દીનના અકલમંદ ઝરૂર,
મુસીબતથી પાક અને કીનાથી દુર.
બદીથી કરો હાથ બદના કોતાહ,
ધરો સરવે દાનાઓ દાનઈની રાહ.
જે બાઝુ તમારાં છે ઘર ને ઝમીન,
અગર હોય જો રૂમ યાકે તુર્કનો ચીન. ૨૧૫
અકલ સાથે રેહેજો તે જગ્યા ઉપર,
નેકી હોજો તાકત તમારી ઝબર.
દોઆ કીધી સરદારોએ સર બ સર,
ખરૂ કેહનારા નામવર શાહ ઉપર.
પુકાર એક છાવણીમા ઉઠયો ખરો,
કે અય નેક બુદ્ધીના જંગી નરો.
ન ખુન રેડતા કોઇનુ હવે આય વખત,
ઊંધું વળ્યું છે ઝુલ્મગારોનુ બખત.
કે તે બાદ ચીનના લડાયકો નર,
ઝમીન ઉપર મુકયાં એકક પછી સર.
ને જંગનો સામાન ફઓજી હથ્યારો ખાસ,
લાવી મુકયાં પશંગના બેટાની પાસ.
સામાન ટોળે ટોળાંએ મુકી દીધો,
ને ઢગલો એક ડુંગરના જેવો કીધો.
શુ બખતર કે શુ ગુર્ઝ પાખર હતાં,
શુ કોલાહ કે શુ હીંદી ખંજર હતાં.

સરદાર મીનોચેહેરે નવાઝયા ઝબર,
દીધો મર્તબો સઉને અંદાઝા સર.

મીનોચેહેરનું સલ્લમના માથાં સાથનું નામુ ફરીદુન ઉપર અને તેનું ઇરાનમા પાછુ ફરવું.

તે પહલવાને કાસદ એક કીધો તૈયાર,
સર શાહે ખાવરનુ સોંપ્યુ તેવાર. ૨૧૬
મોકળ્યુ એક નામુ બપાવા ઉપર,
લખી ફન ફરેબની લડઇની ખબર.
દોઆ કીધી અવ્વલ તે યઝદાં ઉપર,
પછી યાદ કીધો તે શાહ નામવર.
ફતેહમંદ ખુદાતાઅલાના છે શુકર,
જેથી છે કુવત દબદબો ને હુનર.
ફરમાન તળે છે તેના બદ અને નેક,
તેના તાબા અંદર છે દુઃખો દરેક.
દોઆ તેથી હોજો ફરીદુન ઉપર,
જે શાહ જગનો હુશ્યાર છે અકલવર.

દેખાડનારો છે છુપા ભેદોનો અખ્ત,
દીપાવનાર બુઝર્ગોના તાજો ને તખ્ત.
બદીના છે બંધોને ખુલનારો નર,
ખુદાઈ દબદબાવાળો ને અક્લવર.
તે બેહુ બંધ શાહાની મદદથી મુદામ,
છોડાવ્યા જાદુગરના હાથથી તમામ.
તે જીવ બક્ષ રબના હુકમથી ઝબર,
હુમે લીધો કીનો ચીની ફઓજ પર.
ને સર કાપ્યાં કીનાની તલવારથી,
ઝમીન ધોઈ છે ફઓલાદી હથીયારથી. ૨૧૭
નથી જગમા રેહેવા દીધો શત્રુ એક,
તુ બાહાદુર ફરીદુનના પરતાપે છેક.
નામા પાછળ આવીશ પવનની મીસાલ.
ને જે કઈ કે બન્યો છે કેહવશ તે હાલ.
મોકળ્યો "શીરુય"ને તે કીલ્લાની પાસ.
જે પહુલવાં હતો મર્દ જહાંજોય ખાસ.
ફરમાવ્યુ તેને લે ખઝાનો ને ઝર,
નિગાહ કરી અકલ મોઆફીક તુ કર.
તે લાધી ઝબરદસ્ત હાથીઓ પર,
ને લઇજા તુ તે નામવર શાહાને દર.
કહ્યું કાંસાંના કુલ નગારાં કરનાય,
સરાપરદા નઝદીક આવી ત્યાર થાય.

દરીયાથી ચલાવ્યા જંગલમા સીપાહ,
ચીની કીલ્લાથી લઇ ફરીદુનની રાહ.
આવ્યો પાછો જેવારે "તમ્મીશહ" પાસ,
બપાવાને થઇ દીદ જોવાની આસ.
અવાઝ થયા કરનાયના દરવાઝા પર,
કરવા માંડી હીલચાલો ફઓજે ઝબર.
હાથીઓની પીઠે ફીરોઝાના તખ્ત,
સનગાર્યાં હતાં ' સરદારે નેકબખ્ત. ૨૧૮
ઝરીન બેઠકો ચીની કપડાંથી ખાસ,
સનગારી હતી ગોંહરોથી ચોપાસ.
હરેક ઝાતના જુન્ડા જલકતા સવઇ,
બલુ લાલ પીળી શુ ઠઠ જમી ગઈ.
"ગીલાન" શેહેરના દર્યાથી વાદળ સીયાહ,
મીસાલ પોંહચી "સારી"મા સરવે સીપાહ.
સોંનેરી કમરબંધ સોંનેરી લગામ,
રૂપેરી રેકાબ ઢાલ ઝરીન તમામ.
ખઝાનાને હાથીઓ હદીયા ધરી,
સામા જવાની તૈયારી સઉ કરી.
આવ્યો જ્યારે બાદશાહ ને લશકરની પાસ,
ચાલવા લાગ્યો પ્યાદો ફરીદુનબી ખાસ.
'ગીલાન'ના લોકો સીંહ મીસાલ શઓકથી,
કસ્તુરીના ગુચ્છા ઝરીન તઓકથી.

શાહ પાછળ ચાલતા ઇરાની ખુશાલ,
દેલાવર હરેક મસ્ત સીંહની મીસાલ.

હરોલમા તે લશકરની હાથીને શેર.
ને હાથીની પછવાડે જંગી દીલેર.

ફરીદુનનો જુન્ડો જણાયો જેવાર,
મીનોચેહેરના લશકરે સફ ખેંચી ચાર. ૨૧૯

સરદાર નવો પ્યાદો થયો રક્ષથી,
નથી રીતનુ ફળ'તે નવાં વક્ષથી.

ઝમીન ચુમી કીધી દોઆ સર બ સર,
કુલાહ તાજો તખ્તા નગીના ઉપર.

ફરીદુનના કેહવાથી બેઠો તે નર,
લઈ બોસો હાથ ફેરવ્યો મુખ ઉપર.

મુકામે પોહચી એકને મોકલ્યો ત્યાં,
તે સામેસવાર પાસે કે આવ હ્યાં.

કીધી સામથી ઝહ્‌પ શાહે ઝીકર.
કે અય સાલારે અનજુમન નામવર.

તમામ દીવસ માહારા થયા છે પસાર,
ફરતુ ચક્ર આસમાની ફરીયુંચ અપાર.

સીધુ સરવ આ વાંકુ વળ્યું છે સખત,
સદા સાથ રેહેતો નથી નેક બખત.

જે ઝાહાડ અનજુમનમા બુલંદ સર કરેચ,
તો તેજ તખ્ત તાજોને લાયક ઠરેચ.

તે બોલ્યો નબીરો આ સોંપુચ તને,
કારણ કે જવુંચ ગેતીથી આ મને.
મદદગાર થજે હર રીતે નામવર,
એવુ કરજે કે ઝેબ દે તુજ હુનર. ૨૨૦
તુરત ગેતીના શાહે મેળવ્યો હાથ,
જહાં પેહેલવાનના તે હાથોની સાથ.
તેજ વખ્ત મોંહ કીધુ આસમાન પર,
કે રાસ્ત બોલનારા દાવરો દાદગર.
તુ બોલ્યોચ હુ દાવરો દાદાર છુ,
દુઃખીઓના દુઃખનો મદદગાર છુ.
તેમજ દાદ આપી મદદ તેં કીધી,
મને તાજ અને મોહોર બક્ષી દીધી.
યા રબ પુરો કીધો તેં દીલનો અરમાન,
તો લઇજા હવે મને તુ બીજી જહાન.
હુ માગતો નથી તંગ ગેતીમા આય,
વધુ માહારો જીવ એવી ધીલમા રખાય.
ખઝાનાની સાથે "શીરૂય" નામદાર,
આવ્યો શાહાની દરગાહમા થઇને તૈયાર.
ખઝાનો બખશ્યો તે લશકરને બસ,
હતા મેહેર મહીનાના દીન બાકી દસ.

ફરીદુનનું મીનોચેહેરના સર ઉપર તાજ મેળવું અને તેનું મરણ પામવું.

ફરમાવ્યુ તેણે જેથી શાહ મીનોચહૅર,
કોલાહ પેહેરી બેઠો ઝરીન તખત પર.
તાજ મુકયુ હાથે તેના સર ઉપર,
દીધી વસીયતો નસીહતો બહુ ઝબર. ૨૨૧
એમ કરતાં દહાડો નસીબ તંગ થયાં,
પાન શાહી જાહાડના સુકાઈ ગયાં.
હરેક વખત રડતો હતો ઝારો ઝાર.
અને કરતો ગમમા દીવસો પસાર.
છોડયું તાજ અને તખતબી તેણે ખાસ,
માથાં મુકયાં ત્રણ શાહાઝાદાઓના પાસ.
ને ખ્વારીથી રડતો હતો તે ઉપર,
અને બોલતો એમ બાદશાહ નામેવર.
દીવસ તંગ થયો મુજ અને સીયાહકાર,
દીલઅફરોઝ દીલસોઝ આ ત્રણથી અપાર.
જે ખ્વારીથી માર્યા ગયા માહારી પાસ,
મુરાદ માફક દુશમનની કીનામા ખાસ.
એવીજ રીતે બદ ખસલતો બદ ચલન,
થી પોંહચેચ બદી જવાંનો પર તદન.

જો નહીં માન્યુ ફરમાન માહારૂ અગર,
તો થઈ ગ઼મભરી ગેતી આ ત્રણુ ઉપર.

ખુન ભર્યું દીલ ગાલો બેહુ આંસુ તર,
હ્યાં તક કે આખર ઘડી થઇ ઝબર.

ગુઝર્યો ફરીદુન રહ્યુ નામ અમર,
જોકે વખ્ત કંઈ થઈ ગયો એ ઉપર. ૨૨૨

છે નેકનામી સચ્ચાઇ ભલાં સર બ સર,
બદીમા નફો કોણે જોયો પીસર.

શાહી તાજ મુકયું મીનોચેહેરે સર,
કમરબંધ ખુન ભર્યો બાંધ્યો કમર.

શાહી રીત મુજબ બાધ્યુ દોખમુ સંગીન,
જેમા પત્થર આસમાની નક્કર ઝરીન.

તખ્ત હાથીદાતનુ ત્યાં મુકયુ સુંદર,
ને લટકાવ્યુ તાજ એક તેના તખ્ત પર.

વીદાય કરવા ચાલ્યા આગળ દમ બ દમ,
મુજબ પાક દીનની આ રાહો રસમ.

કીધો બંધ શાહાના તે દોખમાનો દર,
ગયો રડતો જગથી તે થઈ ખ્વાર નર.

એક હફતો મીનોચેહેર રહયો પુર દર્દ,
આસુભરી આંખો અને મોંઢુ ઝર્દ.

રહયો હફતો એક સોગ઼મા શેહેરીયાર,
રહ્યાં સોગ઼મા જેથી શેહેરો બઝાર.

અય ગેતી તુ છે હાય અફસોસ તમામ,
નથી અકલમંદ તાહારેથી ખુશ મુદામ.
જોઉ છુ જેવારે હુ આય તાહારાં કામ,
તો અફસોસ ને ગમમત દેખાય છે તમામ. ૨૨૩

દરેકને તુ પાળે છે પ્રેમે ઝબર.
શુ નાના કે શુ કોઇબી મોટી ઉમર.
આપ્યુ પાછુ માગેચ જો તુ દમ બ દમ,
પરવાજુ યા ખાક તેનો તુને શુ ગમ.
અગર તુ હોય નોંકર અગર શેહેરીયાર.
દુન્યાં તાહારો દમ છુટો પાડેચ જેવાર.
તો લાગણી ને અગપણ છે સ્વપના મીસાલ,
ન દીલને લુભાવ રેહેવા અંમર ખુશાલ.
ભલો તે કે નેકી જેથી યાદગાર,
અગર હોય તે નોકર અગર શેહેરીયાર.
કીધો એક હુકુંતા તેઓએ પસાર,
તેની માતમમા સોગ રાખી અપાર.

ભાગ ૧ લો
સમાપ્ત.

શબ્દ કોષ.

કોહ—પર્વત.
કાકુમ—સફેદ નોળીઓ.
કુર્દી—અરબની એક ઝાત.
ગુઝંદ—આઝાબ, દુખ, રંજ.
ચરીન્દાં—ચો પગાં જાનવર.
ઝાગ—કાગડો.
તઝર્વ—રાંણી મરઘો.
દીલપઝીર—દીલ જીતનાર.
દરીન્દાં—ભયંકર પ્રાંણી.
દીગર—બીજો.
દશ્તે ગોર્દાં—જંગીઓનું મયદાન.
દશ્તે નેઝાવરાંન—નેઝામારનારાઓનુ મયદાન.
દશ્તે યલાંન—પહલવાનોનુ મયદાન.
પરીન્દાં—પાંખવાલાં પક્ષી.
બેદ—નેતરનુ જાહાડ.
રાઝ—ભેદ.
લાઝવાલ—વગર દુખનો.
સર્વ—સરવનુ જાહાડ.
સર્વ--શાહેયમન.
સરતાપા--માથાથી પગસુધી.
સેપાસ--શુકરાના, બંદગી.
સંગી--પત્થરનો.
સંગ--પત્થર.
સમુર--ગરમ બાળવાળાં એક જાનવરનુ નામ.
સેતારેશીનાસ--સેતારાની ગણત્રીનો કરનાર.
સોહયલ--સીતારાનુ નામ.
હુંમાયુન--મુંબારક.

આ શાહનામુ મી૰ રૂસ્તમજી નવશેરવાનજી માસ્તર ઉર્ફે આદીલે મુંબઇ તારવાડી ચીરા બજાર, ઘર ના. ૧૦ મધે લખી અને ત્યાંથીજ પ્રગટ કર્યું છે. અને મી૰ દીનશાહ એદલજી કરકરીઆએ પોતાના મુંબઇ ગ્રાંટરોડ ટ્રામ ટરમીનસ રણછોડદાસ બીલ્ડીંગમાં આવેલાં માણેક પ્રિન્ટીંગ પ્રેસમાં એઓને માટે છાપ્યું છે.